અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

24 DECEMBER-2025 WEDNESDAY | Vol. : 17 | Issue : 173 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ


» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3 

બાંગ્લાદેશ હાઈ કમિશને ભારતમાં વિઝા સર્વિસ રોકી : સુરક્ષા કારણોનો હવાલો આપ્યો

4 
એક મિનિટમાં જીવનબદલાતું નથી,પરંતુ એક મિનિટ વિચારી ને લીધેલો નિર્ણય આખું જીવન બદલવાની ક્ષમતા ધરાવે છે

6 
'ધુરંધર'ના ગીતમાંથી તમન્ના ભાટિયા રિજેક્ટ થઈ હતી

7 
સોના-ચાંદીના ભાવે તમામ રેકોર્ડ તોડ્યા : ચાંદી 10 દિવસમાં ₹30,000 મોંઘી થઈ


## જર્મનીમાં રાહુલ ગાંધીનું મોટું નિવેદન

# બંધારણ ખતમ કરવા માંગે છે ભાજપ, સંસ્થાઓ પર કબજો કર્યો

### ભાજપ દેશના બંધારણની મૂળભૂત ભાવનાને ખતમ કરવાનું કાવતરું ઘડી રહ્યું છે અને લોકશાહીની સ્વાયત્ત સંસ્થાઓ હવે સ્વતંત્ર રહી નથી

**નવી દિલ્હી, તા.23**

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ જર્મનીના પ્રવાસ દરમિયાન ફરી એકવાર કેન્દ્ર સરકાર અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે. બર્લિનની હર્ટી સ્કૂલમાં વિદ્યાર્થીઓને સંબોધતા રાહુલે આરોપ લગાવ્યો હતો કે, 'ભાજપ દેશના બંધારણની મૂળભૂત ભાવનાને ખતમ કરવાનું કાવતરું ઘડી રહ્યું છે અને લોકશાહીની સ્વાયત્ત સંસ્થાઓ હવે સ્વતંત્ર રહી નથી.' કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પોતાના સંબોધનમાં ભારપૂર્વક જણાવ્યું કે, 'ભારતની લોકશાહી સંસ્થાઓ પર ભાજપે સંપૂર્ણ કબજો કરી લીધો છે. CBI અને ED જેવી




એજન્સીઓનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ થઈ રહ્યો છે. આ એજન્સીઓ માત્ર વિપક્ષી નેતાઓને નિશાન બનાવી રહી છે, જ્યારે ભાજપના નેતાઓ સામે કોઈ કાર્યવાહી થતી નથી. ભાજપ રાજ્યો, ભાષાઓ અને ધર્મોની સમાનતાના વિચારને નષ્ટ કરવા માંગે છે. હરિયાણા અને મહારાષ્ટ્રની ચૂંટણીઓ પર ફરી એકવાર શંકા વ્યક્ત કરતાં રાહુલ ગાંધીએ દાવો કર્યો કે, 'હરિયાણાની ચૂંટણી અમે જીત્યા જ હતા, પરંતુ મતદાર યાદીમાં બ્રાઝિલિયન મહિલાનું નામ હોવા જેવી અનેક ગેરરીતિઓ જોવા મળી હતી. અમે જ્યારે ચૂંટણી પંચને આ બાબતે પ્રશ્ન પૂછ્યો, ત્યારે તેમણે કોઈ જવાબ આપ્યો નથી.' આ ઉપરાંત તેમણે મહારાષ્ટ્રની ચૂંટણીઓને પણ 'અન્યાયી' ગણાવી હતી.

વૈશ્વિક રાજકારણ વિશે વાત કરતાં રાહુલે કહ્યું કે, 'ભારતને અગાઉ અમેરિકાના પ્રભુત્વનો ફાયદો થયો હતો, પરંતુ હવે અમેરિકા લશ્કરી અને આર્થિક પડકારોનો સામનો કરી રહ્યું છે. ભારત રાજ્યોનો સંઘ છે અને કોઈ એક વ્યક્તિ આખા દેશનું ભવિષ્ય નક્કી કરી શકે નહીં. ભાજપ ચર્ચામાં માનતું નથી, જે લોકશાહી માટે ખતરો છે.' કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના આ નિવેદનો પર ભાજપે આકરી પ્રતિક્રિયા આપી છે. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રદીપ ભંડારીએ 'X' પર લખ્યું, 'રાહુલ ગાંધી કહે છે કે જો લોકો અંદરો-અંદર લડશે, તો ભારત નિષ્ફળ જશે. શું ભારતને પ્રેમ કરનાર કોઈ ભારતને નિષ્ફળ જોવા માંગશે? રાહુલ ગાંધીની કોંગ્રેસ, તેના વૈચારિક માર્ગદર્શક જ્યોર્જ સોરોસ સાથે, ભારતીય લોકશાહીમાં અરાજકતા અને અશાંતિ ઈચ્છે છે.'

## કાકા-ભત્રીજા અને બે ભાઈઓ ફરી એક થશે! મહારાષ્ટ્રના રાજકારણમાં મોટી હલચલ

**મુંબઈ, તા.23**

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર મોટા ઉલટફેરના સંકેતો મળી રહ્યા છે. રાજ્યની 29 મહાનગરપાલિકાઓની ચૂંટણીનો જંગ જામ્યો છે ત્યારે ખાસ કરીને મુંબઈ અને પુણેમાં નવા રાજકીય સમીકરણો આકાર લઈ રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સત્તા મેળવવા માટે વર્ષોથી અલગ પડેલા પરિવારો અને કટ્ટર હરીફ ગણાતા પક્ષો જૂના વિવાદો બાજુ પર મૂકીને ફરી હાથ મિલાવી શકે છે. 15 જાન્યુઆરીએ યોજાનાર આ મતદાન પહેલા દિગ્ગજ નેતાઓની આ નિકટતાએ રાજ્યના રાજકીય તાપમાનમાં ધરખમ વધારો કર્યો છે.



પુણે અને પિંપરી-ચિંચવડ મહાનગરપાલિકામાં ભાજપને રોકવા માટે શરદ પવાર અને અજિત પવારના નેતૃત્વ હેઠળની બંને NCP એકસાથે ચૂંટણી લડે તેવી પ્રબળ શક્યતા છે. આ અંગે બંને જૂથો વચ્ચે બેઠકોનો દોર શરૂ થઈ ગયો છે અને ટૂંક સમયમાં ગઠબંધનની સત્તાવાર જાહેરાત થઈ શકે છે. જો 'ચાચા-ભત્રીજા' (શરદ અને અજિત પવાર) ફરી એક મંચ પર આવશે, તો પુણેનું રાજકીય ચિત્ર સંપૂર્ણ બદલાઈ જશે.

બીજી તરફ, મુંબઈમાં શિવસેના (UBT)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે અને મનસે (MNS) પ્રમુખ રાજ ઠાકરે વચ્ચે પણ ગઠબંધન લગભગ નક્કી મનાઈ રહ્યું છે. બંને પક્ષો વચ્ચે બેઠકોની વહેંચણી અંગેની ચર્ચા અંતિમ તબક્કામાં છે. રાજ ઠાકરેએ તમામ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ જાહેરાત કરવાનો આગ્રહ રાખ્યો છે. લાંબા સમય બાદ બંને ભાઈઓ ચૂંટણી મેદાનમાં સાથે ઉતરે તેવી પૂરેપૂરી શક્યતા છે.

સત્તાધારી 'મહાયુતિ'(ભાજપ-શિવસેના-NCP અજિત પવાર જૂથ)માં પણ બેઠકોની વહેંચણીને લઈને મુંબઈમાં મહત્ત્વની બેઠક યોજાઈ રહી છે. દાદર સ્થિત ભાજપ કાર્યાલયમાં યોજાનારી આ બેઠકમાં ભાજપ તરફથી આશિષ શેલાર, અમિત સાટમ અને શિવસેના(શિંદે જૂથ) તરફથી ઉદય સામંત અને રાહુલ શેવાળે જેવા નેતાઓ સામેલ થશે. જોકે, આ બેઠકમાં અજિત પવારનું જૂથ સામેલ થશે કે કેમ તે હજુ સ્પષ્ટ થયું નથી.

શરદ પવાર જૂથની NCP શિવસેના(UBT) સાથે જશે કે કોંગ્રેસ સાથે, તેનો નિર્ણય આજે મુંબઈમાં સુપ્રિયા સુલે અને અન્ય વરિષ્ઠ નેતાઓની બેઠકમાં લેવામાં આવશે. રાજ્યની 29 મહાનગરપાલિકાઓ માટે 15 જાન્યુઆરી, 2026ના રોજ મતદાન થવાનું છે, ત્યારે આ નવા ગઠબંધનો મહારાષ્ટ્રના રાજકારણમાં નવી દિશા નક્કી કરશે.

## 'પ્રિયંકાને PM બનાવો, પછી જુઓ તે બાંગ્લાદેશને કેવી રીતે જવાબ આપે', કોંગ્રેસ સાંસદનું મોટું નિવેદન

**નવી દિલ્હી, તા.23**

કોંગ્રેસ સાંસદ ઈમરાન મસૂદે આજે વાયનાડના સાંસદ અને કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાના વખાણ કર્યા હતા. મસૂદે પ્રિયંકા ગાંધીની તુલના તેમના દાદી અને પૂર્વ પીએમ ઈન્દિરા ગાંધી સાથે કરતા જણાવ્યું કે, 'જો પ્રિયંકા ગાંધી પીએમ બને તો તે ઈન્દિરા ગાંધીની જેમ જ જડબાતોડ જવાબ આપવાની ક્ષમતા ધરાવે છે.'

ન્યૂઝ એજન્સી સાથેની વાતચીતમાં ઈમરાન મસૂદે ભાજપ પર પ્રહાર કરતા કહ્યું કે, શું પ્રિયંકા ગાંધી અત્યારે વડાપ્રધાન છે? એકવાર તેમને વડાપ્રધાન બનાવીને તો જુઓ, પછી ખબર પડશે કે તેઓ ઈન્દિરા ગાંધીની જેમ કેવો(જડબાતોડ) જવાબ આપે છે. તેઓ પ્રિયંકા ગાંધી છે, તેમના નામ પાછળ 'ગાંધી' લાગે છે. તેઓ ઈન્દિરા ગાંધીના પૌત્રી છે, જેમણે પાકિસ્તાનને એવો જખમ આપ્યો હતો કે જેનો પીડા આજે પણ પાકિસ્તાન અનુભવે છે. તેમને PM બનાવો પછી જોજો કે તેઓ કેવો વળતો જવાબ આપે છે. તમારામાં તો આવું કરવાની હિંમત પણ નહીં હોય.' મસૂદે વધુમાં એમ પણ કહ્યું કે, 'બાંગ્લાદેશમાં થઈ રહેલી હિંસાના મુદ્દે સૌથી પહેલા પ્રિયંકા ગાંધીએ જ અવાજ ઉઠાવ્યો હતો. ભાજપના એ



આરોપો સાવ ખોટા છે કે પ્રિયંકા ગાંધી માત્ર ગાઝા જેવા આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર જ બોલે છે અને બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર થઈ રહેલા અત્યાચાર પર ચૂપ રહે છે.' તાજેતરમાં બાંગ્લાદેશના મયમનસિંઘ જિલ્લામાં 27 વર્ષીય હિન્દુ યુવક દીપુ ચંદ્ર દાસની ભીડ દ્વારા નિર્મમ હત્યા કરવામાં આવી હતી. કથિત ઈશનિંદાના(કોઈ વ્યક્તિ દ્વારા કોઈ ધર્મ, દેવી-દેવતા, પવિત્ર ગ્રંથો અથવા ધાર્મિક માન્યતાઓનું અપમાન કરવું અથવા તેના વિશે અપશબ્દો બોલવા) આરોપમાં ટોળા દ્વારા તેને ફટકારીને મારી નાખ્યો હતો અને ત્યારબાદ તેના મૃતદેહને ઝાડ પર લટકાવી સળગાવી દીધો હતો. આ ઘટના બાદ પ્રિયંકા ગાંધીએ 'X' પર પોસ્ટ કરી લખ્યું હતું કે, 'ભારત સરકારે પાડોશી દેશમાં લઘુમતીઓ વિરુદ્ધ થતી હિંસાનો મુદ્દો બાંગ્લાદેશ સરકાર સામે મક્કમતાથી ઉઠાવવો જોઈએ.' 'X' પર એક પોસ્ટમાં પ્રિયંકા ગાંધીએ લખ્યું કે, 'બાંગ્લાદેશમાં હિન્દુ યુવક દીપુ ચંદ્ર દાસની ટોળા દ્વારા કરાયેલી ક્રૂર હત્યાના સમાચાર અત્યંત ચિંતાજનક છે. કોઈપણ સભ્ય સમાજમાં ધર્મ, જાતિ કે ઓળખના આધારે થતો ભેદભાવ, હિંસા અને હત્યા એ માનવતા વિરુદ્ધનો અપરાધ છે. ભારત સરકારે પાડોશી દેશમાં હિન્દુ, ખ્રિસ્તી અને બૌદ્ધ લઘુમતીઓ સામે વધી રહેલી હિંસાની નોંધ લેવી જોઈએ અને બાંગ્લાદેશ સરકાર સમક્ષ તેમની સુરક્ષાનો મુદ્દો મક્કમતાથી ઉઠાવવો જોઈએ.'

## શ્રીનગરથી જમ્મુ સુધી સુરક્ષા, 80 ગામોમાં ઘરે-ઘરે સર્ચ

### ઘૂસણખોરી રોકવા માટે કાશ્મીર પોલીસ-સેનાનું સંયુક્ત ઓપરેશન, ઉધમપુરમાં આતંકવાદી દેખાયા બાદ કાર્યવાહી

**શ્રીનગર, તા.23**

જમ્મુ-કાશ્મીરમાં આતંકી ઘૂસણખોરીની આશંકાઓ વચ્ચે સુરક્ષા એજન્સીઓએ મોટું પગલું ભર્યું છે. સરહદ નજીક આવેલા વિસ્તારોમાં આતંકવાદીઓની ઘૂસણખોરીના પ્રયાસોને નિષ્ફળ બનાવવા માટે સેના, BSF અને જમ્મુ-કાશ્મીર પોલીસે સંયુક્ત રીતે સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. આ સર્ચ ઓપરેશન સરહદી વિસ્તારના 80થી વધુ ગામોમાં ચલાવવામાં આવી રહ્યું છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગુપ્તચર ઈનપુટ મળ્યા હતા કે આતંકવાદી સંગઠનો ગાઢ ધુમ્મસ, ઠંડા હવામાન અને દુર્ગમ વિસ્તારોનો લાભ ઉઠાવીને ઘૂસણખોરીનો પ્રયાસ કરી શકે છે. આને ધ્યાનમાં રાખીને આ મોટું ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.

રિપોર્ટ્સ અનુસાર, રવિવારે મજાલતાના જંગલોમાં ત્યારે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું જ્યારે બે આતંકવાદીઓ એક ઘરમાંથી ભોજન લઈને નજીકના જંગલમાં ભાગી ગયા હોવાના સમાચાર મળ્યા હતા.



આતંકવાદીઓ સાંજે લગભગ 6:30 વાગ્યે ચોરે મોતુ ગામમાં મંગતુ રામના ઘરે ગયા હતા.

જમ્મુ, સાંબા, કઠુઆ અને રાજૌરી જેવા સંવેદનશીલ સરહદી જિલ્લાઓમાં જવાનો ઘરે-ઘરે જઈને તપાસ કરી રહ્યા છે.

સાંબાના બાબર નાલા, પાલોરા, ત્રેયાલ, મનસર અને ચિલ્લા ડાંગા જેવા વિસ્તારોમાં તપાસ કરવામાં આવી રહી છે.

અખનૂર સેક્ટરના પ્રગવાલ અને આસપાસના ગામોમાં પણ સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન તેજ કર્યું છે.


જમ્મુ જિલ્લામાં પંસર, મણિયારી, પહાડપુર, તપ્પન, મરીડ, તરનાહ નાલા, બેન નાલા અને કિશનપુર કાંડી સહિતના અનેક ગામોમાં તપાસ ચાલુ છે.

અમીરાકદલ અને મહારાજા બજારના ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં વિસ્ફોટકો, હથિયારો અને દારૂગોળાની શોધ માટે સ્નિફર ડોગ્સ અને મેટલ ડિટેક્ટર તહેનાત કરવામાં આવ્યા હતા.

એન્ટી-સેબોટેજ ચેકિંગ અને સર્ચ બક્ષી સ્ટેડિયમ નજીકના વિસ્તારોમાં કરવામાં આવી, જે કાશ્મીરમાં પ્રજાસત્તાક દિવસ અને સ્વતંત્રતા દિવસની ઉજવણીનું મુખ્ય સ્થળ છે. લાલ ચોકનો પ્રખ્યાત ક્લોક ટાવર, જે છેલ્લા ચાર વર્ષમાં ટુરિસ્ટ હબ બની ગયો છે, અમીરાકદલથી પણ થોડે દૂર છે, ત્યાં સર્ચિંગ કરવામાં આવ્યું.

ગયા મહિને BSFના અધિકારીએ ખુલાસો કર્યો હતો કે ભારતના ઓપરેશન સિંદૂર પછી નુકસાન સહન કરવા છતાં પાકિસ્તાને ફરી એકવાર જમ્મુ ક્ષેત્ર સામે લગભગ 72 આતંકી લોન્ચ પેડ સક્રિય કર્યા છે. આમાંથી 12 લોન્ચ પેડ સિયાલકોટ અને ઝફરવાલ સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક છે, લગભગ 60 લોન્ચ પેડ LOC નજીક સક્રિય હોવાનું જણાવાયું છે. આ પછી સરહદ પર સુરક્ષા વધુ વધારી દેવામાં આવી છે.

કાશ્મીર ખીણમાં ઘૂસણખોરીના મોટાભાગના રસ્તાઓ વાડ અને આધુનિક દેખરેખને કારણે સીલ થઈ ગયા છે. આને કારણે હાલના વર્ષોમાં આતંકવાદી સંગઠનો જમ્મુ વિસ્તારને વૈકલ્પિક ઘૂસણખોરી માર્ગ તરીકે ઉપયોગ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. જમ્મુ સરહદના કેટલાક ભાગો વાડ વગરના છે અને ભૌગોલિક રીતે સંવેદનશીલ માનવામાં આવે છે.

# મંત્રી નિમુબેને દોરડા ખેંચમાં હાથ અજમાવ્યો : સાંસદ ખેલ મહોત્સવમાં 12 જેટલી સ્પર્ધામાં 14થી લઈને 70 વર્ષ સુધીની મહિલા ખેલાડીઓએ ભાગ લીધો







**ભાવનગર, તા.23**

ભાવનગર શહેરના સિદસર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે ભાવનગર-બોટાદ જિલ્લા કક્ષાની બહેનો માટેની સાંસદ ખેલ મહોત્સવ સ્પર્ધાનો કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણિયાએ પ્રારંભ કરાવ્યો હતો. સાંસદ ખેલ મહોત્સવ સ્પર્ધામાં 14 વર્ષથી લઈને 70થી વધુ ઉંમરના મહિલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. 50-100 મીટર દોડ, ગોળાફેંક, કબડ્ડી, નારગોલ, લીંબુ ચમચી, રસ્સા ખેંચ જેવી 12 જેટલી સ્પર્ધાઓ યોજાઈ હતી.

આ પ્રસંગે કેન્દ્રીય રાજયમંત્રી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું હતું કે, દેશનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ સાંસદ ખેલ મહોત્સવ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. સાંસદ ખેલ મહોત્સવ થકી આજે શહેર, જિલ્લા અને અંતરિયાળ વિસ્તારના યુવાઓની પ્રતિભાને યોગ્ય પ્લેટફોર્મ મળી રહ્યું છે. 1.78 લાખથી વધુ ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કરાવીને રમતક્ષેત્રે અભૂતપૂર્વ રસ દાખવ્યો છે, તે બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા. દિવ્યાંગ ખેલાડીઓમાં રહેલી કુશળતા, કૌવતને બહાર લાવવા માટે સાંસદ ખેલ મહોત્સવ ખુબ જ મહત્વપૂર્ણ બની રહ્યો છે. વિવિધ રમતો થકી દરેક ખેલાડીઓમાં ખેલદિલીની ભાવના વિકસી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું.

કેન્દ્રીય રાજયમંત્રી નિમુબેન બાંભણીયા ખાસ ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહ્યા હતા. ભાવનગર અને બોટાદ જિલ્લાના શક્તિકેન્દ્રો અને અન્ય મથકો પર રમાયેલી આ સ્પર્ધામાં વિજેતા બનેલા પ્રથમ ત્રણ ક્રમના ખેલાડીઓ અને ટીમો જેમાં ગોળાફેંક, 50 મીટર અને 100 મીટર દોડ, કબડ્ડી, નારગોલ, લીંબુ ચમચી, ખોખો, રસ્સા ખેંચ જેવી 12 જેટલી રમતોમાં 14 વર્ષથી લઈને 70 વર્ષ સુધીના 2500થી વધુ મહિલા ખેલાડીઓ જોડાયા હતા અને વિવિધ સ્પર્ધામાં ખેલાડીઓ રમત રમી વિજેતા બન્યા હતા.

વિજેતા ખેલાડીઓને આગામી 25 ડિસેમ્બરના રોજ ઈનામો આપી સન્માનિત કરવામાં આવશે. જ્યારે આ તકે મોટી વયના ખેલાડીઓ પણ સાંસદ અને વડાપ્રધાનનો આભાર વ્યક્ત કરતા કહ્યું કે, આ ઉંમરે પણ રમત રમી અમો અમારું નાનપણ યાદ કરી રહ્યા છીએ. હજુ અમો આવા ખેલ મહોત્સવ થકી તાજગી સાથે આંનદની અનુભૂતિ કરી રહ્યા છીએ. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં રાજકીટ અને સામાજીક આગેવાનો હાજર રહ્યાં હતાં.

# સુરતની RFO સોનલ સોલંકીનું 48 દિવસ બાદ અમદાવાદમાં મોત

## પત્નીએ પરસ્ત્રી સાથે રંગેહાથ ઝડપ્યો તો RTO ઈન્સ્પેક્ટર પતિએ હત્યા કરાવી દીધી, મિત્ર પાસે રસ્તા વચ્ચે જ ફાયરિંગ કરાવ્યું

**બારડોલી, તા.23**

સુરત જિલ્લાના કામરેજ નજીક જીવલેણ હુમલાનો શિકાર બનેલાં મહિલા આર.એફ.ઓ. સોનલ સોલંકીનું આખરે 48 દિવસની સારવાર બાદ આજે (23 ડિસેમ્બર) સવારે અમદાવાદ સિવિલમાં મોત નીપજ્યું છે. સુરતની હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે ગત 9 ડિસેમ્બરના રોજ તેમને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં તબીબોના અથાગ પ્રયત્નો છતાં તેમની સ્થિતિમાં કોઈ સુધારો થયો નહોતો.

સુરત જિલ્લાના કામરેજ વિસ્તારમાં સોનલ સોલંકી પર અજાણ્યા શખસો દ્વારા ગત 6-11-2025ના રોજ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. પોલીસ



તપાસમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો હતો કે આ હુમલો બીજું કોઈ નહીં, પરંતુ સોનલ સોલંકીના આર.ટી.ઓ. (RTO) પતિએ જ સોપારી આપીને કરાવ્યો હતો. પત્નીએ પતિને પરસ્ત્રી સાથે રંગેહાથ ઝડપ્યો તો પતિએ પત્નીને જ મોતને ઘાટ ઉતારવાનું આ કાવતરું રચ્યું હતું. હાલ RTO ઈન્સ્પેક્ટર પતિ નિકુંજ ગોસ્વામી તેમજ ફાયરિંગ કરનાર જેલમાં છે.

હુમલા દરમિયાન ગોળી સોનલ સોલંકીના માથાના ભાગે વાગી હતી. ઘટના બાદ તાત્કાલિક સુરતની ખાનગી હોસ્પિટલમાં સર્જરી કરીને તેમના માથામાંથી ગોળી તો કાઢી લેવામાં આવી હતી, પરંતુ ગોળીને કારણે મગજમાં થયેલું નુકસાન અતિગંભીર હતું. સર્જરી બાદ પણ તેમની સ્થિતિ ક્યારેય સામાન્ય થઈ શકી નહોતી, જેના કારણે તેમને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવા પડ્યાં હતાં.

અડાજણ વન વિભાગની ઓફિસમાં ફરજ બજાવતાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર (RFO)સોનલ સોલંકી 6 નવેમ્બરની વહેલી સવારે કામરેજ નજીક ઈજાગ્રસ્ત હાલતમાં મળ્યાં હતાં. ઘરેથી અડાજણ જવા નીકળેલાં મહિલા અધિકારીની કાર ઝાડ સાથે ભટકાયેલી હાલતમાં મળતાં પોલીસને જાણ કરાઈ હતી. કારમાં તેમની સાથે પુત્ર પણ હોવાનું જાણવા મળતાં તાત્કાલિક અસરથી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ગંભીર રીતે ઘવાયેલાં RFOને સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. આ સાથે જ બનાવ અંગે પરિવારજનોને જાણ કરવામાં આવી હતી.

સોનલ સોલંકીના નિધન સાથે જ હવે આ કેસમાં પોલીસની કાર્યવાહી વધુ તેજ અને કડક બનશે. અત્યારસુધી પોલીસ દ્વારા 'હત્યાના પ્રયાસ' હેઠળ તપાસ ચાલતી હતી, પરંતુ હવે સોનલબેનનું મોત થતાં પોલીસ આરોપી પતિ અને સંડોવાયેલા અન્ય શખસો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ મુજબ 'હત્યા' નો ગુનો દાખલ કરશે.

આ ઘટનામાં ચોંકાવનારી વિગત એ છે કે જે સમયે સોનલ સોલંકી પર ફાયરિંગ થયું એ સમયે મુખ્ય આરોપી નિકુંજ ઘટનાસ્થળથી માત્ર 5 કિમી દૂર ઊભો હતો. જ્યારે તેના મિત્ર ઈશ્વર ગોસ્વામીએ સોનલ સોલંકી પર ફાયરિંગ કર્યું હતું. પોલીસે ઈશ્વર ગોસ્વામીની પણ ધરપકડ કરી છે.

# બિટકોઈનના નામે વૃદ્ધને લાખોનો ચૂનો લગાડ્યો : વડોદરા પાદરામાં બિટકોઈન રોકાણના નામે 90 લાખની છેતરપિંડી, બે આરોપી સામે ગુનો દાખલ....

**વડોદરા, તા.23**

વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં બિટકોઈનમાં રોકાણના બહાને એક નિવૃત્ત વ્યક્તિને 90 લાખ રૂપિયાની છેતરપિંડી આચરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે બે આરોપીઓ સામે પાદરા પોલીસ મથકમાં છેતરપિંડી અંગેનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ મામલે ફરિયાદી નરેન્દ્રભાઈ અંબાલાલ પટેલ (ઉંમર 69 વર્ષ, નિવૃત્ત), જે વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં રહે છે, તેઓએ નોંધાવેલ ફરિયાદ મુજબ તેમણે આરોપીઓએ 2019ના નવેમ્બરથી 2021ના ઓક્ટોબર સુધીના સમયગાળામાં તેમની સાથે મિત્રતા કેળવી અને વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ બિટકોઈનમાં મોટો નફો મળશે તેવી લાલચ આપીને રોકાણ કરાવ્યું હતું.




આરોપીઓએ આરટીજીએસ અને યુપીઆઈ મારફતે કુલ 70 લાખ રૂપિયા અને નફાના નામે વધારાના 20 લાખ રૂપિયા એમ કુલ 90 લાખ રૂપિયા તેમના ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા. ફરિયાદીના જણાવ્યા મુજબ, આરોપીઓએ આ રકમ કોઈપણ પ્રકારના રોકાણમાં વાપર્યા વગર પોતાના અંગત ખર્ચમાં વાપરી લીધી હતી. લાંબા સમય સુધી પૈસા પરત આપવાની ખાતરી આપ્યા બાદ પણ રકમ ન મળતાં અંતે પોલીસમાં ફરિયાદ નોંધાવવી પડી હતી.

આ કેસમાં આરોપી રોબર્ટ ઈશ્વરભાઈ પટેલીયા (રહે. મકરપુરા રોડ, વડોદરા) અને જોસેફભાઈ બાબરભાઈ સેમ્યુઅલ (રહે. બેંગલોર, કર્ણાટક) સામે ગુનો દાખલ થયો છે. પાદરા પોલીસે આ છેતરપિંડી આચરનાર બંને રૂપિયાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ખેલાડીની રાષ્ટ્રીય સિધ્ધિ : ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સમાં ગુજરાતમાંથી એક માત્ર પ્રગતિ પ્રજાપતિની પસંદગી

**રાજકોટ, તા.23**

ભારત સરકારના યુવા બાબતો અને ખેલ મંત્રાલય તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) દ્વારા આયોજિત દ્વિતીય ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ-2026નું આયોજન આગામી તા. 5 થી 11 જાન્યુઆરી 2026 દરમ્યાન દીવના ઘોઘલામાં આવેલા બ્લૂ ફ્લેગ બીચ ખાતે કરવામાં આવનાર છે. જેમાં ગુજરાતમાંથી એક માત્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ખેલાડી પ્રગતિ પ્રજાપતિની પસંદગી થતા તેને રાષ્ટ્રીય સિધ્ધિ હાંસલ કરી છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડૉ. હરીશ રાબાએ જણાવ્યુ હતુ કે, રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બીચ કબડ્ડી ખેલાડી પ્રજાપતિ પ્રગતિની પસંદગી થઈ



છે. જે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે અત્યંત ગૌરવની વાત છે. આ સ્પર્ધામાં દેશભરના શ્રેષ્ઠ ખેલાડીઓ ભાગ લેશે. બીચ કબડ્ડી એક મહત્વપૂર્ણ સ્પર્ધાત્મક રમત તરીકે સમાવિષ્ટ છે.

પ્રગતિ જે. જે. કુંડલીયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં સેમેસ્ટર-2માં અભ્યાસ કરે છે. આ ઉપરાંત તેમણે વધુમા જણાવ્યું હતું કે, ખેલો ઈન્ડિયા જેવી રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લેવો એ ખેલાડીની મહેનત, શિસ્ત અને પ્રતિબદ્ધતાનું પરિણામ છે. પ્રજાપતિ પ્રગતિ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું નામ દેશભરમાં ઉજાગર કરશે તેવી અમને સંપૂર્ણ આશા છે.

કુલપતિ ડૉ. ઉત્પલ જોશીએ હર્ષ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, યુનિવર્સિટીના ખેલાડીઓ રાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિભા સાબિત કરી રહ્યા છે. જે સમગ્ર યુનિવર્સિટી પરિવાર માટે ગર્વની બાબત છે. ઉલ્લેખનીય છે કે, ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ-2026માં બીચ સોકર, બીચ વોલીબોલ, બીચ કબડ્ડી અને ઓપન વોટર સ્વિમિંગ જેવી સ્પર્ધાત્મક રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# ગોડાદરામાં ભીષણ આગથી ફર્નિચર સહિત 20 ગોડાઉનોમાં કરોડોનું નુકસાન

**સુરત, તા.23**

સુરતના ગોડાદરા વિસ્તારમાં આવેલા દેવધ ગામ ખાતે ગત રોજ મોડી સાંજે પતરાના શેડમાં બનાવવામાં આવેલા અંબિકા ફર્નિચર અને ટ્રાન્સપોર્ટના ગોડાઉનોમાં એકાએક ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં 24 પૈકી 20 જેટલા ગોડાઉનો આગની લપેટમાં આવી ગયા હતા, જેમાં રહેલો કરોડોનો માલસામાન બળીને ખાખ થઈ ગયો છે. સમગ્ર આગ પર 8 કલાકથી વધુ સમય કાબૂ મેળવતા થયો હતો.

મળતી માહિતી પ્રમાણે, ગોડાદરા દેવધ ગામ પાસે આવેલા દેવધ પોલિસ ચોકી નજીક ખુલ્લા પ્લોટમાં પતરાના શેડમાં અલગ અલગ ગોડાઉન આવેલા છે. જે પૈકી અંબિકા ફર્નિચર નામથી ગોડાઉન બનાવવામાં આવ્યું છે. જેમાં સોમવારે સાંજે 6.42 કલાકે આગ લાગી હતી. જોતજોતામાં આગ ફેલાઈને આજુબાજુમાં આવેલા અન્ય ગોડાઉનમાં ફેલાતા ભીષણ બની હતી.

ગોડાઉનના માલિકો તથા સ્થાનિક લોકોમાં ભાગદોડ મચી ગઈ હતી. ઘટનાની જાણ ફાયર વિભાગને કરવામાં આવતા ડુંભાલ, ડિંડોલી, માનદરવાજા, સરથાણા, મજુરા, ભીમરાડ, મોરાભાગળ, અડાજણ, ભેસ્તાન સહિતના 15થી વધુ ફાયર સ્ટેશનોની ટીમ તથા ફાયર વિભાગના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આગની તીવ્રતા એટલી વધારે હતી કે તેને કાબૂમાં લેવા માટે 25થી વધુ ગાડીઓ ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર વિભાગના 100થી વધુ



જવાનોએ ભારે જહેમત બાદ મોડી રાત્રે અઢી વાગ્યે આગ પર અંકુશ મેળવ્યો હતો.

જે જગ્યાએ આગ લાગી હતી ત્યાં તમામ પતરાના શેડ સંપૂર્ણપણે ગેરકાયદેસર ઉભા કરવામાં આવ્યા હતા. આ ગેરકાયદે બાંધકામોને કારણે ફાયરના જવાનોને અંદર પહોંચવામાં અને પાણીનો મારો ચલાવવામાં ભારે મુશ્કેલી પડી હતી. અંતે, મોડી રાત્રે 3 જેટલા જેસીબી મશીનો બોલાવીને પતરાના શેડ તોડવામાં આવ્યા હતા, ત્યારબાદ જ જવાનો આગના કેન્દ્ર સુધી પહોંચી શક્યા હતા.

ફર્નિચર અને ટ્રાન્સપોર્ટના માલસામાનને કારણે કરોડો રૂપિયાનું નુકસાન થયું હોવાનો અંદાજ છે. ગેરકાયદે પતરાના શેડને કારણે આગ બુઝાવવામાં મુશ્કેલી પડી હતી. કુલ 24 ગોડાઉનોમાંથી 20 ગોડાઉનો આગની ઝપેટમાં આવ્યા હતા અને બળીને ખાખ થઈ ગયા છે. ચાર ગોડાઉનને ફાયર વિભાગ દ્વારા બચાવી લેવા આવ્યા છે. સદનસીબે, આ વિકરાળ આગમાં કોઈ જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી, પરંતુ આર્થિક રીતે મોટું નુકસાન થયું છે. તંત્ર દ્વારા હવે આ ગેરકાયદેસર ગોડાઉનો સામે શું પગલાં લેવામાં આવશે તેના પર સૌની નજર રહેશે.

ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર એસ. ડી. ધોબીએ જણાવ્યું હતું કે, ગોડાદરામાં અંબિકા ફર્નિચરમાં કંઈક આગ લાગવાની ફાયર કંટ્રોલને 6.42 એ કોલ મળેલો હતો. તાકીદે ઘટનાસ્થળે ટીમોને રવાના કરવામાં આવેલી. આગની ગંભીરતા પારખીને અન્ય બાઉઝરો, પાણીના ટેન્કરો મંગાવી લેવામાં આવ્યા અને પતરાના શેડ હોય તાકીદે ત્રણ જેટલા જેસીબી મશીન મંગાવી લેવામાં આવ્યા ઝોનમાંથી અને અલગ અલગ પાર્ટીશન કરીને આગને કંટ્રોલમાં લેવામાં આવી છે. 24 જેટલી દુકાનો હતી એમાં ચાર શટરોને બચાવી લેવામાં આવ્યા છે.

# થાર પાછળ 40 મોપેડ સવારોએ ટ્રાફિક નિયમોના ધજાગરા ઉડાડ્યા : અડાજનમાં હેલ્મેટ વગર એક્ટિવા સવારોની રેલીનો વીડિયો વાઈરલ, ટ્રાફિક પોલીસ દ્વારા તપાસ શરૂ....

**સુરત, તા.23**

સુરત શહેરમાં ટ્રાફિક નિયમોના પાલન માટે પોલીસ હાલ લાલ આંખ કરી રહી છે. દરરોજ સરેરાશ 2000થી 2500 જેટલા વાહનચાલકોને ટ્રાફિક નિયમ તોડવા બદલ ચલણ આપી રહી છે. પોલીસની આ આકરી ડ્રાઈવ વચ્ચે સોશિયલ મીડિયા પર એક વીડિયોએ ભારે ચર્ચા જગાવી છે, જેમાં ટ્રાફિકના નિયમોના સરેઆમ ધજાગરા ઉડતા જોવા મળી રહ્યા છે. આ વીડિયો 'રવિ ફાઈટર' નામના સોશિયલ મીડિયા હેન્ડલ પરથી વાઈરલ થયો છે.

વીડિયોમાં જોઈ શકાય છે કે એક સફેદ રંગની થાર ગાડી રસ્તા પર જઈ રહી છે અને તેની પાછળ



અંદાજે 30થી 40 જેટલા યુવાનો એક્ટિવા અને બાઈક લઈને સવાર છે. આટલી મોટી સંખ્યામાં હોવા છતાં, ટોળામાં રહેલા એક પણ યુવાને હેલ્મેટ પહેરવાની તસ્દી લીધી નથી, જે ટ્રાફિક પોલીસની કામગીરીને જાહેરમાં પડકાર ફેંકી રહ્યા હોય તેવું પ્રતીત થાય છે.

સુરતમાં છેલ્લા કેટલાક સમયથી જાહેરનામાનો ભંગ અને ટ્રાફિક નિયમોના ઉલ્લંઘનની ઘટનાઓ ચિંતાજનક રીતે વધી છે. અગાઉ ABVPના સભ્યો દ્વારા નિયમોનું ઉલ્લંઘન હોય કે ડુમ્મસ રોડ પર ઉદ્યોગપતિ દિપક ઈજારદાર દ્વારા વચલા રસ્તે જન્મદિવસની ઉજવણી, આવી ઘટનાઓ સુરત પોલીસની છબી ખરડી રહી છે. આ વાઈરલ વીડિયો પણ તે જ શ્રેણીનો એક ભાગ હોય તેમ લાગે છે, જેમાં નિયમોને નેવે મૂકીને યુવાનો રસ્તા પર નીકળી પડ્યા છે.

આ સમગ્ર મામલો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં ટ્રાફિક વિભાગ પણ હરકતમાં આવ્યું છે. ટ્રાફિક વિભાગના એસીપી એસ. આર. ટંડેલે આ બાબતે ગંભીરતા દર્શાવતા જણાવ્યું હતું કે, આ વીડિયો ક્યાં સમયનો છે અને તેમાં દેખાતા શખ્સો કોણ છે તેની વિગતવાર તપાસ કરવામાં આવશે. સીસીટીવી ફૂટેજ અને વાહનોના નંબરના આધારે આ તમામ તત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવી તેમણે ખાતરી આપી છે.

આ વીડિયો સામે આવ્યા બાદ સામાન્ય નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો સોશિયલ મીડિયા પર કહી રહ્યા છે કે એકલ-દોકલ વાહનચાલક હેલ્મેટ વગર હોય તો પોલીસ તાત્કાલિક દંડ ફટકારે છે, પરંતુ આવા ટોળાઓ સામે પોલીસ કેમ નરમ પડે છે? સુરત પોલીસ આ વીડિયોમાં દેખાતા તમામ યુવાનો સામે દાખલારૂપ કાર્યવાહી કરે તેવી લોકમાગ ઉઠી રહી છે.

# અમરેલીએ ઠંડીમાં નલિયાને પણ પાછળ છોડ્યું : 12 ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર

**અમદાવાદ, તા.23**

ગુજરાતમાં ઠંડીનો પારો ગગડતા શિયાળાની જમાવટ શરૂ થઈ છે, જેમાં ગત રાત્રે 12 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન સાથે અમરેલી રાજ્યનું સૌથી ઠંડુ શહેર નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી 24 કલાક તાપમાન યથાવત રહેશે, પરંતુ ત્યારબાદના ત્રણ દિવસમાં 2-3 ડિગ્રીનો ઘટાડો થતાં ઠંડીનું જોર વધશે.

નલિયાને પાછળ પાડી વડોદરા, રાજકોટ અને દીવ જેવા વિસ્તારોમાં પણ પારો 12થી 14 ડિગ્રી વચ્ચે રહેતા વહેલી સવારે અને મોડી રાત્રે કડકડતી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. હવામાન નિષ્ણાંત ડૉ. ચિરાગ શાહના મતે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને



કારણે ડિસેમ્બરમાં હાડ થીજવતી ઠંડીની શક્યતા ઓછી છે, પરંતુ 4 જાન્યુઆરીથી રાજ્યમાં ઠંડીનું મોજું ફરી વળે તેવી પ્રબળ શક્યતા છે.

રાજ્યમાં અત્યારે ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે, જેના કારણે વહેલી સવારે અને સાંજે ઠંડી અનુભવાઈ રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આવતીકાલથી રાજ્યમાં ઠંડીનું જોર વધશે. આગામી 24 કલાક દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહીં, પરંતુ ત્યારબાદના 3 દિવસમાં તાપમાન 2-3 ડિગ્રી ઘટવાની શક્યતા છે. ગઈકાલે રાત્રે સૌથી વધુ ઠંડી અમરેલીમાં 12 ડિગ્રી સેલ્સિયસ નોંધાઈ હતી. આ વખતે નલિયાને પાછળ પાડી અમરેલી, વડોદરા અને રાજકોટ જેવા શહેરોમાં ઠંડીનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે.

હવામાન નિષ્ણાત ડૉ. ચિરાગ શાહે જણાવ્યું કે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે આગામી દિવસોમાં તાપમાનમાં કોઈ ખાસ બદલાવ આવશે નહીં. જોકે, લઘુત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. ખાસ કરીને 4 જાન્યુઆરીથી રાજ્યમાં ઠંડીનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધવાની શક્યતા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# બાંગ્લાદેશ હાઈ કમિશને ભારતમાં વિઝા સર્વિસ રોકી : સુરક્ષા કારણોનો હવાલો આપ્યો

**નવી દિલ્હી/ઢાકા, તા.23**

બાંગ્લાદેશ હાઈ કમિશને ભારતમાં સુરક્ષા કારણોનો હવાલો આપતા પોતાની તમામ વિઝા અને કાઉન્સેલર સેવાઓને કામચલાઉ ધોરણે બંધ કરી દીધી છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ સ્થગિતતા આગામી આદેશ સુધી લાગુ રહેશે. આ પહેલા અગરતલામાં બાંગ્લાદેશ કોન્સ્યુલેટ પણ વિઝા સર્વિસ પર રોક લગાવી ચૂક્યું છે.

રવિવારે ભારતે સુરક્ષાની સ્થિતિને ધ્યાનમાં રાખીને ચટગાંવ સ્થિત પોતાના આસિસ્ટન્ટ હાઈ કમિશનમાં વિઝા સર્વિસીસ બંધ કરી દીધી હતી. આ નિર્ણય ભારત વિરોધી પ્રદર્શનો બાદ લેવામાં આવ્યો હતો.

ચટગાંવમાં ટોળું ગુરુવારે ભારતીય આસિસ્ટન્ટ હાઈ કમિશનરના નિવાસસ્થાન પાસે પહોંચી ગયું હતું અને પથરાવ પણ કર્યો હતો. આ સિવાય ખુલના, રાજશાહી અને ઢાકામાં પણ ભારતીય કચેરીઓની બહાર મોટા પાયે ભારત વિરોધી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

બાંગ્લાદેશમાં હિંદુ યુવકની હત્યાના વિરોધમાં શનિવાર રાત્રે દિલ્હીમાં બાંગ્લાદેશ હાઈ કમિશનની બહાર પ્રદર્શન થયું હતું. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસવાલે સ્પષ્ટ કર્યું કે આ પ્રદર્શન અત્યંત નાનું અને શાંતિપૂર્ણ હતું. તેનાથી બાંગ્લાદેશ ઉચ્ચાયોગની સુરક્ષાને કોઈ ખતરો નહોતો. તેમણે કહ્યું કે આ ઘટનાને લઈને બાંગ્લાદેશની કેટલીક




મીડિયા સંસ્થાઓમાં ભ્રામક પ્રચાર કરવામાં આવી રહ્યો છે. હકીકત એ છે કે પ્રદર્શનમાં માત્ર 20 થી 25 યુવાનો સામેલ હતા.

બાંગ્લાદેશે ભારતના આ નિવેદનને ફગાવી દેતા કહ્યું છે કે સ્થિતિ આના કરતા ક્યાંય વધુ ગંભીર હતી. ઢાકાએ કહ્યું કે આ ઘટનાને ભ્રામક પ્રચાર કહેવો યોગ્ય નથી. બાંગ્લાદેશના વિદેશ બાબતોના સલાહકાર એમ. તૌહીદ હુસૈને કહ્યું કે ભારતે આ ઘટનાને જરૂરિયાત કરતા વધુ હળવી બનાવીને રજૂ કરી છે.

તેમણે સવાલ ઉઠાવ્યો કે 25-30 લોકોનું જૂથ આટલા સુરક્ષિત રાજદ્વારી વિસ્તાર સુધી કેવી રીતે પહોંચી ગયું. તેમનું કહેવું હતું કે સામાન્ય સંજોગોમાં આવું શક્ય ન હોવું જોઈએ, જ્યાં સુધી તેમને ત્યાં સુધી પહોંચવાની પરવાનગી આપવામાં ન આવી હોય.

તૌહીદ હુસૈને એમ પણ કહ્યું કે પ્રદર્શનમાં માત્ર હત્યાના વિરોધ સુધી જ મર્યાદિત સૂત્રોચ્ચાર નહોતા થયા, પરંતુ અન્ય નિવેદનો પણ આપવામાં આવ્યા હતા. તેમણે દાવો કર્યો કે બાંગ્લાદેશી મીડિયામાં છપાયેલા સમાચાર ભ્રામક નહોતા અને ઘણા અંશે સાચા હતા.

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ દેશમાં વધી રહેલા ભારત વિરોધી માહોલને લઈને અંતરિમ સરકારના વડા મોહમ્મદ યુનુસ પર ગંભીર આરોપો લગાવ્યા છે. ANI ને ઈમેલ ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું કે આ દુશ્મનાવટ સામાન્ય લોકોની નથી પરંતુ તે કટ્ટરપંથી તાકતોની દેન છે, જેમને યુનુસ સરકારે હિંમત આપી છે.

શેખ હસીનાએ કહ્યું- આ નફરત ચરમપંથીઓ ફેલાવી રહ્યા છે. આ જ લોકો ભારતીય દૂતાવાસ સુધી માર્ચ કરે છે, મીડિયા કચેરીઓ પર હુમલો કરે છે, લઘુમતીઓ પર હુમલો કરે છે અને જેમણે મને અને મારા પરિવારને જીવ બચાવીને દેશ છોડવા મજબૂર કર્યા.

તેમણે કહ્યું કે ભારતને પોતાના રાજદ્વારીઓ અને દૂતાવાસોની સુરક્ષાને લઈને જે ચિંતા છે, તે બિલકુલ સાચી છે. આજે યુનુસે કટ્ટરપંથી લોકોને સત્તાના પદો પર બેસાડી દીધા છે અને સજા પામેલા આતંકીઓને જેલમાંથી મુક્ત કરી દીધા છે.

હસીનાએ કહ્યું કે એક જવાબદાર સરકારનું કામ હોય છે કે તે દૂતાવાસોની સુરક્ષા કરે અને તેમને ધમકાવનારાઓ પર કાર્યવાહી કરે, પરંતુ તેના બદલે યુનુસ આવા ઉપદ્રવીઓને છૂટ આપી રહ્યા છે અને તેમને યોદ્ધા કહી રહ્યા છે.

બાંગ્લાદેશમાં હિંદુ યુવક દીપુ ચંદ્ર દાસની હત્યાના વિરોધમાં ઢાકાના નેશનલ પ્રેસ ક્લબ સામે હિંદુ સંગઠનો અને લઘુમતી જૂથોએ વિરોધ પ્રદર્શન કર્યું.

લોકોએ એ પણ જણાવ્યું કે માત્ર ધાર્મિક ઓળખને કારણે લઘુમતીઓને પરેશાન કરવામાં આવી રહ્યા છે. હિન્દુઓને કલાવા પહેરવા પર શંકાની નજરથી જોવામાં આવી રહ્યા છે અને તેમને વિદેશી એજન્ટ પણ કહેવામાં આવી રહ્યા છે. આવા માહોલમાં લઘુમતીઓ ડરમાં જીવી રહ્યા છે.

પ્રદર્શનકારીઓએ કહ્યું કે બાંગ્લાદેશમાં સ્થિતિ સતત ખરાબ થઈ રહી છે. તેમનો દાવો છે કે આ વર્ષે જાન્યુઆરીથી અત્યાર સુધીમાં 50થી વધુ બિન-મુસ્લિમોની હત્યા થઈ ચૂકી છે અને ઘણા લોકો પર ઈશનિંદાના ખોટા કેસ દાખલ કરવામાં આવ્યા છે.

તેમણે કહ્યું કે ડિસેમ્બર, જેને પાકિસ્તાન વિરુદ્ધ જીત અને ગર્વનો મહિનો માનવામાં આવે છે, તે જ મહિનામાં અત્યાર સુધીમાં 5 લઘુમતીઓના જીવ ગયા છે.

પ્રદર્શન કરી રહેલા લોકોએ કહ્યું કે દીપુ નિર્દોષ હતો. તેના પર ખોટો આરોપ લગાવવામાં આવ્યો કે તેણે ઈશનિંદા કરી છે. આ પછી કટ્ટરપંથીઓએ તેને ખરાબ રીતે માર્યો, ઝાડ પર લટકાવી દીધો અને પછી જીવતો સળગાવી દીધો.

દીપુની હત્યા માત્ર એક વ્યક્તિની હત્યા નથી, પરંતુ સમગ્ર લઘુમતી સમુદાય માટે ડરનો સંદેશ છે. આ ઘટના સમગ્ર દેશમાં વધી રહેલી ધાર્મિક હિંસાનું સત્ય દર્શાવે છે. લોકોએ કહ્યું કે આટલી મોટી ઘટના છતાં ન તો સરકાર તરફથી કોઈ નક્કર નિવેદન આવ્યું અને ન તો કોઈ મોટા નેતાએ ખુલ્લેઆમ તેની નિંદા કરી. તેમણે આરોપ લગાવ્યો કે મીડિયાએ પણ આ મામલાને જેટલી જગ્યા મળવી જોઈતી હતી તેટલી આપી નથી.

દાવો કરવામાં આવી રહ્યો હતો કે મૃતક દીપુ ચંદ્ર દાસે ફેસબુક પર ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડતી ટિપ્પણી કરી હતી. પરંતુ હવે તપાસમાં આવી કોઈ ટિપ્પણીના પુરાવા મળ્યા નથી.

બાંગ્લાદેશની રેપિડ એક્શન બટાલિયનના કંપની કમાન્ડર મોહમ્મદ શમ્સુઝ્ઝમાને બાંગ્લાદેશી અખબાર 'ધ ડેઈલી સ્ટાર' ને જણાવ્યું કે એવો કોઈ પુરાવો મળ્યો નથી, જેનાથી કહી શકાય કે દાસે ફેસબુક પર કંઈક એવું લખ્યું હતું જેનાથી ધાર્મિક ભાવનાઓ દુભાઈ શકે. દીપુની હત્યાના કેસમાં અત્યાર સુધીમાં 12 લોકોની ધરપકડ કરવામાં આવી છે.

# અમેરિકાએ H-1B અને H-4 વિઝાની તપાસ કડક કરી....

## હવે સોશિયલ મીડિયા પણ તપાસવામાં આવશે, અનેક મહિનાઓ માટે ઈન્ટરવ્યુ મુલતવી રાખવામાં આવ્યા

**વોશિંગ્ટન, તા.23**

અમેરિકાએ H-1B અને H-4 વિઝાના તમામ અરજદારોની તપાસ કડક કરી દીધી છે. 15 ડિસેમ્બરથી હવે વિઝા પ્રક્રિયામાં ઓનલાઈન અને સોશિયલ મીડિયાની તપાસ પણ સામેલ કરી દેવામાં આવી છે. આ નિયમ દુનિયાભરના તમામ દેશોના અરજદારો પર લાગુ પડશે.

ભારતમાં સ્થિત અમેરિકી દૂતાવાસે જણાવ્યું કે આ પગલું H-1B વિઝાના દુરુપયોગ અને ગેરકાયદેસર ઈમિગ્રેશન પર રોક લગાવવા માટે ઉઠાવવામાં આવ્યું છે. આ નિર્ણય પછી ભારતમાં હજારો અરજદારોના નિર્ધારિત વિઝા ઈન્ટરવ્યુ મુલતવી રાખવામાં આવ્યા છે. ઘણા ઈન્ટરવ્યુ હવે માર્ચથી મે સુધી માટે ફરીથી શેડ્યૂલ કરવામાં આવ્યા છે. આનાથી તે લોકો વધુ પરેશાન છે, જેઓ ઈન્ટરવ્યુ માટે પહેલાથી જ ભારત આવી ચૂક્યા છે અને વિઝા ન હોવાને કારણે અમેરિકા પાછા જઈ શકતા નથી.

દૂતાવાસ અનુસાર, H-1B અને H-4 વિઝાની અરજીઓ લેવામાં આવી રહી છે, પરંતુ તપાસ વધવાથી પ્રક્રિયામાં વધુ સમય લાગી શકે છે. ભારત સરકારે જણાવ્યું છે કે તે આ મુદ્દે અમેરિકા સાથે સતત વાતચીત કરી રહી છે, જેથી ભારતીય વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકોને



મુશ્કેલી ન થાય.

એચ-1 બી વિઝા શું છે- ડોક્ટરો, એન્જિનિયરો, સોફ્ટવેર પ્રોફેશનલ્સ જેવા ઉચ્ચ કુશળ વ્યાવસાયિકોને H-1B વિઝા જારી કરવામાં આવે છે. 1990માં અમેરિકી કોંગ્રેસમાં એક બિલ દ્વારા આ વિઝા અસ્તિત્વમાં આવ્યો.

ટ્રમ્પના આદેશની શું અસર- ભારતીયો પર સૌથી વધુ અસર પડશે, કારણ કે દર વર્ષે કુલ જારી થતા H-1B વિઝામાંથી 70% ભારતીય વ્યાવસાયિકોને જારી કરવામાં આવે છે.

એચ-1 બી વિઝા ની ફી કેટલી- પહેલા ફી લગભગ 9 હજાર ડોલર હતી, પરંતુ સપ્ટેમ્બર 2025માં ટ્રમ્પે તેને વધારીને લગભગ 90 લાખ રૂપિયા કરી દીધી.

આ વિઝાની અવધિ કેટલી છે- 3-3 વર્ષ માટે બે વાર જારી થાય છે. કુલ 6 વર્ષની અવધિ પછી, જો અરજદાર ઈચ્છે તો ગ્રીન કાર્ડ એટલે કે નાગરિકતા પહેલાના તબક્કા માટે અરજી કરી શકે છે.

ટ્રમ્પનો H-1B વિઝા પર 9 વર્ષમાં ક્યારેક હા, ક્યારેક ના વાળું વલણ રહ્યું છે. પહેલા કાર્યકાળમાં 2016માં ટ્રમ્પે આ વિઝાને અમેરિકી હિતોની વિરુદ્ધ ગણાવ્યા હતા. 2019માં આ વિઝાનું એક્સટેન્શન સસ્પેન્ડ કર્યું. ગયા મહિને જ યુ-ટર્ન લેતા કહ્યું- અમને ટેલેન્ટની જરૂર છે.

ટ્રમ્પે H-1B માં ફેરફાર ઉપરાંત 3 નવા પ્રકારના વિઝા કાર્ડ લોન્ચ કર્યા હતા. 'ટ્રમ્પ ગોલ્ડ કાર્ડ', 'ટ્રમ્પ પ્લેટિનમ કાર્ડ' અને 'કોર્પોરેટ ગોલ્ડ કાર્ડ' જેવી સુવિધાઓ પણ શરૂ કરવામાં આવી છે. ટ્રમ્પ ગોલ્ડ કાર્ડ (8.8 કરોડ કિંમત) વ્યક્તિને અમેરિકામાં અનલિમિટેડ રેસિડેન્સી (હંમેશા રહેવાનો) અધિકાર આપશે.

ભારત દર વર્ષે લાખો એન્જિનિયરિંગ અને કમ્પ્યુટર સાયન્સના ગ્રેજ્યુએટ તૈયાર કરે છે, જે અમેરિકાની ટેક ઈન્ડસ્ટ્રીમાં મોટી ભૂમિકા ભજવે છે. ઈન્ફોસિસ, TCS, વિપ્રો, કોગ્નિઝન્ટ અને HCL જેવી કંપનીઓ સૌથી વધુ પોતાના કર્મચારીઓને H-1B વિઝા સ્પોન્સર કરે છે.

એવું કહેવાય છે કે ભારત અમેરિકાને સામાન કરતાં વધુ લોકો એટલે કે એન્જિનિયરો, કોડરો અને વિદ્યાર્થીઓની નિકાસ કરે છે. હવે ફી મોંઘી થવાથી ભારતીય પ્રતિભા યુરોપ, કેનેડા, ઓસ્ટ્રેલિયા, મિડલ ઈસ્ટના દેશો તરફ વળશે.

# બાંગ્લાદેશી હિંદુ યુવકની હત્યાનો ભારતમાં વિરોધ : વિશ્વ હિંદુ પરિષદનું 6 શહેરોમાં પ્રદર્શન, ઢાકામાં ભારતીય હાઈ કમિશનરને તેડું

**નવી દિલ્હી/ઢાકા, તા.23**

બાંગ્લાદેશમાં હિંદુ યુવકની હત્યાના વિરોધમાં વિશ્વ હિંદુ પરિષદ (VHP) દેશભરમાં પ્રદર્શન કરી રહી છે. આજે સવારે VHPના કાર્યકર્તાઓએ દિલ્હીમાં બાંગ્લાદેશ હાઈ કમિશનની બહાર પ્રદર્શન કર્યું. દિલ્હી ઉપરાંત VHPએ મુંબઈ, કોલકાતા, અમદાવાદ, ભોપાલ અને જમ્મુમાં રેલી કાઢીને પીડિત પરિવારને ન્યાય અપાવવાની માગ કરી.

બાંગ્લાદેશમાં 18 ડિસેમ્બરની રાત્રે હિંદુ યુવક દીપુ ચંદ્રની હત્યા કરી દેવામાં આવી હતી. પહેલા એવો દાવો કરવામાં આવી રહ્યો હતો કે દીપુએ ફેસબુક પર ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડતી ટિપ્પણી કરી હતી, પરંતુ પ્રાથમિક તપાસમાં તેનો કોઈ પુરાવો મળ્યો નથી. આ દરમિયાન બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે ભારતીય ઉચ્ચાયુક્ત પ્રણય વર્માને તેડાવ્યા છે. 10 દિવસમાં આ બીજી વખત છે જ્યારે ભારતીય ઉચ્ચાયુક્તને બોલાવવામાં આવ્યા છે. બાંગ્લાદેશી વિદ્યાર્થી નેતા શરીફ ઉસ્માન હાદીના મોત બાદ ભારત વિરોધી પ્રદર્શનો અને ત્યારબાદ



મેમન સિંહ જિલ્લામાં દીપુની મોબ લિંચિંગને લઈને બંને દેશોના સંબંધો ઘણા બગડી ગયા છે.

બાંગ્લાદેશે મંગળવારે ભારતમાં તેના રાજદ્વારી મિશનો પર થયેલા હુમલાઓને લઈને ગંભીર ચિંતા વ્યક્ત કરી. વિદેશ મંત્રાલયના નિવેદન મુજબ, આ ઘટનાઓના વિરોધમાં ભારતીય હાઈ કમિશનર પ્રણય વર્માને બોલાવવામાં આવ્યા. આ ઘટનાઓ નવી દિલ્હી અને સિલિગુડીમાં બની હતી.

બાંગ્લાદેશે કહ્યું હતું કે હિંસા અને ધમકાવવાની આ ઘટનાઓ અસ્વીકાર્ય છે. આવાં કૃત્યો માત્ર રાજદ્વારી કર્મચારીઓની સુરક્ષાને જોખમમાં મૂકે છે. એટલું જ નહીં, પરંતુ પરસ્પર સન્માન, શાંતિ અને સહિષ્ણુતા જેવાં મૂલ્યોને પણ નબળા પાડે છે.

વિદેશ મંત્રાલયનાં સૂત્રો અનુસાર, પ્રણય વર્માને ભારતમાં બાંગ્લાદેશી મિશનોની સુરક્ષા સ્થિતિ અંગે બોલાવવામાં આવ્યા હતા. તેમને નિર્દેશ આપવામાં આવ્યો કે તમામ દૂતાવાસો અને સંબંધિત સ્થળોની સુરક્ષા સઘન કરવામાં આવે.

બાંગ્લાદેશે આરોપ લગાવ્યો કે ભારતમાં રહીને પૂર્વ વડાંપ્રધાન શેખ હસીના સતત એવાં નિવેદનો આપી રહ્યાં છે જેને બાંગ્લાદેશ ઉશ્કેરણીજનક માને છે.

બાંગ્લાદેશમાં ભારતીય હાઈ કમિશનર પ્રણય વર્મા. તેમને 14 ડિસેમ્બરે પણ બોલાવવામાં આવ્યા હતા. ત્યારે બાંગ્લાદેશે શેખ હસીના દ્વારા સતત આપવામાં આવી રહેલાં ઉશ્કેરણીજનક નિવેદનો પર ચિંતા વ્યક્ત કરી હતી. બાંગ્લાદેશમાં ભારતીય હાઈ કમિશનર પ્રણય વર્મા. તેમને 14 ડિસેમ્બરે પણ બોલાવવામાં આવ્યા હતા. ત્યારે બાંગ્લાદેશે શેખ હસીના દ્વારા સતત આપવામાં આવી રહેલાં ઉશ્કેરણીજનક નિવેદનો પર ચિંતા વ્યક્ત કરી હતી.

# અમેરિકાએ યૌન અપરાધી એપસ્ટીનનો AI વીડિયો જાહેર કર્યો

## જેલની અંદર આત્મહત્યાની કોશિશ દેખાઈ, ટ્રમ્પે કહ્યું, એપસ્ટીન ફાઈલોથી નિર્દોષોની છબિ ખરાબ થશે

**વોશિંગ્ટન, તા.23**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે એપસ્ટીન સેક્સ ફાઈલો સાર્વજનિક થવાથી ઘણા નિર્દોષ લોકોની છબિ ખરાબ થઈ શકે છે. ઘણા એવા લોકો હતા, જેમનો એપસ્ટીનના ગુનાઓ સાથે કોઈ સંબંધ નહોતો, તેઓ ફક્ત ક્યારેક તેને મળ્યા હતા.

ફ્લોરિડામાં સોમવારે પોતાના માર-એ-લાગો રિસોર્ટમાં પત્રકારો સાથે વાત કરતાં ટ્રમ્પે કહ્યું હતું કે એપસ્ટીનને લઈને થઈ રહેલો હોબાળો ખરેખર રિપબ્લિકન પાર્ટીની સફળતાઓ પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ છે.

ટ્રમ્પે કહ્યું હતું કે તેમની પણ એપસ્ટીન સાથે કેટલીક તસવીરો છે, કારણ કે એ સમયે ઘણા લોકો તેને હળતા-મળતા હતા. આ સમગ્ર મામલાને અકારણ મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે આ ફાઈલોમાં પૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટનની તસવીરો સામે આવવા પર તેમનો શો પ્રતિભાવ છે. આના પર ટ્રમ્પે કહ્યું- મને બિલ ક્લિન્ટન પસંદ છે, મારા તેમની સાથે સારા સંબંધો રહ્યા છે. મને ગમ્યું નહીં કે



તેમની તસવીરો સામે આવી.

અમેરિકી જસ્ટિસ ડિપાર્ટમેન્ટ (DOJ)એ સોમવારે રાત્રે યૌન અપરાધી જેફ્રી એપસ્ટીનના જેલમાં મૃત્યુ સાથે સંબંધિત એક વીડિયો જાહેર કર્યો. આ વીડિયો માત્ર 12 સેકન્ડનો હતો અને એમાં જેલની કોટડીમાં એક માણસ આત્મહત્યાનો પ્રયાસ કરતો દેખાઈ રહ્યો હતો.

વીડિયોનો સમય એપસ્ટીનના મૃત્યુના લગભગ બે કલાક પહેલાં 10 ઓગસ્ટ 2019ના રોજ સવારે 4:29 વાગ્યાનો જણાવવામાં આવ્યો. ન્યૂયોર્ક પોસ્ટ અનુસાર, થોડી જ વારમાં સ્પષ્ટ થઈ ગયું કે આ વીડિયો અસલી નથી, પરંતુ AI દ્વારા બનાવવામાં આવેલો નકલી વીડિયો છે.

આ 4chan વેબસાઈટ અને યુટ્યૂબ પર પહેલાંથી જ ઉપલબ્ધ હતો. 4chan એક ઓનલાઈન ઈમેજબોર્ડ વેબસાઈટ છે, જ્યાં લોકો નામ જણાવ્યા વિના પોસ્ટ કરી શકે છે. બાદમાં DOJએ આ વીડિયો પોતાની વેબસાઈટ પરથી તરત જ હટાવી લીધો.

શરૂઆતમાં લોકોને લાગ્યું કે એપસ્ટીનના મૃત્યુનો અસલી વીડિયો સામે આવી ગયો છે, તેથી સોશિયલ મીડિયા પર ખૂબ ચર્ચા થઈ, પરંતુ ધ્યાનથી જોતાં વીડિયોમાં ઘણી ગડબડો દેખાઈ, જેમ કે જેલનાં કપડાં જમીન પર વિચિત્ર રીતે પડેલાં હોવા અને કોટડીનો દરવાજો અસલી જેલથી અલગ દેખાવો. જુલાઈ 2019માં જ્યારે એપસ્ટીનને ન્યૂયોર્ક પોલીસે ધરપકડ કરી હતી. એના એક મહિના પછી જ 10 ઓગસ્ટ 2019ના રોજ તેનું મૃત્યુ થયું. સરકારી રિપોર્ટમાં તો કહેવામાં આવ્યું કે એપસ્ટીને ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી, પરંતુ ઘણા મેડિકલ અને લો એક્સપર્ટ્સે આના પર સવાલ ઉઠાવ્યા હતા.

પોસ્ટમોર્ટમથી જાણવા મળ્યું કે એપસ્ટીનના ગળાનાં ઘણાં હાડકાં તૂટેલાં હતાં, પરંતુ ફોરેન્સિક એક્સપર્ટ ડો. માઈકલ બેડને દાવો કર્યો કે આવી ઈજાઓ ફાંસી કે આત્મહત્યામાં થતી નથી. આ ગળું દબાવવા જેવો મામલો લાગે છે.

રિપોર્ટ મુજબ, જે રાત્રે એપસ્ટીનનું મૃત્યુ થયું એ રાત્રે જેલની સુરક્ષામાં ખામીઓ જોવા મળી. એપસ્ટીનના સેલની બહાર લાગેલા 2 કેમેરા એ રાત્રે ઘણીવાર ખરાબ થયા. એકવાર 3 મિનિટ માટે કેમેરા બંધ થયા અને જ્યારે ફરીથી ચાલુ થયા ત્યારે એપસ્ટીનનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. જેલ દ્વારા જાહેર કરાયેલા CCTV ફૂટેજમાં પણ 1 મિનિટનો જમ્પ હતો.

અમેરિકી ટીવી હોસ્ટ જો સ્કારબોરોએ ટ્વીટ કર્યું - એક એવો માણસ, જેની પાસે અમીર અને શક્તિશાળી લોકોનું જીવન બરબાદ કરવાની જાણકારી હતી. જેલમાં મૃત હાલતમાં મળ્યો. આ તો રશિયન રીત છે. જસ્ટિસ ડિપાર્ટમેન્ટે જેફરી એપસ્ટીન સંબંધિત તપાસ હેઠળ શુક્રવારે રાત્રે અઢી વાગ્યે (ભારતીય સમય મુજબ) ત્રણ લાખ દસ્તાવેજો જાહેર કર્યા હતા, જોકે હજુ પણ સંપૂર્ણ દસ્તાવેજો જાહેર થવામાં સમય લાગી શકે છે.

આમાં અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન, પોપ સિંગર માઈકલ જેક્સન જેવા દિગ્ગજોની તસવીરો સામે આવી હતી, જોકે રેકોર્ડ્સમાં ડોનાલ્ડ ટ્રમ્પનું નામ લગભગ નહિવત્ જોવા મળ્યું હતું. જ્યારે ફેબ્રુઆરીમાં જાહેર થયેલા એપસ્ટીનના ખાનગી જેટના ફ્લાઈટ લોગ્સમાં ટ્રમ્પનું નામ સામે આવી ચૂક્યું છે.

# ગાઝા ₹9.3 લાખ કરોડમાં સ્માર્ટ સિટી બનશે : ટ્રમ્પ સરકાર ₹5 લાખ કરોડ આપશે, અહીં લક્ઝરી રિસોર્ટ હશે અને હાઈ સ્પીડ ટ્રેન ચાલશે

**ગાઝા, તા.23**

અમેરિકાએ યુદ્ધથી તબાહ થઈ ચૂકેલા ગાઝાને ફરીથી ઊભો કરવા માટે એક ખૂબ મોટી યોજના રજૂ કરી છે. આ યોજના હેઠળ ગાઝાને લગભગ 9.3 લાખ કરોડ (112 અબજ ડોલર)ના ખર્ચે એક આધુનિક સ્માર્ટ સિટીમાં બદલવામાં આવશે.

તેમાંથી લગભગ 5 લાખ કરોડ (60 અબજ ડોલર)ની મદદ અમેરિકી સરકાર આપશે. આ પ્રોજેક્ટમાં લક્ઝરી રિસોર્ટ, બીચ હોટલ અને હાઈ-સ્પીડ ટ્રેન જેવી સુવિધાઓ બનાવવાની વાત કહેવામાં આવી છે.

આ યોજનાને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર અને અમેરિકાના વિશેષ પ્રતિનિધિ સ્ટીવ વિટકૉફે તૈયાર કરી છે. તેને 'પ્રોજેક્ટ સનરાઈઝ' નામ આપવામાં આવ્યું છે. તેનો હેતુ માત્ર ગાઝાને કાટમાળમાંથી બહાર કાઢવાનો નથી, પરંતુ તેને એક આધુનિક, ટેકનોલોજીથી ચાલતું અને આંતરરાષ્ટ્રીય સ્તરનું શહેર



બનાવવાનો છે. રોકાણકાર દેશો સમક્ષ આ પ્રોજેક્ટને 32 સ્લાઈડની પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા દર્શાવવામાં આવી રહ્યો છે.

ટ્રમ્પે આ જ વર્ષે ફેબ્રુઆરીમાં AI વીડિયો જાહેર કરીને જણાવ્યું હતું કે સ્માર્ટ સિટી બન્યા પછી ગાઝા કેવું દેખાશે. વીડિયો જુઓ...

પ્લાનિંગ મુજબ ગાઝાના ભૂમધ્યસાગરના કિનારે લક્ઝરી બીચ રિસોર્ટ, ફાઈવ સ્ટાર હોટલ, મરીના અને એન્ટરટેઈનમેન્ટ ઝોન બનાવવામાં આવશે જેથી તેને ગ્લોબલ ટુરિસ્ટ ડેસ્ટિનેશન બનાવી શકાય.

શહેરની અંદર મુસાફરી માટે હાઈ-સ્પીડ ટ્રેન નેટવર્ક, પહોળા અને આધુનિક રસ્તાઓ અને મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ વિકસાવવામાં આવશે. વીજળીની સમસ્યાથી ઝઝૂમી રહેલા ગાઝામાં AI સંચાલિત સ્માર્ટ પાવર ગ્રીડ સ્થાપિત કરવામાં આવશે, જેમાં સૌર અને અન્ય નવીનીકરણીય ઊર્જાનો ઉપયોગ થશે.

આ ઉપરાંત, ગાઝાને AI આધારિત સ્માર્ટ સિટી બનાવવાની વાત છે, જ્યાં ડિજિટલ ગવર્નન્સ, ઈ-ગવર્નન્સ સિસ્ટમ, ડેટા પ્લેટફોર્મ અને એક ચીફ ડિજિટલ ઓફિસ હશે.

વેપાર અને રોજગાર વધારવા માટે ફ્રી ટ્રેડ ઝોન, ઈન્ટરનેશનલ બિઝનેસ ડિસ્ટ્રિક્ટ, ટેકનોલોજી હબ, ઈનોવેશન લેબ અને સ્ટાર્ટઅપ સેન્ટર પણ બનાવવામાં આવશે, જેથી ગાઝાને સ્થાનિક આર્થિક હબ બનાવી શકાય.

આ સમગ્ર મેગા પ્રોજેક્ટ પર આગામી 10 વર્ષમાં તબક્કાવાર રીતે ખર્ચ કરવામાં આવશે. અમેરિકા લગભગ 5 લાખ કરોડની રકમ ગ્રાન્ટ અને લોનની ગેરંટીના રૂપમાં આપશે, જ્યારે બાકીના પૈસા ખાડી દેશો, યુરોપ અને અન્ય આંતરરાષ્ટ્રીય રોકાણકારો પાસેથી એકત્રિત કરવામાં આવશે. તેને પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ મોડેલ પર આગળ વધારવાની તૈયારી છે. જોકે આ યોજના સામે ઘણા મોટા પડકારો પણ છે. સૌથી મોટો પડકાર લગભગ 20 લાખ પેલેસ્ટાઈનીઓના પુનર્વસનનો છે. જ્યારે ગાઝામાં નિર્માણ શરૂ થશે, ત્યારે આટલી મોટી વસ્તીને અસ્થાયી રૂપે બીજી જગ્યાએ વસાવવી પડશે.

જોકે, હજુ એ સ્પષ્ટ નથી કે તેમને ક્યાં રાખવામાં આવશે. બીજી મોટી સમસ્યા યુદ્ધ પછી જમા થયેલો કરોડો ટન કાટમાળ છે, જેને હટાવવામાં અબજો ડોલર અને લાંબો સમય લાગશે.

રાજકીય અને સુરક્ષા સંબંધિત મુશ્કેલીઓ પણ ઓછી નથી. અમેરિકી અધિકારીઓનું કહેવું છે કે આ પ્રોજેક્ટને આગળ વધારવાની એક શરત હમાસનું નિઃશસ્ત્રીકરણ છે. પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં હમાસનું આ માટે તૈયાર થવું મુશ્કેલ મનાઈ રહ્યું છે, જેનાથી આ સંપૂર્ણ યોજનાના અમલ પર મોટો પ્રશ્ન ઊભો થાય છે. નોંધનીય છે કે છેલ્લા બે વર્ષથી ચાલી રહેલા ગાઝા યુદ્ધમાં ઈઝરાયેલના હવાઈ અને જમીની હુમલાઓથી અત્યાર સુધીમાં 65 હજારથી વધુ લોકોના મોત થયા છે, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકો છે.

# પાકિસ્તાનની સરકારી એરલાઇન PIAની હરાજી : સેના સંબંધિત કંપનીએ છેલ્લા સમયે નામ પાછું ખેંચ્યું, હવે 3 કંપનીઓ બોલી લગાવશે

**ઈસ્લામાબાદ, તા.23**

આર્થિક સંકટનો સામનો કરી રહેલું પાકિસ્તાન તેની રાષ્ટ્રીય એરલાઈન્સને વેચવાની તૈયારીમાં છે. શહબાઝ સરકાર પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સ (PIA) ની 75% હિસ્સેદારી વેચશે. ડોન અહેવાલ મુજબ, 23 ડિસેમ્બર બોલી જમા કરાવવાનો છેલ્લો દિવસ છે. ડેડલાઈનના બરાબર 2 દિવસ પહેલા સેના સાથે સંકળાયેલી એક ખાતર કંપની ફૌજી ફર્ટિલાઈઝર પ્રાઈવેટ લિમિટેડ (FFPL)એ બોલી લગાવવાથી પોતાનું નામ પાછું ખેંચ્યું છે, જેના પછી માત્ર 3 દાવેદારો રેસમાં છે.

IMF નીતિ: એરલાઈન્સ વેચવા પાછળનું સૌથી મોટું કારણ IMF નીતિ છે. પાકિસ્તાનને IMF પાસેથી 7 અબજ ડોલરની લોન જોઈએ છે. તેના બદલામાં IMF ઈચ્છે છે કે પાકિસ્તાનમાં ખોટ કરતી સરકારી કંપનીઓનું ખાનગીકરણ થાય. આ જ શરત મુજબ, પાકિસ્તાન તેની 24 સરકારી કંપનીઓનું ખાનગીકરણ કરી રહ્યું છે. PIA પણ આનો જ એક ભાગ છે. આર્થિક સંકટ: PIA ને વેચવાનું



બીજું કારણ એરલાઈન્સને પુનર્જીવિત કરવાનું પણ છે, કારણ કે આર્થિક સંકટને કારણે સરકાર PIA માં રોકાણ કરી શકતી નથી. PIA ના ખરાબ મેનેજમેન્ટથી મુસાફરો પણ પરેશાન છે.

ખરાબ છબી: 2020માં કરાચીમાં PIA નું એક વિમાન ક્રેશ થયું હતું, જેમાં 96 લોકોના જીવ ગયા હતા. તપાસમાં PIA ના 250 થી વધુ પાઈલટના લાઈસન્સ શંકાસ્પદ અથવા નકલી હોવાનું જણાયું હતું. આ દુર્ઘટનાથી PIA ની છબી ખરાબ થઈ હતી અને ઘણા દેશોએ PIA ની ફ્લાઈટ્સ પર પ્રતિબંધ મૂક્યો હતો. પ્રતિબંધને કારણે PIA ની ખોટ વધી અને કંપની પર લગભગ 25 હજાર કરોડનું દેવું થઈ ગયું.

વધુ સારી વૃદ્ધિની અપેક્ષા: હાલમાં પાકિસ્તાનના એવિએશન સેક્ટરનું તેના GDPમાં માત્ર 1.3% યોગદાન છે. પાકિસ્તાનમાં એવિએશન સેક્ટરનું GDPમાં યોગદાન માત્ર 1.3% છે. જ્યારે UAEમાં તે 18 ટકા અને સાઉદી અરેબિયામાં 8.5 ટકા છે, જ્યારે પાકિસ્તાનમાં તે માત્ર 1.3 ટકા છે. ખાનગીકરણથી તેમાં વૃદ્ધિ થઈ શકે છે. પાકિસ્તાને 1958થી અત્યાર સુધીમાં કુલ 20 વખત IMF પાસેથી લોન લીધી છે.

## તંત્રી લેખ

# માતા સીતા-કૌશલ્યા, પિતા ગુરુ; SIRમાં ફસાયા 15 હજાર સાધુ - સંતો

અયોધ્યાના નિર્વાણી અની અખાડાના મહંત સીતારામ દાસે SIR એટલે કે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (Special Intensive Revision)ના ફોર્મમાં આ જ માહિતી આપી છે. મહંત સીતારામ દાસની જેમ અયોધ્યાના આશરે 15 હજાર સાધુ-સંતોમાંથી મોટા ભાગનાએ પિતાના કોલમમાં પોતાના ગુરુ અથવા હિન્દુ દેવી-દેવતાઓનાં નામ લખ્યાં છે. એવી જ રીતે માતાના નામની સામે કૌશલ્યા, સીતા, જાનકી, દુર્ગા અને સરસ્વતી માતા લખ્યું છે. સાધુ-સંતો ભાજપના મતદારો માનવામાં આવે છે, તેથી પાર્ટીને ચિંતા છે કે તેમના મતો કપાઈ ન જાય.14 ડિસેમ્બર 2025ના રોજ યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દાવો કર્યો હતો કે યુપીની મતદારયાદીમાંથી અંદાજે ચાર કરોડ મતદારો ગાયબ છે. તેમણે ભાજપના નેતાઓને કહ્યું હતું કે આ લોકો તમારા વિરોધી નથી, પરંતુ તેમાંથી 90% તમારા મતદારો છે.મુખ્યમંત્રી યોગીએ આગળ કહ્યું હતું કે યુપીની વસતિ લગભગ 25 કરોડ છે. એમાંથી 65% મતદારો હોવા જોઈએ. આ હિસાબે લગભગ 16 કરોડ મતદારો હોવા જોઈએ, પરંતુ SIRની ગણતરીમાં આ સંખ્યા અંદાજે 12 કરોડ જ આવી છે. માનવામાં આવે છે કે આ કારણે યુપીમાં SIRની તારીખ વધી શકે છે.ચાર કરોડ મતદારો ખરેખર ગાયબ થઈ ગયા છે કે તેઓ ફોર્મ ભરી શક્યા નથી, શું ફોર્મ રિજેક્ટ થયાં છે?, આ પ્રશ્નોના જવાબો જાણવા માટે ભાસ્કરે ચૂંટણીપંચના અધિકારીઓ અને નિષ્ણાતો સાથે વાત કરી. આ દરમિયાન જાણવા મળ્યું કે એવા ઘણા લોકો છે, જેમને જૂનો ડેટા ન હોવાને કારણે SIR ફોર્મ ભરવામાં મુશ્કેલી પડી રહી છે. અયોધ્યાના નિર્વાણી અની અખાડાના મહંત સીતારામ દાસે 10 ડિસેમ્બરે SIRનું ફોર્મ ભર્યું હતું. સંન્યાસી ધર્મ મુજબ, તેમણે ફોર્મમાં અસલી માતા-પિતાની ઓળખ ન લખતાં ગુરુ અને હિન્દુ દેવી-દેવતાઓનાં નામ લખ્યાં છે. આનું કારણ પૂછતાં મહંત સીતારામ દાસ કહે છે, ‘હું પારિવારિક જીવનમાંથી સંન્યાસ લઈ ચૂક્યો છું અને વિરક્ત પરંપરાનું પાલન કરી રહ્યો છું. વિરક્ત એટલે જેણે પોતાના લોહીના સંબંધો સાથેનો નાતો તોડી નાખ્યો હોય. હવે ન તો અમારી કોઈ માતા છે, ન પિતા છે અને ન તો કોઈ ગોત્ર છે. અમારા માટે તો ઈશ્વર જ સર્વસ્વ છે. મેં મારા SIR ફોર્મમાં માતાના નામની જગ્યાએ જાનકી માતાનું નામ લખ્યું છે, કારણ કે તેઓ જ આખા જગતનું પાલન કરે છે, બધાની માતા તેઓ જ છે.’ ‘અયોધ્યાના અખાડાઓ અને મઠોમાં રહેતા સંત સમાજના તમામ લોકોએ SIR ફોર્મમાં માતાની જગ્યાએ કૌશલ્યા, સીતા, જાનકી, દુર્ગા અને સરસ્વતી માતાનું નામ લખ્યું છે. આનાથી વધુ સારું બીજું શું હોઈ શકે.’ SIR ફોર્મમાં રામાયણકાળ સાથે જોડાયેલા નામ લખવાની શરૂઆત ભાજપના પૂર્વ સાંસદ અને સ્વર્ગસ્થ હિન્દુ ધામ પીઠાધીશ્વર ડૉ. રામ વિલાસ દાસ વેદાંતીએ કરી હતી. તેમણે ફોર્મમાં માતાના કોલમમાં જાનકી માતાનું નામ લખ્યું હતું. ત્યાર બાદ અયોધ્યાના દિગંબર અખાડા અને હનુમાન ગઢીના બાકીના સંતોએ પણ આવું જ કર્યું.

# ઋષભની વાતથી રાજેશ્રી શું કામ ચિંતિત થઈ ગઈ! અને રડવા પણ લાગી



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

આજકાલનાં યુવાનોનું જીવન ધોરણ દિવસે દિવસે ઉંચુ જતું જાય છે, પછી ઘર એટલે ફ્લેટ હોય, ગાડી હોય, રાચરચીલું હોય, કે પછી ફ્રીઝ ટીવી, એસી, વોશીંગ મશીન જેવા અન્ય ઉપકરણો હોય બધાંમાં સૌથી મોંઘુ હોય એ જ પસંદ આવે! જ્યારે કપડાં ઘરેણાં કે અન્ય ફેશન એસેસિરિઝમા પણ ખૂબ જ ખર્ચો કરતાં જોવાં મળે છે. એમાં પણ નવાં નવાં લગ્ન કરીને મેટ્રો સીટીમાં જોબ હોય તો ઘર ભાડું પણ બહુ હોય ત્યારે જો આવક જાવકનો હિસાબ બરોબર રખાયો ન્હોય, તો આખર તારીખમાં છેલ્લે છેલ્લે માંડમાંડ મહીનો પૂરો થાય! ટૂંકમાં આમદની અઠ્ઠની ખર્ચા રુપૈયા! જેવો ખેલ જોવા મળે છે, કોઈને બચત થાય નહીં! અથવા જીંદગી ભર માથે દેવું લઈને જીવે છે. તો આજે આવો જ એક કિસ્સો આજે બુધવારની બોધકથામાં. ઋષભ અને રાજેશ્રી બંનેએ લવ મેરેજ કરી બેંગલોર આવ્યાં. ઋષભ એક સોફ્ટવેર એન્જિનિયર હતું અને અહીં એને મલ્ટીનેશનલ કંપનીમાં સારા પગારથી જવાબ હતી જ્યારે રાજેશ્રી પણ સારું એવું એજ્યુકેશન ધરાવતી હતી છતાં એને હાલ તો ઘર ગૃહસ્થી સંભાળવાનું નક્કી કર્યું હતું. બંને એક સામાજિક ફંકશનમાં મળ્યાં હતાં રાજેશ્રી ધનવાન કહી શકાય એવા માતા પિતાની દીકરી હતી, જ્યારે ઋષભ એક મિડલ ક્લાસ ફેમિલી માંથી હતો, અને એ પોતાની જાત મહેનતે આ સ્થાને પહોંચ્યો હતો. એને થોડી જવાબદારીઓ પણ હતી. એમણે બેંગ્લોરમાં નાનકડો ફ્લેટ ભાડે લીધો અને રાજશ્રી પોતાના ઘરને શણગારવા માટે રોજ નાનું મોટું કંઈ કંઈ ખરીદી લાવતી હતી. ઘણી વસ્તુ જરૂરી હતી, તો ઘણી થોડો સમય પછી ખરીદીએ તો પણ ચાલે એવું હતું, છતાં ઋષભે એને ટોકી નહીં, કારણ કે એ એના મનના ભાવને જાણતો હતો. ઉપરાંત એ ધનવાન ફેમિલી માંથી આવતી હતી અને એની ડિક્સનરીમાં કરકસર, હિસાબ, બજેટ જેવો કોઈ શબ્દ હતો નહીં કે પછી આજસુધી સાંભળ્યો પણ નહોતો, ઋષભે તે રાજેશ્રીની ખુશીને છીનવવા માંગતો નહોતો, આમ બંને વચ્ચેનો પ્રેમ ઓછો થતો નહોતો! ઋષભ રાજેશ્રીની ખરીદીની ગાડીને બ્રેક કંઈ રીતે મારવી એ વિચારતો હતો! કારણકે એને પોતાની નાની બહેન રિદ્ધિને ભણાવવાના રુપિયા પણ દર મહિને મોકલવાના હતાં! ઉપરથી પપ્પા એ ગામની જમીન વેચી પોતાને ભણાવ્યો હતો એટલે એમની પ્રત્યે પણ એની જવાબદારી હતી. ઋષભ પોતે દર મહિને રાજેશ્રીને ઘરખર્ચ પેટે અમુક રુપિયા આપી દેશે! અને પછી કહેશે કે હવે આમાંથી તારે જે ખર્ચ કરવો હોય તે કરવાનો. એણે રાજેશ્રીને કહ્યું કે હું તને દર મહિને ઘર ખર્ચના 50,000 રુપિયા આપીશ, એમાંથી તારે આંખો મહિનાનો ખર્ચ મેનેજ કરવાનો. આમ તો આપણે બે જ જણાં છીએ, એટલે આટલાં રુપિયા ઈનફ છે! રાજેશ્રી મનોમન ખૂબ ખુશ થઈ. ઋષભ એ કહ્યું કે એક નાનકડી ટેવ રાખજે કે ક્યાં કેટલાં રુપિયા વપરાયાં એનો હિસાબ રાખજે, એટલે આખરમા તને ખબર પડે. આમ જુવો તો ત્રણ મહિનામાં ફ્રીઝ ટીવી એસી વોશીંગ મશીન, ડાઈનિંગ ટેબલ, જેવા બધાં જ સાધનો ખરીદી લીધાં હતાં! શરુઆતમાં તો બધું બરાબર ચાલ્યું અને દસ તારીખ સુધીમાં તો જરુરી બધો સામાન આવી ગયો, લાઈટ બિલ, ગેસ બિલ, કરિયાણું, ઈસ્ત્રી બિલ, ઘર સફાઈની બાઈના, દૂધનાં વગેરે, હવે તો શાકભાજી અને ફ્રુટ તેમજ બેકરી આઈટમ જ … રાજેશ્રી થયું કે ઘરમાં એક ઓવન હોય તો કેવું સારું! અને આટલા રુપિયામાં તો આરામથી આવી જશે! ઉપરથી અત્યારે ખરીદી પર કૂકર ફ્રી ની ઓફર પણ ચાલે છે, એટલે એમ પણ ફાયદો.. રાત્રે ઋષભ આવ્યો અને ત્યાં તો ઘરમાંથી પીત્ઝા ની સુગંધ આવતી હતી અને એ વિચારવા લાગ્યો કે ઓવન વગર રાજેશ્રી એ પીત્ઝા કંઈ રીતે બનાવ્યા હશે? એણે નક્કી કર્યું કે કંઈ બોલવું નથી જોવું તો ખરો! રાજેશ્રી ખુશ થતી થતી બોલી ચાલ ઝડપથી ફ્રેશ થઈ જા, તારી માટે એક સરપ્રાઈઝ છે! ઋષભ એ કહ્યું એમ ! અને ટેબલ પર ડિનરમાં પીત્ઝા આવ્યાં અને રાજેશ્રી એ કહ્યું કે જો ઋષભ તને ચિંતા હતી ને કે મને ઘર ચલાવતા નહીં આવડે! પણ મેં ઘર ખર્ચની બચત માંથી ઓવન ખરીદ્યું! ઋષભ એ કહ્યું કે વાહ શું વાત છે! હકીકતમાં હજી તો આ મહિનાના દસ દિવસ બાકી હતા!

બીજે અઠવાડિયે ઋષભનાં બે ત્રણ ફ્રેન્ડ ફેમિલી સાથે લોંગ વીક એન્ડ માટે આવવાનાં હતાં. એ બધા જ સાથે રાજેશ્રીને પણ બહુ બનતું હતું, એટલે ઋષભ એ હોંશે હોંશે આ વાત એને જણાવી!. ઋષભ એ કહ્યું કે આપણે એ લોકો આવે એ પહેલાં જ સવાર સાંજનું જમવાનું અને નાસ્તાનું મેનુ નક્કી કરી જરૂરી સામાન લઈ આવીશું, એટલે એવે સમયે મીસ મેનેજમેન્ટ થાય નહીં! છ એ લોકો, અને પોતે બે એમ આંઠ જણાં થશે, અને ત્રણ દિવસ રોકાવાના હતાં, એટલે બંન્નેએ એક ટંક ફૂલ ગુજરાતી થાળી એમાં બે મિષ્ટાન્ન અને બે ફરસાણ! એક દિવસ પંજાબી થાળી એક દિવસ સાઉથ ઈન્ડિયન! સાંજે એકદિવસ બહાર જમવાનું નક્કી કર્યું! તો એક દિવસ દહી વડાં, પાણીપુરી ચાટ આઈટમ ! અને નાસ્તામાં પૌંઆ, ઉપમા, સેન્ડવીચ! બધા કામ પરવારી ને નવરી પડતાં જ રાજેશ્રી એ મનોમન વિચાર્યું કે જે પ્રમાણે મેનુ નક્કી થયું છે એ મુજબ એક ટંકના બે હજાર તો થશે જ ઉપરથી બાઈ પણ વધારે લોકોનાં એક્સ્ટ્રા રુપિયા માગશે! અને બે દિવસ પહેલાં એની પાસે હજી પંદર હજાર હતાં પણ ઓવન ખરીદવા ગઈ, એટલે ડિનર સેટ અને સેન્ડવીચ મેકર લઈ લીધું , ઉપરથી એક ડ્રેસ લીધો.ઘર ખર્ચ ઉપરાંત પોતાનાં પણ ખર્ચ કરી નાખ્યાં છે.

ઋષભે કહ્યું કે મોલમાં જવાનો મને સમય નહીં મળે, માટે રાજેશ્રી તું જ બધી ખરીદી કરી લેજે!

કેમ કહેવું કેમ કહેવું કે રુપિયા તો છે જ નહીં! એણે વિચાર્યું કે પપ્પા પાસેથી લઈ લઉં! પણ એમાં તો ઋષભ ની આબરુ શું રહે?; અંતે એણે કહી જ દીધું કે ઘર ખર્ચના રુપિયા વપરાય ગયા છે! ઋષભ જાણતો હતો છતાં કહ્યું એમ ! આટલાં બધાં ક્યાં વપરાય ગયા? રાજેશ્રી તે બજેટ નહોતું બનાવ્યું! આ તો ઠીક છે બાકી મેડિકલ ઈમરજન્સી પણ આવી શકે! તો શું થાય? તું એકલી ક્યાંય ગઈ હોય અને કાંઈ ઊંચનીચ થાય તો રુપિયા હાથ પર ન્હોય તો તું શું કરે? ઋષભ પાસે રુપિયા તો હતાં છતાં રાજેશ્રી ને સમજાવવા નો આ જ મોકો હતો, એટલે એણે કહ્યું કે, ઘર ખર્ચમાંથી પહેલાં એક વર્ષ બચત પર ભાર મુકવો જોઈએ! બે વસ્તુ મોડી ખરીદીએ તો ચાલે, બચત હોય તો આવી કોઈ ઈમરજન્સી આવે તો આપણે પહોંચી શકીએ! મેં આવતે મહિને તારાં બર્થ ડે પર ટૂર પ્લાન કરીને ટિકિટ બુક કરી છે, એટલે એમાં એડવાન્સ આપ્યું અને બાકીના રિદ્ધિની ફીનાં પપ્પાને મોકલ્યા! હવે એમ કરું એ લોકોને કહી દઉં કે આ વખતે રાજેશ્રીનાં પિયરથી એના ભાઈ ભાભી આવવાનાં છે… રાજેશ્રીને પોતાની ભૂલ સમજાઈ ગઈ અને એની આંખ માંથી ટપટપ આંસુ પડવા લાગ્યા, અને ઋષભને કહ્યું તારી વાત સાચી છે! ઋષભે એનાં આંસુ લૂછતાં , મસ્તી કરતાં કહ્યું કે આંસુ પણ બજેટ બનાવીને વાપરજે! સમય થી માંડીને બધું જ.. અને બંને જણાં હસી પડ્યા. મિત્રો આ છે આજના સમયની ઘણી મોટી કહી શકાય એવી સમસ્યા! કે જેમાં આજની પેઢીને રુપિયા વાપરવાનું જાણે ઘેલું લાગ્યું હોય એમ ખર્ચ કરે છે, અને પછી લોનના હપ્તા ભરી ભરીને સ્ટ્રેસ ભરી જીંદગી જીવે છે! અને અંદરોઅંદર સતત લડાઈ ઝઘડા કરે છે.



# ઓગડ તાલુકાના રૂની તીર્થ ખાતે અઠ્ઠમતપની આરાધના



યશપાલસિંહ ટી વાઘેલા થરા, તા. 23

ઓગડ-કાંકરેજ તાલુકા પંથકની રળીયામણી રૂનીતીર્થની ધન્ય ધરાએ શ્રી ગોડીજી પાર્શ્વનાથ દાદાના જન્મ દીક્ષા કલ્યાણકના અવસરે પોષ દશમીના સમુહ અઠ્ઠમતપની આરાધના પૂજ્ય આચાર્યશ્રી કલ્પેન્દ્રસૂરીશ્વરજી મહારાજા તથા રૂની તિર્થોદ્ધારક ગુરૂકલ્પ કૃપાપાત્ર પૂજ્ય આચાર્ય શ્રી શીલરત્નસૂરીશ્વરજી મ સા આદિ શ્રમણ-શ્રમણી ભગવંતોની પાવનકારી નિશ્રામાં યોજાયા. આરાધકોનું આગમન સહ અત્તર વાયણા થયેલ. ભક્તિ સ્ત્રોત પાઠ કરેલ.બાદમાં ગુરૂ ભગવંતોના મુખારવિંદ સામૂહિક અક્રમતપનું પચ્ચખાણ ગ્રહણ કરેલ. બાદમાં સૌએ પરમાત્માની અનેરી સ્નાત્ર ભણાવેલ બપોરે શક્રસ્તવ મહાઅભિષેક યોજાયેલ રાત્રે ભાવનાની રમઝટ જામેલ.

પોષદશમીએ સૌ દર્શનપૂજાઆદિ કરેલ.બાદમાં પૂજ્ય ગુરૂ ભગવંતો ની નિશ્રામાં ૪૪૪ પરિવારો દ્વારા શ્રીપાર્શ્વપદમાવતી મહાપૂજન યોજાયેલ. જેનો લાભ વસંતીબેન અગરચંદજી દોશી પરિવારે લીધેલ. તેમજ મુખ્ય પીઠીકાનો લાભ કમળાબેન હરગોવનદાસ શાહ પરિવારે ઉણ હ.મનોરંજન બેન કેતનભાઈ શાહ પરિવાર દ્વારા લેવાયેલ. તેમજ સહ લાભાર્થી તરીકે વિપીનચંદ્ર વિનોદચંદ્ર કારભારી, શ્રીમતી સુશીલાબેન ચુનીલાલ વોરા લતીપુર, પ્રેમીલાબેન ચંપકલાલ માનચંદભાઈ વાલાણી પરિવાર-થરા,હંસાબેન દિનેશકુમાર પટેલ પરિવાર,દુગરાસણ પરિવારે લાભ લીધેલ.પૂજન સૌને વિધિ સહ ભાવપૂર્વક મુંબઈ પધારેલ કુલદીપ સર દ્વારા પ્રતિક ગેમાવતના સંગીતના તાલ સાથે કરાવેલ. બાદમાં તપસ્વીઓના પારણા સબંધી ઉછામણીઓ થયેલ. આજે પોશદશમીનો અનેરો અવસર હોઈ વિશાળ સંખ્યામાં ભાવિક ભક્તો દાદાની સેવા-પૂજા દર્શનાર્થે પધારેલ.બપોરનાભોજન નો લાભ લીધેલ. બાદમાં દાદાના પગલાંનો પ્રતિવર્ષ યોજાતો વરઘોડો યોજાયેલ.જેમાં પરમાત્માને લઈ બેસવાનો લાભ પ્રેમીલાબેન ચંપકલાલ વાલાણી પરિવારે લઈ ધન્યતા અનુભવેલ. સૌએ દાદાના જીના લયની બેન્ડ સાથે સાજન-માજન સહ પ્રદક્ષિણા કરી ધન્યતા અનુ ભવેલ. બાદમાં અઠ્ઠમતપના અનેરા મહોત્સવમાં લાભ લેનાર ભાગ્યશાળી પરિવારોનું બહુમાન સંગીતના તાલ સાથે થયેલ. તપસ્વીઓના બહુમાનનો લાભ શાહ કિર્તિલાલ રતિલાલ પરિવાર થરાવાળા પરિવારે લીધેલ રાત્રે ભાવનાની રમઝટ જામેલ.

પૂજ્યશ્રીનું પ્રવચન યોજાયેલ તેમજ બપોરે લઘુશાંતી સ્નાત્ર પૂજન યોજાયેલ રાત્રે ભાવનામાં તપસ્વીઓનું બહુમાન કરવામાં આવેલ.પૂજ્ય આચાર્ય કલ્પેન્દ્રસૂરીશ્વરજી મહારાજા તથા પૂજ્ય આચાર્યશ્રી શીલરત્ન સૂરીશ્વરજી મહારાજા તથા પૂજ્ય પંન્યાસશ્રી કલ્પબોધી

સૂરીશ્વરજી મહારાજા આદિનું ગુરૂ પૂજનનો લાભ મીનાબેન સુમનચંદ્ર શાહ પરિવારે લીધેલ.

તપસ્વીઓ પૂજ્યશ્રીના મુખે પચ્ચખાણ ગ્રહણ કરેલ. બાદમાં તપસ્વીઓએ પારણાં કરેલ. ત્રણેયદિવસ પરમાત્માને ભવ્યાતિ ભવ્ય અંગરચના થયેલ તેમજ રોશની, દિપક રોશની સહ ભવ્ય શણગાર સજવામાં આવેલ રૂની ટ્રસ્ટમંડળ તથા યુવાઓને સુંદર સેવાઓ આપેલ. જયજીનેન્દ્રનો લાભ પેથાપુર નિવાસી વિપીનચંદ્ર વિનોદચંદ્ર કારભારી પરિવારે લીધેલ.

# એક મિનિટમાં જીવનબદલાતું નથી, પરંતુ એક મિનિટ વિચારી ને લીધેલો નિર્ણય આખું જીવન બદલવાની ક્ષમતા ધરાવે છે.



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજના લેખની શરૂઆત અનોખી વાતથી કરીએ પરીક્ષાનો સમય ટુંક સમયમાં શરૂ થશે ત્યારે જીવનમાં આવેલી તકને ઝડપે એ જ સફળ થાય છે એ ભૂલવું ન જોઈએ.વિદ્યાર્થી જીવનમાં સતત પરિશ્રમ અને આવેલી દરેક તક મળે તે ઝડપી લેનાર વ્યક્તિ જ આગળ આવે છેતો જોઈએસરસ દૃષ્ટાંત એક સમયની વાત છે. જંગલમાં એક સુંદર તળાવને કિનારે આવેલા વૃક્ષ પરવાંદરાઓ નું રાજ હતું. તોફાની વાંદરાઓના ડરથી બીજા કોઈ પક્ષી સુદ્ધાએ વૃક્ષ પર બેસતા નહોતા.

એક દિવસ એક મહર્ષિ અને એક રાજકુમાર વૃક્ષની નીચે આવીને બેઠા કે વાંદરાઓએ તોફાન મચાવવાનું શરૂ કરી દીધું એ જોઈએ મહર્ષિએ વાંદરાઓને પૂછ્યું તમે વટેમાર્ગુને કેમ આરામ કરવા દેતા નથી.?’

વાંદરાઓના સરદારે કહ્યું અમને માણસ જાતની ઈર્ષ્યા આવે છે ઈશ્વરે તમને માણસોને સુંદર બનાવ્યા છે અને અમને કદરૂપા ઢંગધડા વગરના.’મહર્ષિએ કહ્યું એમાં ભગવાનને દોષ દેવો ન તો ઉચિત છે કે ન તો કોઈ લાભ છે. જે જેવું કર્મ કરે છે.ભગવાને બધાં ને સુધારવાની સરખી તક આપેલી છે.પણ કોઈ ઓળખે છેઅને કોઈ નહીં તક ઝડપી લેનાર ફાયદામાં રહે છે અને તક ગુમાવી જીવનના છેલ્લા શ્વાસ સુધી ખોટ અને પસ્તાવામાં.‘ વાંદરાના સરદારે કહ્યું:અમે નથી માનતા કે ભગવાને બધાંને સરખી તક આપી છે,આબધું બકવાસછે “માનો કે ન માનો. તમારી મરજી.” મહર્ષિ પાસેના વૃક્ષ નીચે જઈને બેઠા અને રાજકુમારને પણ પોતાની પાસે બોલાવી લીધો. એટલામાં ક્યાંકથી આકાશવાણી થઈ. ‘આકાશમાં વીજળીચમકશે, જે વાનર કે વાંદરી તળાવમાં કૂદી પડશે એ પુરુષ કાન્તિવાન અને સ્ત્રી અપ્સરા બની જશે. એટલે જેણે મનુષ્ય બનવું હોય તે તકનો લાભ લઈ લે.’ ‘ વાનરોના મનમાં જાતજાતનાંપ્રશ્નો ઉદભવવા માંડ્યાં.શું વીજળી જ તળાવના પાણીમાં પ્રવેશશે અને તે સમયે પાણીમાં કૂદી પડનાર સુંદર સ્ત્રી કે પુરુષ બની જશે ?એટલામાં આકાશમાંથી પવિત્ર વીજળી ચમકી.એ જ ક્ષણે એક વાંદરી તળાવમાં કૂદી પડી.બાકી ના વાનરો એ ક્ષણની રાહ જોતાં હતાં કે પેલી વાંદરી અપ્સરા જેવી સુંદર બનીને બહાર નીકળે છે કે નહીં. અંતે પેલી વાંદરી સુંદર સ્ત્રી બનીને તળાવમાંથી બહારનીકળી બધાંને લાગ્યું કે આકાશવાણી સાચી હતી. અને સહુ વાનરો તળાવમાં કૂદી પડ્યા અને બહાર નીકળ્યા ત્યારે વાંદરા જ હતાં. તેમને એ વાતનો પશ્ચાતાપ થયો કે તેમણે . શા માટે પવિત્ર ક્ષણનો લાભ ન લીધો.

પેલી વાંદરીમાંથી સુંદર યુવતી બનેલી સુંદરીના શરીરપર રાજસી પોશાક અને રત્નજડિત આભૂ ષણો ચમકતાં હતાં. મહર્ષિએ એને પૂછ્યું, ‘શું તને વિશ્વાસ હતો કે આકાશવાણી સાચી ઠરશે?” “મહર્ષિ,વાત વિશ્વાસ-અવિશ્વાસ ની નહોતી. આકાશવાણીમાં કહેવાયું હતું કે વાંદરો કે વાંદરીએ ક્ષણે તળાવમાં



કૂદી પડશે તે મનુષ્યયોનિ પ્રાપ્ત કરશે.એમ નહોતું કહેવાયું કે કૂતરો-બિલાડી કે બીજું કોઈ જાનવર બની જશે. એટલે મેં માણસ બનવાની તક ઝડપી લીધીઅને હું તળાવમાંકૂદી પડી. મેં હાથમાં આવેલી તક જવા ન દીધી.”રાજકુમારે તે સુંદરયુવતી સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો અને બન્ને રાજમહેલ તરફ જવાવિદાય થયાં. વાચક ચાહક મિત્રો આ વાત પરથીએ સમજ વાનું છે કે બધું ભગવાન ભરોસે છોડ્યા કરતાં આપણે પણ કંઈક કરવું પડે.શ્રીમદ્ ભગવદ્ ગીતા જ્ઞાનમાં છેલ્લે આજે જોઈએ તો પગદંડી સાંકડી છે તેની ઉપર જગ્યા રહેતી નથી, તેથી લક્ષ્મણ કાંટા ઉપર ચાલે છે. રામજીથી આ બધું જોવાતું નથી.તેથીતેમણે ક્રમ ફેરવ્યો.પહેલાં લક્ષ્મણ પછી સીતા અને પછી રામ.હવેએ પ્રમાણે ચાલે છે. જ્યાં મુકામ કરે ત્યાં લોકો દર્શન કરવા આવે છે.ગામની સ્ત્રીઓ માતાજીને વારંવાર વંદન કરે છે.કોઈ કોઈ તો હસીને પૂછે છે કે, આ બે છે તેમાં તમારા કોણ છે?સીતાજી કહેછેકે પેલા ગોરા ગોરા છેતે મારા દિયર છે આમ લક્ષ્મણનો પરિચય આપે છે પણ રામજીનો પરિચયઆપ્યો નથી.શ્રુતિ પણ પરમાત્માનું વર્ણન નિષેધથી કરે છે.કહે છે કે, ન ઇતિ ન ઇતિ.આ નહીં, આ નહીં!રામ સીતા દર્ભની પથારીમાં સૂતા છે. લક્ષ્મણ,ગુહક ચાકરી કરે છે. ગુહક કૈકેયીનો તિરસ્કાર કરે છે તે વખતે લક્ષ્મણ ગુહકરાજાને ઉપ દેશ કરે છે,તે લક્ષ્મણ ગીતા નામે પ્રસિદ્ધ છે.

લક્ષ્મણજી કહે છે કે,બીજા કોઈ માણસને સુખી કે દુ:ખી કરીશકતો નથી.મનુષ્યને સુખદુ:ખ આપનાર તેનું કર્મ છે.કર્મનેઆધારે આસૃષ્ટિ છે.જ્ઞાની મહાત્માતેથી કોઈને દોષ આપતા નથી.રામ સ્વેચ્છાએ વનમાં આવ્યા છે.સીતા રામજીનાં ચરણાર વિંદનું નિત્ય સ્મરણ કરવું એ જ પરમાર્થ છે.

જ્ઞાની પુરુષો સુખદુ:ખનું કારણ બહાર શોધતા નથી.મને કોઈ સુખદુ:ખ આપે છેએ કલ્પના ભ્રામક છે. એવી કલ્પનામાંથી બીજા જીવ પ્રત્યે વેરભાવજાગશે સદાસર્વદા મનને સમજાવો.તને જે સુખદુ:ખ થાય છે તારા કર્મનું ફળ છે.

રામજીને કર્મનું બંધન નથી. તેઓ તો કર્મથી પર છે.રામજી પોતાની ઈચ્છાથી પ્રગટ થાય છે.જીવ પોતાનાં કર્મનાં બળે કરીને જન્મે છે. પરમાત્મા જ્યારે લીલા કરવા આવે છે, ત્યારે કર્મની મર્યાદામાં રહે છે. જગતને એવો આદર્શ બતાવે છે કે,હું ઈશ્વર છું છતાં હું કર્મની મર્યાદા પાળું છું.આ ભગ વાનની લીલા છે. કૈકેયીએ રામને વનવાસ આપ્યો. કૌશલ્યા માને અતિ દુ:ખ થયું ત્યારે રામજી એ માને કહ્યું કે,આ મારાં કર્મનું ફળ છે. પૂર્વજન્મમાં મેં કૈકેયીને દુ:ખ આપ્યું હતું તેનું આ ફળ છે. મેં પરશુરામ અવતારમાં જે કર્યું હતું તે રામાવતારમાં ભોગવવાનો વખત આવ્યો. પૂર્વજન્મમાં કૈકેયી રેણુકા હતી, જમદગ્નિ ઋષિની પત્ની અને પરશુરામની મા.એક વખત રેણુકાને મનમાં વિચાર આવ્યો કે, ગંધર્વ કન્યા જેવું સુખ મને મળ્યું નહીં.આમ મનથીવ્યભિચાર થયો તે ઋષિજમદગ્નિના જાણવામાં આવ્યું તેમણે પરશુ રામને કહ્યું કે, તારી મા પાપી છે, તેને મારી નાંખ. પરશુરામને આજ્ઞા થઈ તેથી તેણે માને મારી નાખી. રામજી કૌશલ્યાને સમજાવે છે કે, પૂર્વજન્મમાં મેં માને દુ:ખ આપ્યું, તેથી આ જન્મમાં મને કૈકેયી મા દુ:ખ આપે છે. મહાત્માઓ તો ત્યાં સુધી કહે છે કે,રામે રામાવ તારમાં જે વાલીને માર્યો તે જ વાલી શ્રીકૃષ્ણાવતારમાં પારધી થઈને આવ્યો અને ભગવાનને બાણ મારેલું. કરેલાં કર્મનું ફળ ભોગવવું પડે છે.

રામજીને કર્મનું બંધન નથી. તેઓ તો કર્મથી પર છે. રામજી પોતાની ઈચ્છાથી પ્રગટ થાય છે.જીવ પોતાનાં કર્મનાં બળે કરીને જન્મે છે. પરમાત્મા જ્યારે લીલા કરવા આવે છે, ત્યારે કર્મની મર્યાદામાં રહે છે. જગતને એવો આદર્શ બતાવે છે કે,હું ઈશ્વર છું છતાં હું કર્મની મર્યાદા પાળું છું.આ ભગ વાનની લીલા છે. કૈકેયીએ રામને વનવાસ આપ્યો. કૌશલ્યા માને અતિ દુ:ખ થયું ત્યારે રામજી એ માને કહ્યું કે,આ મારાં કર્મનું ફળ છે. પૂર્વજન્મમાં મેં કૈકેયીને દુ:ખ આપ્યું હતું તેનું આ ફળ છે. મેં પરશુરામ અવતારમાં જે કર્યું હતું તે રામાવતારમાં ભોગવવાનો વખત આવ્યો. પૂર્વજન્મમાં કૈકેયી રેણુકા હતી, જમદગ્નિ ઋષિની પત્ની અને પરશુરામની મા.એક વખત રેણુકાને મનમાં વિચાર આવ્યો કે, ગંધર્વ કન્યા જેવું સુખ મને મળ્યું નહીં.આમ મનથીવ્યભિચાર થયો તે ઋષિજમદગ્નિના જાણવામાં આવ્યું તેમણે પરશુ રામને કહ્યું કે, તારી મા પાપી છે, તેને મારી નાંખ. પરશુરામને આજ્ઞા થઈ તેથી તેણે માને મારી નાખી. રામજી કૌશલ્યાને સમજાવે છે કે, પૂર્વજન્મમાં મેં માને દુ:ખ આપ્યું, તેથી આ જન્મમાં મને કૈકેયી મા દુ:ખ આપે છે. મહાત્માઓ તો ત્યાં સુધી કહે છે કે,રામે રામાવ તારમાં જે વાલીને માર્યો તે જ વાલી શ્રીકૃષ્ણાવતારમાં પારધી થઈને આવ્યો અને ભગવાનને બાણ મારેલું. કરેલાં કર્મનું ફળ ભોગવવું પડે છે. આખીરાત લક્ષ્મણજી અને ગુહક વચ્ચે આ પ્રમાણે વાતો થઈ.બ્રાહ્મ મુહૂર્તમાં રામજી સ્નાન કરી શિવ પૂજન કરે છે.રઘુનાથજી બતાવે છે કે,હું ઈશ્વર છું છતાં શિવ પૂજન કરું છું.ગુહક ઘરે જવા ના પાડે છે.રામજી કહે છે,સારું. ચિત્રકૂટમાં હું નિવાસ કરું અને પછી તમે ઘરે જજો. આજે આપણે અહીં અટકી અસ્તુ.

# પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે યુનિવર્સલ પોસ્ટલ યુનિયનની આંતરરાષ્ટ્રીય પત્ર લેખન સ્પર્ધાની વિજેતા અમદાવાદની વિદ્યાર્થીની વિશ્વાબા એ. વાઘેલાને કરી સન્માનિત

**અમદાવાદ, તા. 23**

આજના ઝડપી ગતિના યુગમાં, જ્યાં સંવાદના મોટાભાગના સાધનો ડિજિટલ પ્લેટફોર્મ સુધી સીમિત થઈ ગયા છે, ત્યાં પણ પત્રલેખનની પરંપરા આજે પણ પોતાની પ્રાસંગિકતા અને ગૌરવ જાળવી રાખે છે. હાથથી લખાયેલ પત્ર મનની ઊંડાઈમાંથી નીકળેલી લાગણીઓને જીવંત સ્વરૂપે રજૂ કરે છે અને વાચકના હૃદય સાથે સીધો સંવાદ સ્થાપે છે. ઉપરોક્ત વિચાર ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે 'યુનિવર્સલ પોસ્ટલ યુનિયન આંતરરાષ્ટ્રીય પત્ર લેખન સ્પર્ધા-2025'ની વિજેતા વિદ્યાર્થીનીને સન્માનિત કરતી વખતે વ્યક્ત કર્યા. આ પ્રસંગે અમદાવાદ સ્થિત એચ.બી. કાપડિયા પ્રાથમિક શાળાની ધોરણ 8ની વિદ્યાર્થીની વિશ્વાબા એ. વાઘેલાને સમગ્ર ગુજરાત પરિમંડળમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરવા બદલ પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ દ્વારા રૂપિયા 5,000/- નો ચેક તથા પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવી. ઉલ્લેખનીય છે કે યુનિવર્સલ પોસ્ટલ યુનિયન દ્વારા "કલ્પના કરો કે તમે સમુદ્ર છો. કોઈને પત્ર લખીને સમજાવો કે તમારું યોગ્ય સંરક્ષણ કેમ અને કેવી રીતે કરવું જોઈએ" વિષય પર આયોજિત આ આંતરરાષ્ટ્રીય પત્ર લેખન સ્પર્ધામાં ગુજરાત પરિમંડળના વિવિધ શાળાઓના કુલ 995 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ગુજરાત પરિમંડળમાં વડોદરા પરિક્ષેત્રના પ્રાંજલ પી. અગ્રવાલે પ્રથમ સ્થાન, રાજકોટ પરિક્ષેત્રની એરફોર્સ સ્કૂલ, જામનગરની સોનલ આર. ડેરે દ્વિતીય સ્થાન અને



અમદાવાદ મુખ્યાલય પરિક્ષેત્રની એચ.બી. કાપડિયા પ્રાથમિક શાળા, અમદાવાદની વિશ્વાબા એ. વાઘેલાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય સ્તરે આયોજિત આ સ્પર્ધા માત્ર બાળકોની સર્જનાત્મકતા અને લેખન ક્ષમતાને પ્રોત્સાહન આપવાનું માધ્યમ બની નથી, પરંતુ તેમના અંદર પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃતિ અને સંવેદનશીલતા વિકસાવવામાં પણ સહાયક સાબિત થઈ છે. બાળકોએ પોતાના પત્રો દ્વારા સમુદ્ર સંરક્ષણ, પર્યાવરણીય સંતુલન અને પ્રકૃતિ પ્રત્યેની જવાબદારીનો સશક્ત સંદેશ આપ્યો છે. યુનિવર્સલ પોસ્ટલ યુનિયન તથા ભારતીય ડાક વિભાગ દ્વારા આયોજિત આ પહેલ યુવાનોને ખાસ કરીને જેન-Z ને સામાજિક અને વૈશ્વિક વિષયો પર વિચાર કરવા તથા પત્રલેખન દ્વારા પોતાની ભાવનાઓ અભિવ્યક્ત કરવા માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરો પાડે છે. આ સ્પર્ધા તેમને પોતાના વિચારોને સર્જનાત્મક, સંવેદનશીલ અને અસરકારક શબ્દોમાં રજૂ કરવાની એક સુવર્ણ તક પ્રદાન કરે છે.

અમદાવાદ જીપીઓના સિનિયર પોસ્ટમાસ્ટર શ્રી અલ્પેશ શાહે જણાવ્યું કે ભારતીય ડાક વિભાગ દ્વારા દર વર્ષે 9 થી 15 વર્ષના બાળકો માટે 'યુનિવર્સલ પોસ્ટલ યુનિયન આંતરરાષ્ટ્રીય પત્ર લેખન સ્પર્ધા'નું આયોજન કરવામાં આવે છે. આ સ્પર્ધામાં રાજ્ય અથવા પરિમંડળ સ્તરે પસંદ થયેલા શ્રેષ્ઠ ત્રણ પ્રતિભાશાળી પ્રતિભાગીઓને અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય પુરસ્કાર તરીકે રૂપિયા 25,000/-, રૂપિયા 10,000/- અને રૂપિયા 5,000/-ની ઈનામ રકમ પ્રમાણપત્ર સાથે પ્રદાન કરવામાં આવે છે. આ પ્રસંગે અમદાવાદ જીપીઓના સિનિયર પોસ્ટમાસ્ટર શ્રી અલ્પેશ આર. શાહ, સહાયક નિદેશક શ્રી વી.એમ. વહોરા, શ્રી એમ.એમ. શેખ, શ્રી રિતુલ ગાંધી, સહાયક અધિક્ષક શ્રી જિનેશ પટેલ, શ્રી રમેશ પટેલ, શ્રી રોનક શાહ, શ્રી ભાવિન પ્રજાપતિ, સહાયક લેખા અધિકારી શ્રી રામસ્વરૂપ મંગાવા, નિરીક્ષિક સુશ્રી પાયલ પટેલ, યોગેન્દ્ર રાઠોડ, દિક્ષિત રામી સહિત અનેક અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા.

# એ એ શેખ (જબ્બાર) ની DYSPમા પ્રમોશન થતા દેવગઢ બારીઆ મુસ્લિમ સમાજમા ખુશી ની લહેર



**દેવગઢ બારીઆ, તા. 23**

દેવગઢ બારીઆ નગર ના કસ્બા વિસ્તાર મા રહેતા એ એ શેખ (જબ્બાર) વડોદરા ખાતે પી આઈ તરીકે ફરજ બજાવતા હતા હાલ ગુજરાત ગૃહ મંત્રાલય.દ્વારા ૬૯ પી આઈ ને ડી વાય એસ પી તરીકે પ્રમોશન આપવા મા આવ્યા જેમાં દેવગઢ બારીઆ નગર ના મુસ્લિમ વિસ્તાર કસ્બા મા રહેતા એ એ શેખ જબ્બાર ને DYSP તરીકે પ્રમોશન મળતા તેમણે મુસ્લિમ સમાજ દ્વારા અભિનંદન પાઠવી ખુશી ની લાગણી વ્યક્તિ કરી આશીર્વાદ આપ્યા હતા. તેમજ તેઓની બહાદુરી અને જાંબાઝીના કાર્યો જોઈને તેઓના સ્ટાફ સહિત સમગ્ર પોલીસ બેડા તેઓની તારીફ કરી રહ્યું છે. તેઓની વણઉકેલાયેલા કેસોને વ્યવસ્થિત રીતે તેઓ ઉકેલીને ગુન્હેગારોને ઝબબ્બે કરી જેલના સળિયા ગણતા કરી દે છે.

# ઝાલોદ બસ ડેપોની રાજસ્થાન-ગુજરાત બસો બંધ થતાં મુસાફરો પરેશાન




**ગાંધીનગર, તા. 23**

ઝાલોદ એસ.ટી. બસ ડેપો દ્વારા રાજસ્થાનથી ગુજરાત આવતી મહત્વની બસ સેવાઓ અચાનક બંધ કરવામાં આવતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. દિવાળીના તહેવાર દરમિયાન શરૂ કરાયેલી અને સારી આવક આપતી બસો બંધ થતા મુસાફરોમાં રોષ અને અસંતોષ જોવા મળી રહ્યો છે.

દિવાળી દરમ્યાન શરૂ થયેલી બસોથી મુસાફરોને મોટી રાહત

દિવાળીના તહેવારો દરમિયાન ઝાલોદ ડેપો દ્વારા કુશલગઢ-વાપી, કુશલગઢ-અમદાવાદ અને કુશલગઢ-દાહોદ જેવી મહત્વની રૂટની બસો શરૂ કરવામાં આવી હતી. આ બસ સેવાઓ શરૂ થતા રાજસ્થાન અને ગુજરાત વચ્ચે આવનજાવન સરળ બન્યું હતું અને મોટી સંખ્યામાં મુસાફરોને લાભ મળ્યો હતો. આ સમયગાળામાં મુસાફરોમાં ખુશી જોવા મળતી હતી અને વાહન વ્યવહાર પણ સુવ્યવસ્થિત બન્યો હતો.

કમાણી કરતી બસો અચાનક બંધ - અનેક તર્કવિતર્ક

વિશ્વસનીય સૂત્રો મુજબ, આ બસ સેવાઓ દરમિયાન ઝાલોદ એસ.ટી. ડેપોની આવકમાં નોંધપાત્ર વધારો થયો હતો. તેમ છતાં દિવાળી પૂર્ણ થતા આ તમામ બસ સેવાઓ અચાનક બંધ કરી દેવામાં આવતા મુસાફરો માટે મુશ્કેલી સર્જાઈ છે. બસો બંધ થતાં મુસાફરોને હવે ખાનગી જીપો અને અન્ય વાહનોમાં જોખમભરી રીતે મુસાફરી કરવી પડે છે, જેમાં ઘણી વખત મુસાફરોને લટકીને આવવું પડે છે.

મુસાફરોની માંગ - બસ સેવાઓ કાયમી શરૂ કરો

બસો બંધ થતા રાજસ્થાનને અડીને આવેલા વિસ્તારોના મુસાફરો ભારે પરેશાની અનુભવી રહ્યા છે. મુસાફરો દ્વારા માંગ કરવામાં આવી રહી છે કે આ બસ સેવાઓ ફરીથી શરૂ કરવામાં આવે તેમજ આ વિસ્તાર માટે વધુ બસ રૂટ શરૂ કરવામાં આવે તો ઝાલોદ આવનજાવન વધુ સરળ બની શકે.

ઝાલોદ ડેપો - કમાઉ ડેપો હોવાની હકીકત

સૂત્રોના જણાવ્યા મુજબ, ઝાલોદ એસ.ટી. ડેપો ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમનો એક કમાઉ ડેપો છે. અહીંથી દરરોજ અંદાજે 80 બસોની આવનજાવન થાય છે અને 8000થી વધુ મુસાફરો રોજિંદી મુસાફરી કરે છે. મોટા શહેરો સાથે સીધા સંપર્ક હોવાના કારણે આ ડેપો સામાન્ય રીતે નુકશાનમાં રહેતો નથી.

# ઝાલોદ ખાતે ખાનગી IMA અને આયુષ તબીબો માટે ટીબી રોગ અંગે આધુનિક સેવાઓ બાબતે સી.એમ.ઈ યોજાઇ

**ઝાલોદ, તા. 23**

દાહોદ : જીલ્લાના ઝાલોદ તાલુકામાં મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ ઉદય ટીલવાતના માર્ગદર્શન હેઠળ ક્ષયના નિદાન અને સારવારની આધુનિક સેવાઓ બાબતે માહિતિ માર્ગદર્શન રાષ્ટ્રિય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન અને આયુષ તબીબ માટે ટીબી રોગ વિશેના અધ્યતન જાણકારી ઝાલોદ અને લીમડીના ખાનગી તબીબો સુધી પોહચે તે માટે સીએમઈ ઝાલોદ ખાતે કરવામાં આવી હતી. આ CME માં જીલ્લા મા અને ઝાલોદમાં હાલમાં ટીબીની વાસ્તવિક પરિસ્થિતિ શું છે અને તેમા સરકારશ્રીની વિવિધ સૂચનાઓ અન્વયે ટીબી રોગની સારવાર નિદાનમાં ખાનગી તબીબો કઈ રીતે પોતાનું પ્રદાન કરી શકે તે માટે જીલ્લા ક્ષય અધિકારી શ્રી એ ડેઇલી રેજીમેન, જીન એક્સપર્ટ, CNBAAT, ટ્રુ નાટ,અનેCY TB ટેસ્ટ તથા બી પાલ રેજીમેન વિષે અધ્યતન અને વિસ્તૃત માહીતી પુરી પાડી હતી ભારત સરકારશ્રી આરોગ્ય વિભાગના નોટિફિકેશનથી ખાનગી તબીબો દવારા તમામ ટીબીના દર્દીઓ નું રજીસ્ટ્રેશન નિક્ષયમાં થાય તે માટેની વધુ જાણકારી આપી હતી તથા નિક્ષય મિત્ર બની દર્દી ને દતક લઈ પોષણ અભિયાન વિષે તથા ટીબી મુક્ત ભારત અભિયાન, ટીબી મુક્ત ગ્રામ પંચાયત ની ચર્ચા કરવામાં આવી હતી.MDR ટીબીની સારવાર,નિદાન ફોલોપ વિશે અધ્યતન અને વિસ્તૃત માહીતી પુરી પાડી હતી, MDR ટીબી ના દર્દીઓ ને થતી આડ અસરો વિષે પણ ચર્ચા કરવામાં આવી હતી આ CME માં ઝાલોદ IMA પ્રમુખ ડૉ રાજેશ લબાના તથા તાલુકા હેલ્થ ઓફિસર ડૉ તુષાર ભાભોર સહિત લગભગ 45 જેટલા તબીબો હાજર રહ્યા હતા. દરેક ડૉ. મિત્રો આ CME આવી કાર્યક્રમને સફળ બનાવ્યો એ તમામ ડૉક્ટરનો આભાર માન્યો હતો.

## 25 વર્ષની શૈક્ષણિક યાત્રા પૂર્ણ કરતી નારાયણા બિઝનેસ સ્કૂલમાં દીક્ષાંત કાર્યક્રમ

# નારાયણા બિઝનેસ સ્કૂલે તેની 25મી વર્ષગાંઠની ઉજવણી કરતાં પદવીદાન સમારોહમાં 540થી વધુ ડિગ્રીઓ એનાયત કરી

**ગાંધીનગર, તા. 23**

20 ડિસેમ્બર, 2025 - અમદાવાદ સ્થિત નારાયણા બિઝનેસ સ્કૂલે (એનબીએસ) 2023-25ના ગ્રેજ્યુએટિંગ ક્લાસ માટે પદવીદાન સમારોહનું આયોજન કર્યું હતું, આ એક ઐતિહાસિક સમારોહ હતો, જે સંસ્થા મેનેજમેન્ટ એજ્યુકેશનમાં 25 વર્ષની શ્રેષ્ઠતાની ઉજવણી કરી રહી હોવાના કારણે પણ ખાસ હતો. આ સમારોહ ન માત્ર વિદ્યાર્થીઓ માટે શિક્ષણ પૂર્ણ થવાનું પ્રતીક હતો, પરંતુ સંસ્થાના કાયમી વારસા, ફેકલ્ટીની પ્રતિબદ્ધતા અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના પ્રભાવની ઉજવણી તરીકે પણ હતો. આ કાર્યક્રમનું આયોજન સંસ્થાના સ્થાપક નિર્દેશક ડો. અમિત ગુપ્તા, ડિરેક્ટર શ્રી એસ. સી. ગુપ્તા, ડિન - અકેડેમિક્સ ડો. પુર્વી ગુપ્તા તથા વાઈસ પ્રેસિડેન્ટ - ગ્રોથ એન્ડ સ્ટ્રેટેજી શ્રી વિશાલ તિવારીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સિલ્વર જ્યુબિલી ગ્રેજ્યુએટિંગ બેચના ભાગ રૂપે, કુલ 540 વિદ્યાર્થીઓએ અનેક સ્પેશ્યલાઈઝેશનમાં ગ્રેજ્યુટ થયા, અને પ્રોફેશનલ્સ વિશ્વમાં પ્રવેશ કર્યો. ભારતના 24થી વધુ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આવેલા સ્નાતક વિદ્યાર્થીઓ માટે આ સમારોહ તેમના શૈક્ષણિક જીવનનો એક મહત્વપૂર્ણ પડાવ હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહેનાર મહેમાન નારાયણા બિઝનેસ સ્કૂલ, અમદાવાદના ગૌરવભર્યા પૂર્વ વિદ્યાર્થી પણ હતા, જેના કારણે આ પ્રસંગ વધુ ખાસ બન્યો. સમારોહની શરૂઆત નારાયણા બિઝનેસ સ્કૂલના ફાઉન્ડર અને ડિરેક્ટર ડૉ. અમિત ગુપ્તાના સંબોધન સાથે થઈ, જેમણે સંસ્થાની સફર અને તેના સ્થાપનાના દ્રષ્ટિકોણ પર પ્રતિબિંબ પાડ્યો. ડૉ. અમિત ગુપ્તાએ જણાવ્યું, 'છેલ્લા 25 વર્ષોમાં, અમે યોગ્યતાની સાથેસાથે ચારિત્ર્ય નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. 'અમારા ગ્રેજ્યુએટ્સ દુનિયામાં ડગલુ ભરી રહ્યાં હોવાથી અમે આશા ધરાવીએ છીએ કે તેઓ પ્રામાણિકતા, જિજ્ઞાસા અને સાર્થક પ્રભાવ પાડવાની પ્રતિબદ્ધતા સાથે આગળ વધતા રહેશે.' આ દીક્ષાંત સમારોહમાં પેટીએમ મનીના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી સંદીપ ભારદ્વાજ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. નારાયણા બિઝનેસ સ્કૂલના ગૌરવશાળી ભૂતપૂર્વ વિદ્યાર્થી એવા શ્રી ભારદ્વાજનું કેમ્પસમાં પરત આવવું શીખવા, દ્રઢતા અને નેતૃત્વ દ્વારા આકાર પામેલી શૈક્ષણિક યાત્રાના સંપૂર્ણ વર્તુળનું પ્રતીક બની રહ્યું છે. સ્નાતક વિદ્યાર્થીઓને સંબોધતા, શ્રી ભારદ્વાજે ઝડપથી બદલાતી દુનિયામાં અનુકૂલનક્ષમતા અને મૂલ્યો આધારિત નેતૃત્વ વિશે વાત કરતાં જણાવ્યું, 'ભવિષ્યમાં સતત શીખવાની અને નૈતિક નિર્ણયો લેવાની જરૂરિયાત રહેશે. આજે તમે જે પાયો નાંખો છો તે કાલે તમે કેવા લીડર બનશો તે નક્કી કરશે. ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે નારાયણા બિઝનેસ સ્કૂલમાં પાછા ફરવું અને આ ગ્રેજ્યુએટિંગ ક્લાસને સંબોધિત કરવું એ મારા માટે ખૂબ જ વ્યક્તિગત અને અત્યંત મહત્વતા ધરાવે છે.' સંસ્થાના નેતૃત્વએ છેલ્લા 25 વર્ષોમાં એનબીએસના વિકાસ પાછળના સામૂહિક પ્રયાસોને પણ સ્વીકાર્યા, ફેકલ્ટી મેમ્બર્સ, વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને ઈન્ડસ્ટ્રી પાર્ટનર્સના યોગદાનને ઓળખ આપી, જેમણે શૈક્ષણિક મજબૂતાઈ અને વ્યવહારિક સુસંગતતા પર આધારિત લર્નિંગ ઈકોસિસ્ટમને આકાર આપવામાં મદદ કરી.

વિશેષ એવોર્ડ (2023-25 બેચ): નારાયણા બિઝનેસ સ્કૂલે ક્લાસરૂમ ઉપરાંત શ્રેષ્ઠતા દર્શાવનારા વિદ્યાર્થીઓને સ્પેશ્યલ રેકિગ્નશન એવોર્ડ કર્યા.

* કેમ્પસ લાઈફમાં એકંદર વિકાસ, નેતૃત્વ અને યોગદાન બદલ, કંટિટેટિવ ફાઈનાન્સ (2023-25)માં પીજીડીએમના પૂર્ણપ્રદન્યા આનંદ પાંડુરંગીને હોલિસ્ટિક એવોર્ડ ટ્રોફી (બેચનો વિદ્યાર્થી) એનાયત કરવામાં આવી હતી.

## ૪ મહાનગરપાલિકા અને ૬૬ નગરપાલિકામાં કુલ ૧૩૬ પ્રોજેક્ટ માટે ₹૫.૧૧ કરોડના પ્રોજેક્ટ્સની શરૂઆત કરવામાં આવી

# શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાએ ધોળકાથી 'વિમેન ફોર ટ્રીઝ કેમ્પેઇન'નો શુભારંભ કરાવ્યો

## શહેરી વિકાસ સાથે પ્રજા કલ્યાણના કામો અને માળખાગત સુવિધાઓ આપણી પ્રાથમિકતા :- શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા

**ગાંધીનગર, તા. 23**

શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાએ ધોળકાથી 'વિમેન ફોર ટ્રીઝ કેમ્પેઈન'નો શુભારંભ કરાવ્યો હતો. શહેરી વિકાસ વર્ષની ઉજવણી અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં ૪ મહાનગરપાલિકાના ૪૦ પ્રોજેક્ટ માટે ૧૮૫.૯૫ લાખ અને ૬૬ નગરપાલિકામાં ૯૬ પ્રોજેક્ટ માટે ૩૨૫.૭૩ લાખ મળીને કુલ ૧૩૬ પ્રોજેક્ટમાં દોઢ લાખ વૃક્ષો વાવવા માટે ૫.૧૧ કરોડના પ્રોજેક્ટ્સની શરૂઆત કરવામાં આવી હતી.

આ પ્રસંગે પીએમ સ્વનિધિના લાભાર્થીઓને લાભોના ચેક વિતરણ કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ વૃક્ષારોપણ કરીને કેમ્પેઈનનો પ્રારંભ કરાવ્યો હતો. સ્વસહાય જૂથો થકી પર્યાવરણ સંરક્ષણના ધ્યેય સાથે ધોળકા ખાતે યોજાયેલા રાજ્યકક્ષા કાર્યક્રમને સમાંતર ૬૯ મહાનગરપાલિકાઓ/ નગરપાલિકાઓમાં સ્થાનિક કક્ષાએ પણ કાર્યક્રમ યોજાયો હતો. ધોળકાના વિરાટ સરોવર ખાતેથી શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાએ 'વિમેન ફોર ટ્રીઝ કેમ્પેઇન'નો શુભારંભ કરાવતા જણાવ્યું હતું કે આ અભિયાન દ્વારા મહિલાઓ પર્યાવરણ સંરક્ષણમાં સહભાગી થશે. સાથે જ, રાજ્યની ૭૦ મહાનગરપાલિકા/ નગરપાલિકામાંથી પણ બહેનો આ અભિયાનમાં સહભાગી થશે. શહેરી વિકાસ વિભાગ આજે આધુનિક શહેરોના નિર્માણ સાથે ગ્રીન કવર જાળવી રાખવા પણ સતત પ્રયાસરત રહે છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે માત્ર શહેરીકરણ કરીને કોંક્રિટના જંગલો જ આપણે ઊભા નથી કરવા, આપણે શહેરીકરણ સાથે પર્યાવરણનું પણ ધ્યાન રાખવાનું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશા પર્યાવરણ સંરક્ષણને પ્રાથમિકતા આપે છે. ગ્લોબલ વોર્મિંગ સામે જરૂરી પગલાં લઈને




વૃક્ષારોપણ દ્વારા પર્યાવરણને બચાવવા વડાપ્રધાનશ્રીએ 'એક પેડ માં કે નામ' અભિયાન શરૂ કરાવ્યું છે. વૃક્ષો દ્વારા જ આપણને શુદ્ધ ઓક્સિજન મળશે. આપણે માત્ર વૃક્ષો વાવવાના જ નથી, તેનું જતન કરીને તેને મોટા પણ કરવાના છે એમ જણાવીને મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે આ વર્ષને આપણે શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવીએ છીએ ત્યારે આપણે શહેરી વિકાસ સાથે પ્રજા કલ્યાણના કામો અને માળખાગત સુવિધાઓ પ્રત્યે પણ ધ્યાન આપવાનું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આજે વિકાસ કાર્યો માટે બજેટમાં કોઈ કચાશ રાખવામાં આવતી નથી. સાથે જ, મંત્રીશ્રીએ નગરપાલિકાઓને માળખાગત સુવિધાઓના વિકાસ માટે તેમને ફાળવવામાં આવતી ગ્રાન્ટનો આયોજનપૂર્વક ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.પીએમ સ્વનિધિ યોજના અને સ્વચ્છતા અભિયાનનો ઉલ્લેખ કરીને મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી



હંમેશા નાના માણસોને મુખ્યધારામાં લાવવા પ્રયાસરત રહે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શનમાં અનેકવિધ અભિયાનો અને સહાય યોજનાઓના સુઆયોજિત અમલીકરણ થકી ગુજરાતની વિકાસયાત્રા આજે તેજ ગતિથી આગળ વધી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે 'વિમેન ફોર ટ્રીઝ કેમ્પેઇન' અંતર્ગત સ્વ-સહાય જૂથ સાથે સંકળાયેલી ૭૦૦૦થી વધુ મહિલાઓ અંદાજિત દોઢ લાખથી વધુ વૃક્ષો વાવીને તેના જતનમાં સહભાગી થશે.ધોળકા નગરપાલિકાના પ્રમુખ શ્રી અશોકભાઈ મકવાણાએ સ્વાગત પ્રવચન કરતા સૌને આવકાર્યા હતા. તેમણે ધોળકા નગરના ભવ્ય ઐતિહાસિક વારસાનો પરિચય આપતા વિવિધ વિગતો પૂરી પાડી હતી અને ધોળકા આસપાસ આવેલા પૌરાણિક અને ઐતિહાસિક મહત્વ ધરાવતા સ્થળોનો ઉલ્લેખ કર્યો હતો. 'વિમેન ફોર ટ્રીઝ કેમ્પેઈન' ગ્રીન ગુજરાતના મિશનને સાકાર કરવાની દિશામાં મહત્વનું સાબિત થશે એમ તેમણે જણાવ્યું હતું. 'વિમેન ફોર ટ્રીઝ કેમ્પેઈન'ના શુભારંભ પ્રસંગે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સચિવશ્રી(હાઉસિંગ) ધર્મેન્દ્રસિંહ જાડેજા, ગુજરાત શહેરી આજીવિકા મિશનના મિશન ડાયરેક્ટરશ્રી સંગીતા રૈયાણી, અમદાવાદ ઝોન નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશનરશ્રી ડૉ. પ્રશાંત જિલોવા, ધોળકા પ્રાંત અધિકારીશ્રી હિતેશ જોશી, ધોળકા નગરપાલિકાના હોદ્દેદારો અને ધોળકા નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રી પ્રાર્થનાબા રાઠોડ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી કિંજલબેન જોશી તથા સામાજિક અને રાજકીય અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. અને ધોળકા આસપાસ આવેલા પૌરાણિક અને ઐતિહાસિક મહત્વ ધરાવતા સ્થળોનો ઉલ્લેખ કર્યો હતો. 'વિમેન ફોર ટ્રીઝ કેમ્પેઈન' ગ્રીન ગુજરાતના મિશનને સાકાર કરવાની દિશામાં મહત્વનું સાબિત થશે એમ તેમણે જણાવ્યું હતું. 'વિમેન ફોર ટ્રીઝ કેમ્પેઈન'ના શુભારંભ પ્રસંગે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સચિવશ્રી(હાઉસિંગ) ધર્મેન્દ્રસિંહ જાડેજા, ગુજરાત શહેરી આજીવિકા મિશનના મિશન ડાયરેક્ટરશ્રી સંગીતા રૈયાણી, અમદાવાદ ઝોન નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશનરશ્રી ડૉ. પ્રશાંત જિલોવા, ધોળકા પ્રાંત અધિકારીશ્રી હિતેશ જોશી, ધોળકા નગરપાલિકાના હોદ્દેદારો અને ધોળકા નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રી પ્રાર્થનાબા રાઠોડ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી કિંજલબેન જોશી તથા સામાજિક અને રાજકીય અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.



## BCCIએ મહિલા ક્રિકેટરોની ડોમેસ્ટિક મેચ ફી વધારી

# એક ફર્સ્ટ-ક્લાસ અને વન-ડે માટે 50 હજાર મળશે, જુનિયર ખેલાડીઓની ફી પણ બમણી થઇ

**મુંબઈ, તા. 23**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ મહિલા ક્રિકેટરોની ડોમેસ્ટિક મેચ ફી વધારવાનો નિર્ણય લીધો છે. ક્રિકબઝના રિપોર્ટ અનુસાર, મહિલા ખેલાડીઓને ફર્સ્ટ ક્લાસ અને વન-ડેમાં પ્રતિ દિવસ 50 હજાર રૂપિયાની મેચ ફી આપવામાં આવશે. જ્યારે, એક T20 રમવા પર 25 હજાર રૂપિયા આપવામાં આવશે. BCCI આંતરરાષ્ટ્રીય મેમ માટે મહિલા ખેલાડીઓની ફી પહેલાથી જ પુરુષોની બરાબર કરી ચૂક્યું છે. ડોમેસ્ટિક ક્રિકેટમાં પુરુષ ક્રિકેટરોની બરાબર ફી મળશે BCCI એ 22 ડિસેમ્બરે ઓનલાઈન મિટિંગ કરી, જેમાં મહિલા ખેલાડીઓની ફી વધારવા પર નિર્ણય લેવામાં આવ્યો. હવે ડોમેસ્ટિક ક્રિકેટમાં મહિલા અને પુરુષ ખેલાડીઓને એક સમાન મેચ ફી આપવામાં આવશે. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં પ્લેઈંગ-11નો ભાગ રહેનારી ખેલાડીઓને પ્રતિ દિવસ 50 હજાર રૂપિયા મળશે, જ્યારે પ્લેઈંગ-11ની બહાર રહેનારી ખેલાડીઓને 25 હજાર રૂપિયા આપવામાં આવશે. વન-ડેમાં એક મેચના 50 હજાર રૂપિયા મળશે. આમાં પણ પ્લેઈંગ-11ની બહાર રહેનારી સ્ક્વોડની અન્ય ખેલાડીઓને 25 હજાર રૂપિયા મળશે. T20માં પ્લેઈંગ-11માં સામેલ ખેલાડીઓને 25 હજાર રૂપિયા આપવામાં આવશે, જ્યારે બેન્ચ પર બેસનારી ખેલાડીઓને 12,500 રૂપિયા મળશે. આ પહેલા T20, વન-ડે અને ફર્સ્ટ ક્લાસમાં એક મેચની પ્લેઈંગ-11નો ભાગ બનવા પર મહિલા ખેલાડીઓને 20 હજાર રૂપિયા જ મળતા હતા. જ્યારે બેન્ચ પર બેસનારી ખેલાડીઓને 10 હજાર રૂપિયા આપવામાં આવતા હતા. વન-ડે અને ફર્સ્ટ ક્લાસમાં એક મેચ માટે હવે 50 હજાર રૂપિયા મળશે. જુનિયર ક્રિકેટરોની ફી પણ વધારી સ્ટેટ અને ઝોનલ ટીમમાંથી રમતી જુનિયર પ્લેયર્સની મેચ ફી પણ વધારી દેવામાં આવી છે. હવે વનડે અને ફર્સ્ટ ક્લાસ મેચમાં પ્લેઈંગ-11નો ભાગ રહેવા પર 25 હજાર અને બેન્ચ પર બેસતી પ્લેયર્સને 12,500 રૂપિયા મળશે. જ્યારે, T20 મેચ માટે પ્લેઈંગ-11માં સામેલ પ્લેયર્સને 12,500 અને એક્સ્ટ્રા પ્લેયર્સને 6,250 રૂપિયા આપવામાં આવશે. એક સીઝન રમવા પર 2 લાખ રૂપિયા મળતા હતા BCCIએ જણાવ્યું કે પહેલા સિનિયર મહિલા ખેલાડીને એક ડોમેસ્ટિક સીઝનમાં લીગ સ્ટેજ રમવા પર 2 લાખ રૂપિયા મળતા હતા. જ્યારે, હવે 4 વન-ડે રમવા પર જ ખેલાડીઓ 2 લાખ રૂપિયા કમાઈ લેશે. એક સિઝન રમવા પર હવે ખેલાડીઓને 5 થી 7 લાખ રૂપિયા મળશે. મેચની સંખ્યા વધવા પર ખેલાડીઓની કમાણી પણ વધી જશે. મહિલા ખેલાડીઓ હવે એક ડોમેસ્ટિક સીઝન રમવા પર 5 થી 7 લાખ રૂપિયા સુધી કમાઈ શકશે. અમ્પાયરોની ફી પણ વધારી BCCIએ મહિલા ક્રિકેટરોની સાથે મેચ રેફરી અને અમ્પાયરોની ફી વધારવાનો નિર્ણય પણ કરી લીધો છે. અમ્પાયરોને હવે લીગ સ્ટેજમાં એક દિવસની અમ્પાયરિંગ માટે 40 હજાર રૂપિયા મળશે. જ્યારે, નોકઆઉટ મેચમાં આ ફી વધીને 50 થી 60 હજાર રૂપિયા સુધી પહોંચી જશે. દેશના 79 મેચ રેફરીની ફી અમ્પાયરોની બરાબર જ રહેશે. જ્યારે બેન્ચ પર બેસનારી ખેલાડીઓને 10 હજાર રૂપિયા આપવામાં આવતા હતા. વન-ડે અને ફર્સ્ટ ક્લાસમાં એક મેચ માટે હવે 50 હજાર રૂપિયા મળશે. જુનિયર ક્રિકેટરોની ફી પણ વધારી સ્ટેટ અને ઝોનલ ટીમમાંથી રમતી જુનિયર પ્લેયર્સની મેચ ફી પણ વધારી દેવામાં આવી છે. હવે વનડે અને ફર્સ્ટ ક્લાસ મેચમાં પ્લેઈંગ-11નો ભાગ રહેવા પર 25 હજાર અને બેન્ચ પર બેસતી પ્લેયર્સને 12,500 રૂપિયા મળશે. જ્યારે, T20 મેચ માટે પ્લેઈંગ-11માં સામેલ પ્લેયર્સને 12,500 અને એક્સ્ટ્રા પ્લેયર્સને 6,250 રૂપિયા આપવામાં આવશે. એક સીઝન રમવા પર 2 લાખ રૂપિયા મળતા હતા BCCIએ જણાવ્યું કે પહેલા સિનિયર મહિલા ખેલાડીને એક ડોમેસ્ટિક સીઝનમાં લીગ સ્ટેજ રમવા પર 2 લાખ રૂપિયા મળતા હતા. જ્યારે, હવે 4 વન-ડે રમવા પર જ ખેલાડીઓ 2 લાખ રૂપિયા કમાઈ લેશે. એક સિઝન રમવા પર હવે ખેલાડીઓને 5 થી 7 લાખ રૂપિયા મળશે. મેચની સંખ્યા વધવા પર ખેલાડીઓની કમાણી પણ વધી જશે. મહિલા ખેલાડીઓ હવે એક ડોમેસ્ટિક સીઝન રમવા પર 5 થી 7 લાખ રૂપિયા સુધી કમાઈ શકશે. અમ્પાયરોની ફી પણ વધારી BCCIએ મહિલા ક્રિકેટરોની સાથે મેચ રેફરી અને અમ્પાયરોની ફી વધારવાનો નિર્ણય પણ કરી લીધો છે. અમ્પાયરોને હવે લીગ સ્ટેજમાં એક દિવસની અમ્પાયરિંગ માટે 40 હજાર રૂપિયા મળશે. જ્યારે, નોકઆઉટ મેચમાં આ ફી વધીને 50 થી 60 હજાર રૂપિયા સુધી પહોંચી જશે. દેશના 79 મેચ રેફરીની ફી અમ્પાયરોની બરાબર જ રહેશે.

# ચોથી એશિઝ ટેસ્ટ માટે ઓસ્ટ્રેલિયન ટીમની જાહેરાત



**મુંબઈ, તા. 23**

ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે એશિઝ સિરીઝની ચોથી ટેસ્ટ મેચ મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (MCG)માં રમાશે. આ મુકાબલો 26 ડિસેમ્બરથી શરૂ થશે. આ માટે ઓસ્ટ્રેલિયાએ પોતાની ટીમની જાહેરાત કરી દીધી છે. સિરીઝમાં ઓસ્ટ્રેલિયાની ટીમ હાલમાં 3-0 થી આગળ છે. ટીમને આ ટેસ્ટ પહેલા બે મોટા ઝટકા લાગ્યા છે. કેપ્ટન પેટ કમિન્સ ત્રીજી ટેસ્ટ રમ્યા બાદ ઈજાને કારણે સિરીઝમાંથી બહાર થઈ ગયા છે. તેમની ગેરહાજરીમાં સ્ટીવ સ્મિથ ફરી એકવાર ટીમની કેપ્ટનશિપ સંભાળશે. જ્યારે અનુભવી સ્પિનર નાથન લાયન પણ ઈજાને કારણે બહાર થઈ ગયો છે અને તેની સર્જરી થઈ ચૂકી છે. ટોડ મર્ફીને તક એડિલેડ ટેસ્ટ દરમિયાન ફિલ્ડિંગ કરતી વખતે લાયનની હેમસ્ટ્રિંગ ફાટી ગઈ હતી, ત્યારબાદ તેની સર્જરી થઈ છે. કોચ એન્ડ્રુ મેકડોનાલ્ડે કહ્યું કે, લાયનને રિકવરીમાં સમય લાગી શકે છે. લાયનની જગ્યાએ ટોડ મર્ફીને 15 સભ્યોની ટીમમાં સામેલ કર્યો છે. જો મર્ફી રમશે તો 14 વર્ષમાં પહેલીવાર એવું બનશે કે ઓસ્ટ્રેલિયા ઘરઆંગણે ટેસ્ટમાં લાયન સિવાય કોઈ એક સ્પેશિયાલિસ્ટ સ્પિનરને ઉતારશે. જોકે, કોચે એ પણ સ્પષ્ટ કર્યું કે MCGમાં ચાર ઝડપી બોલરો સાથે ઉતરી શકે છે. નાથન લાયનને એડિલેડ ટેસ્ટ દરમિયાન ફિલ્ડિંગ કરતી વખતે ઈજા થઈ હતી, જેના પછી તેની સર્જરી થઈ છે. કમિન્સ બાકીની સિરીઝમાંથી બહાર ઝડપી બોલિંગમાં પણ ફેરફારો શક્ય છે. કેપ્ટન પેટ કમિન્સ પીઠની ઈજાને કારણે બાકીની સિરીઝમાંથી બહાર થઈ ગયો છે. આવા સંજોગોમાં ઝાય રિચાર્ડસન લગભગ ચાર વર્ષ પછી ટેસ્ટમાં વાપસી કરી શકે છે. જ્યારે મિચેલ સ્ટાર્ક અને સ્કોટ બોલેન્ડ ફિટ છે અને રમવા માટે ઉપલબ્ધ છે. બેટિંગ ઓર્ડરમાં ફેરફાર શક્ય સ્ટીવ સ્મિથની વાપસી થઈ ગઈ છે અને તે ફરીથી આગેવાની કરશે. સ્મિથના નંબર-4 પર પાછા ફરવાથી મિડલ ઓર્ડરમાં ફેરફાર થઈ શકે છે. કોચ મેકડોનાલ્ડે કહ્યું કે તેને ઓપનિંગમાં ટ્રેવિસ હેડ અને જેક વેદરાલ્ડની જોડી પસંદ છે. ઉસ્માન ખ્વાજાના વખાણ કરતા કોચે કહ્યું કે તે નંબર-5 પર પણ રમી શકે છે. જ્યારે એલેક્સ કેરીને નંબર-6 પર જાળવી રાખવાના સંકેત આપ્યા છે.

### ગ્યોકેરેસની રનિંગ સૌથી મોટી તાકાત ગ્યોકેરેસની સૌથી મોટી તાકાત તેમની સતત અને ઝડપી રનિંગ છે

# સ્ટ્રાઈકર ગ્યોકેરેસનો આર્સેનલના શાનદાર ફોર્મ પર વિશ્વાસ

### ગ્યોકેરેસના મતે, આર્ટેટાની જીતવાની ભૂખ અને ઊર્જા ખેલાડીઓને પ્રેરિત કરે છે, જેની અસર તાલીમ અને મેચ બંનેમાં સ્પષ્ટપણે દેખાય છે.

**મુંબઈ, તા. 23**

આર્સેનલના સ્ટ્રાઈકર વિક્ટર ગ્યોકેરેસે ટીમના શાનદાર ફોર્મ અને ખિતાબની આશાઓ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે ટીમનું વાતાવરણ ખૂબ જ સકારાત્મક છે અને બધા ખેલાડીઓ એકબીજા સાથે વધુ સારું પ્રદર્શન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. જિયોસ્ટાર સાથે વાત કરતા આર્સેનલના ખેલાડી વિક્ટર ગ્યોકેરેસે કહ્યું, ટીમની અંદરનું વાતાવરણ ખૂબ જ સારું છે. ટ્રેનિંગ ગ્રાઉન્ડ પર બધામાં સકારાત્મક ઊર્જા રહે છે. અમારું ધ્યાન હાલમાં દરેક આવનારી મેચ જીતવા પર છે. અમે સીઝનના અંતના પરિણામો પર વધુ ધ્યાન આપી રહ્યા નથી. કોચ આર્ટેટાના વખાણ ગ્યોકેરેસે કોચ મિકેલ આર્ટેટાના પણ વખાણ કર્યા. તેમણે કહ્યું કે, આર્ટેટા ખેલાડીઓની વિચારસરણી અને સ્વભાવને સારી રીતે સમજે છે અને તે મુજબ તેમની પાસેથી કામ લે છે. ગ્યોકેરેસના મતે, આર્ટેટાની જીતવાની ભૂખ અને ઊર્જા ખેલાડીઓને પ્રેરિત કરે છે, જેની અસર તાલીમ અને મેચ બંનેમાં સ્પષ્ટપણે દેખાય છે. મારું ધ્યાન ટીમની મદદ કરવા પર છે પોતાની રનિંગ અને આર્સેનલના એટેકમાં આવેલા બદલાવ અંગે ગ્યોકેરેસે કહ્યું કે, તેઓ માત્ર ટીમ માટે યોગ્ય નિર્ણયો લેવા પર ધ્યાન આપે છે. તેમણે કહ્યું કે, બહારથી જોતા વસ્તુઓ અલગ લાગી શકે છે, પરંતુ મારું ધ્યાન એ જ રહે છે કે હું ટીમની મદદ કરું અને પોતાને વધુ સારો બનાવતો રહું. આર્સેનલે આ સિઝનમાં શાનદાર શરૂઆત કરી છે અને ટીમ ફરી એકવાર પ્રીમિયર લીગ ખિતાબની મજબૂત દાવેદાર માનવામાં આવી રહી છે. ગ્યોકેરેસની રનિંગ સૌથી મોટી તાકાત ગ્યોકેરેસની સૌથી મોટી તાકાત તેમની સતત અને ઝડપી રનિંગ છે. તેઓ આખી મેચમાં ડિફેન્સ પર દબાણ જાળવી રાખે છે. બોલ વગર તેમની મૂવમેન્ટથી વિરોધી ડિફેન્ડર્સ પોતાની પોઝિશન છોડે છે, જેનાથી આર્સેનલના બાકીના ખેલાડીઓને જગ્યા મળે છે. તેમની આ જ હાઈ-ઈન્ટેન્સિટી રનિંગ આર્સેનલના પ્રેસિંગ ગેમને મજબૂત બનાવે છે.



# KBCના સેટ પર અનન્યા પાંડે રડી પડી



**મુંબઈ, તા. 23**

તાજેતરમાં અનન્યા પાંડે કો-સ્ટાર કાર્તિક આર્યન સાથે કૌન બનેગા કરોડપતિ શોમાં સામેલ થઈ હતી. અહીં બંને તેમની આગામી ફિલ્મ 'તૂ મેરી મૈં તેરા, મૈં તેરા તૂ મેરી'ને પ્રમોટ કરવા પહોંચ્યાં હતાં. એપિસોડ દરમિયાન હોસ્ટ અમિતાભ બચ્ચને અનન્યાની છેલ્લી ફિલ્મ 'કેસરી ચેપ્ટર 2' માં તેના અભિનયની ખૂબ પ્રશંસા કરી, જેનાથી અનન્યા ભાવુક થઈ ગઈ. અનન્યાએ આ ક્લિપને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર શેર કરતા લખ્યું- 'કોઈપણ એક્ટરના જીવનની સૌથી મોટી ક્ષણ. અમિત જી, હું તમારા શબ્દોને હંમેશા યાદ રાખીશ.' અમિતાભે અનન્યાના વખાણ કરતા કહ્યું- 'આમની એક ફિલ્મ હતી 'કેસરી ચેપ્ટર 2', જેમાં તેમણે કામ કર્યું હતું. તેમાં ઘણા મોટા કલાકારો છે અને બધાંએ ખૂબ સારું કામ કર્યું.' 'તેમના માટે હું 'કેસરી ચેપ્ટર 2' વિશે કહીશ કે આટલા મોટા કલાકારો સાથે રહીને પણ અનન્યાએ ખૂબ જ સુંદર રીતે પોતાનો રોલ ભજવ્યો.' બિગ બી આગળ કહે છે, 'આમને વધારે બોલવાનું નહોતું. પરંતુ તેમણે પોતાની આંખો અને લુકથી બધું જ સારી રીતે વ્યક્ત કર્યું.' 'એ શું છે ને કે, આપણે બધાં એક જ પ્રોફેશનમાં છીએ અને આપણને 3 મહિના પહેલાં જ ખબર પડી જાય છે કે આપણો રોલ શું છે. આપણો ડાયલોગ શું છે.' 'પરંતુ જ્યારે શૂટિંગ થઈ રહ્યું હોય, ત્યારે ઓડિયન્સને લાગવું જોઈએ કે આ અવસર આપણી સાથે પહેલી વાર બન્યો છે અને આપણે પહેલી વાર બોલવા જઈ રહ્યા છીએ. ત્યાં કલાકારની ખૂબી ખબર પડે છે. તે ફીલિંગ મેં તમારામાં જોઈ.' અમિતાભ બચ્ચન પાસેથી પોતાની એક્ટિંગના વખાણ સાંભળીને અનન્યા ભાવુક થઈ ગઈ. તે સ્મિત સાથે પોતાના આંસુ છુપાવવાનો પ્રયાસ કરે છે. પછી તે બિગ બીનો આભાર પણ માને છે. નોંધનીય છે કે, 'કેસરી ચેપ્ટર 2' રઘુ પ્લાટ અને પુષ્પા પ્લાટની નોવેલ 'ધ કેસ ધેટ શૂક ધ એમ્પાયર' પર આધારિત હતી. ફિલ્મમાં અક્ષય કુમારે એડવોકેટ સી. શંકરન નાયર અને આર. માધવને એડવોકેટ નેવિલ મેકિન્લેની ભૂમિકા ભજવી હતી. અનન્યા પાંડેએ દિલરીત ગિલનું પાત્ર ભજવ્યું હતું. જ્યારે અનન્યા અને કાર્તિકની આગામી ફિલ્મ 'તૂ મેરી મૈં તેરા, મૈં તેરા તૂ મેરી' 25 ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.

# 'ધુરંધર'ના ગીતમાંથી તમન્ના ભાટિયા રિજેક્ટ થઇ હતી

### કોરિયોગ્રાફર વિજય ગાંગુલીએ સમાચારોને ખોટા ગણાવ્યા, કહ્યું- એક્ટ્રેસનું સ્ટારડમ ગીત કરતાં મોટું છે.



**મુંબઈ, તા. 23**

તાજેતરમાં એવા અહેવાલો આવ્યા હતા કે 'ધુરંધર' ફિલ્મના ગીત 'શરારત' માટે કોરિયોગ્રાફરની પહેલી પસંદ તમન્ના ભાટિયા હતી. પરંતુ ફિલ્મના ડિરેક્ટર આદિત્ય ધરે તમન્નાને રિજેક્ટ કરી દીધી હતી. હવે ગીતના કોરિયોગ્રાફર વિજય ગાંગુલીએ આ અહેવાલોને ખોટા ગણાવ્યા છે. તેણે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર લખ્યું કે- તમન્નાને આ ભૂમિકા માટે ક્યારેય પસંદ કરવામાં આવી ન હતી. તેના મતે, તમન્નાની જબરદસ્ત લોકપ્રિયતા અને સ્ટારડમ તે દ્રશ્યની માંગ કરતાં વધુ પ્રભાવશાળી બની શક્યું હોત. તેથી મેકર્સે બે પર્ફોર્મર્સને પસંદ કરવાનો નિર્ણય કર્યો, જેથી સીનમાં વાર્તાને જ કેન્દ્રમાં રાખી શકાય. તેણે એ પણ જણાવ્યું કે કેવી રીતે શબ્દોને સનસનાટીભર્યા બનાવવા માટે રજૂ કરવામાં આવે છે અને રિજેક્શન જેવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે. તેણે લખ્યું- 'મને સિનેમા અને તેને બનાવવાની પ્રક્રિયા સાથે જોડાયેલી વાતચીત ખૂબ જ ગમે છે. પરંતુ ઘણી વાર મેં પોતાને તેનાથી દૂર રાખ્યા છે, કારણ કે ઘણીવાર શબ્દોને પસંદગીપૂર્વક ઉઠાવીને ખોટા સંદર્ભમાં રજૂ કરવામાં આવે છે અથવા કલાને બદલે હેડલાઈન્સ માટે સનસનાટીભર્યા બનાવી દેવામાં આવે છે.

# 'અડધી રાત્રે બે શખ્સોએ ઘરમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો'

### ઉર્ફી જાવેદે ભયાનક અનુભવ વર્ણવ્યો, કહ્યું- 'અમને ધમકી આપી, પોલીસ સાથે પણ ગેરવર્તન કર્યું'

**મુંબઈ, તા. 23**

સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર ઉર્ફી જાવેદે સોમવારે એક પોસ્ટ શેર કરીને જણાવ્યું હતું કે તે એક ભયાનક ઘટના પછી વહેલી સવારે 5 વાગ્યે પોલીસ સ્ટેશન પહોંચી હતી. તે સમયે ઉર્ફીએ ઘટના સંબંધિત કોઈ માહિતી આપી ન હતી, જોકે હવે તેણે જણાવ્યું છે કે, 22 ડિસેમ્બરે અડધી રાત્રે લગભગ 3:30 વાગ્યે બે વ્યક્તિઓ બળજબરીથી તેના ઘરમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારબાદ તેણે પોલીસ બોલાવી. પરંતુ તે વ્યક્તિઓ મોટા કોન્ટેક્ટ હોવાની ધમકી આપતા પોલીસ સાથે પણ ગેરવર્તન કરવા લાગ્યા. ઉર્ફી જાવેદે 'ઈ-ટાઈમ્સ' સાથેની વાતચીતમાં ઘટના વિશે વાત કરતા કહ્યું, 'લગભગ 10 મિનિટ સુધી કોઈ સતત મારી ડોરબેલ વગાડતું રહ્યું. જ્યારે હું બહાર જોવા ગઈ, ત્યારે એક શખ્સ દરવાજાની બહાર ઊભો હતો અને મને દરવાજો ખોલવા અને અંદર આવવા માટે જીદ કરી રહ્યો હતો, જ્યારે બીજો માણસ ખૂણા પર ઊભો હતો.' આગળ ઉર્ફીએ જણાવ્યું, 'મેં તેને કહ્યું કે આ બકવાસ બંધ કરે અને જતો રહે, પરંતુ તે જવા તૈયાર નહોતો. આખરે જ્યારે મેં તેને પોલીસ બોલાવવાની ચેતવણી આપી, ત્યારે તે ત્યાંથી ગયો. આ લોકોનો દાવો હતો કે તેમના રાજકીય સંબંધો છે અને તેમનો વર્તન એવું હતું જાણે તેઓ કંઈ પણ કરી શકે. અમે પોલીસને બોલાવી, પરંતુ તેમણે અમારી સાથે પણ અને પોલીસ સાથે પણ ગેરવર્તન કર્યું. તેઓ અસભ્ય હતા અને વારંવાર 'નીકળ, નીકળ' કહેતા રહ્યા. તેમણે દરેક વાતનો ઈનકાર કર્યો.' ઉર્ફીએ ડરામણો અનુભવ યાદ કરીને કહ્યું, 'જ્યારે કોઈ રાત્રે 3 વાગ્યે આવીને કોઈ છોકરીને દરવાજો ખોલવાનું કહે અને પછી જવાની ના પાડી દે, ત્યારે તે ખૂબ જ ડરામણું હોય છે. ખાસ કરીને જ્યારે છોકરીઓ એકલી રહેતી હોય, ત્યારે આવી પરિસ્થિતિઓ ખરેખર ભય પેદા કરી શકે છે.'



# સોના-ચાંદીના ભાવે તમામ રેકોર્ડ તોડ્યા : ચાંદી 10 દિવસમાં ₹30,000 મોંઘી થઈ

**નવી દિલ્હી, તા.23**

સોના-ચાંદીના ભાવ આજે (23 ડિસેમ્બર) સતત બીજા દિવસે ઓલટાઈમ હાઈ પર પહોંચી ગયા છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, સોનું 2,191 રૂપિયા વધીને 1,36,133 રૂપિયા પ્રતિ 10 ગ્રામ થયું છે. આ પહેલા સોમવારે તે 1,33,970 રૂપિયા પર હતું.

જ્યારે, 1 કિલો ચાંદીની કિંમત 1,523 રૂપિયા વધીને 2,09,250 રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગઈ છે. આ પહેલા સોમવારે તેની કિંમત 2,07,727/kg હતી. 10 દિવસમાં ચાંદી 30,357 રૂપિયા મોંઘી થઈ છે. 9 ડિસેમ્બરે તેની કિંમત 1,78,893 રૂપિયા પ્રતિ કિલો હતી.

IBJA ના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન સામેલ નથી હોતું. તેથી શહેરોના રેટ્સ તેનાથી અલગ હોય છે. આ રેટ્સનો ઉપયોગ RBI સોવરેન ગોલ્ડ બોન્ડના રેટ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના રેટ નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમત 59,971 રૂપિયા વધી છે. 31 ડિસેમ્બર 2024 ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે હવે 1,36,133 રૂપિયા થઈ ગયું છે.

ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 1,23,233 રૂપિયા વધી ગયો છે. 31 ડિસેમ્બર 2024 ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે હવે 2,09,250 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.

ડોલર નબળો - અમેરિકાના વ્યાજ દર ઘટાડવાથી ડોલર નબળો પડ્યો અને સોનાની હોલ્ડિંગ કોસ્ટ ઓછી થઈ, જેના કારણે લોકો ખરીદવા લાગ્યા.

ભૌગોલિક રાજકીય - રશિયા-યુક્રેન યુદ્ધ અને દુનિયામાં તણાવ વધવાથી રોકાણકારો સોનાને સૌથી સુરક્ષિત રોકાણ માનીને ખરીદી રહ્યા છે.

રિઝર્વ બેંક - ચીન જેવા દેશો પોતાની રિઝર્વ બેંકમાં સોનું ભરી રહ્યા છે, તેઓ વર્ષભરમાં 900 ટનથી વધુ ખરીદી કરી રહ્યા છે, તેથી ભાવ ઉપર જઈ રહ્યા છે.

ઔદ્યોગિક માગ- સોલર, ઈલેક્ટ્રોનિક્સ અને EVમાં ભારે ઉપયોગ, ચાંદી હવે માત્ર જ્વેલરી નથી, પરંતુ એક આવશ્યક કાચો માલ બની ગઈ છે.

ટ્રમ્પનો ટેરિફનો ડર- અમેરિકી કંપનીઓ ચાંદીનો મોટો સ્ટોક જમા કરી રહી છે, વૈશ્વિક પુરવઠામાં ઘટાડાથી કિંમતો વધી.

ઉત્પાદકોની હોડમાં- ઉત્પાદન અટકવાના ડરથી બધા પહેલેથી જ ખરીદી રહ્યા છે, આ જ કારણોસર આવનારા મહિનાઓમાં પણ તેજી જળવાઈ રહેશે.

કેડિયા એડવાઈઝરીના ડિરેક્ટર અજય કેડિયા કહે છે કે ચાંદીની માગમાં હાલ તેજી છે જે આગળ પણ જળવાઈ રહેવાનો અંદાજ છે. આવી સ્થિતિમાં ચાંદી આગામી 1 વર્ષમાં 2.50 લાખ સુધી પહોંચી શકે છે. જ્યારે આ વર્ષના અંત સુધીમાં ચાંદીની કિંમત 2.10 લાખ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી શકે છે.



જ્યારે સોનાની વાત કરીએ તો તેની માગમાં પણ તેજી જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં આવતા વર્ષ સુધીમાં તે 10 ગ્રામ દીઠ 1.50 લાખ રૂપિયાને પાર કરી શકે છે. જ્યારે આ વર્ષના અંત સુધીમાં તેની કિંમત 1.35 લાખ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી શકે છે.

1. પ્રમાણિત સોનું જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે અલગ-અલગ હોય છે.

1. ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ: સોનું એક ભૌતિક વસ્તુ છે, તેથી તેને લઈ જવામાં ખર્ચ થાય છે. મોટાભાગની આયાત પ્લેન દ્વારા થાય છે. પછી સોનાને આંતરિક વિસ્તારો સુધી પહોંચાડવું પડે છે. ટ્રાન્સપોર્ટેશનના ખર્ચમાં ઈંધણ, સુરક્ષા, વાહન, સ્ટાફનો પગાર વગેરેનો સમાવેશ થાય છે.

2. સોનાની ખરીદીની માત્રા: સોનાની માગ શહેર અને રાજ્ય પ્રમાણે અલગ-અલગ હોય છે. સાઉથ ઈન્ડિયામાં ભારતની કુલ સોનાની ખપતનો લગભગ 40% હિસ્સો છે. અહીં વેચાણકર્તાઓ જથ્થાબંધ સોનું ખરીદે છે જેનાથી ભાવ ઓછા થાય છે. જ્યારે ટિયર-2 શહેરોમાં ભાવ વધુ હોય છે. 3. સ્થાનિક જ્વેલરી એસોસિએશન: જેમ કે તમિલનાડુમાં સોનાનો ભાવ જ્વેલર્સ એન્ડ ડાયમંડ ટ્રેડર્સ એસોસિએશન નક્કી કરે છે. તેવી જ રીતે, દેશભરમાં અન્ય ઘણા એસોસિએશનો છે જે ભાવ નક્કી કરે છે.

4. સોનાની ખરીદ કિંમત: આ સૌથી મોટું પરિબળ છે જે વિવિધ શહેરોમાં સોનાના દરોને અસર કરે છે. જે જ્વેલર્સે સ્ટોક સસ્તામાં ખરીદ્યો હોય, તેઓ ઓછા ભાવ વસૂલી શકે છે.

# સેન્સેક્સ 43 પોઈન્ટ ઘટીને 85,525 પર બંધ થયો, નિફ્ટીમાં તેજી રહી, IT, ફાર્મા અને બેંકિંગ શેરોમાં વેચવાલી

**મુંબઈ, તા.23**

શેરબજારમાં આજે એટલે કે 23 ડિસેમ્બરે ઘટાડો જોવા મળ્યો છે. સેન્સેક્સ 100 પોઈન્ટથી વધુ ઘટીને 85,400ના સ્તરે કારોબાર કરી રહ્યો છે. જ્યારે નિફ્ટીમાં પણ લગભગ 30 પોઈન્ટનો ઘટાડો છે. તે 26,150ના સ્તરે કારોબાર કરી રહ્યો છે.

સેન્સેક્સના 30 શેરોમાંથી 19માં તેજી અને 11માં ઘટાડો જોવા મળ્યો છે. IT અને ફાર્મા શેરોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. બેન્કિંગ અને મેટલ શેરોમાં ખરીદી જોવા મળી રહી છે. આ ઉપરાંત આજે બજારમાં KSH ઈન્ટરનેશનલનો IPO લિસ્ટ થશે.




એશિયન બજારોમાં કોરિયાનો કોસ્પી 0.45% ઉપર 4,124 પર અને જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.079% ઉપર 50,442 પર કારોબાર કરી રહ્યો છે.

હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.29% વધીને 25,877 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.34% વધીને 3,930 પર ટ્રેડ કરી રહ્યો છે.

22 ડિસેમ્બરે અમેરિકાનો ડાઉ જોન્સ 0.47% ઉપર 48,362 પર બંધ થયો હતો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટમાં 0.52% અને S&P 500 માં 0.64%ની તેજી જોવા મળી હતી.

22 ડિસેમ્બરે વિદેશી રોકાણકારો (FIIs) એ 457 કરોડના શેર વેચ્યા અને સ્થાનિક રોકાણકારો (DIIs) એ 4,058 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા.

ડિસેમ્બરમાં 22 તારીખ સુધી FIIs એ કુલ 20,314 કરોડના શેર વેચ્યા. આ સમયગાળા દરમિયાન બજારને સંભાળી રહેલા DIIsએ 56,090 કરોડના શેર ખરીદ્યા છે.

નવેમ્બર મહિનામાં FIIsએ કુલ 17,500.31 કરોડના શેર વેચ્યા. જ્યારે, DIIsએ 77,083.78 કરોડની ખરીદી કરી. એટલે કે, બજારને સ્થાનિક રોકાણકારોનો ટેકો છે.

અઠવાડિયાના પહેલા કારોબારી દિવસે સોમવાર 22 જાન્યુઆરીએ શેરબજારમાં તેજી રહી. સેન્સેક્સ 638 પોઈન્ટ વધીને 85,567 પર બંધ થયો છે. નિફ્ટીમાં પણ 206 પોઈન્ટની તેજી રહી, તે 26,172 પર બંધ થયો. આજના કારોબારમાં મેટલ અને આઈટી શેરોમાં સૌથી વધુ ખરીદી રહી. આ ઉપરાંત બેંક અને ફાર્મા શેર પણ વધ્યા.

# સરકારી કંપની BCCL ટૂંક સમયમાં IPO લાવશે : ₹1300 કરોડ એકત્ર કરવાનો પ્લાન, આગામી બે અઠવાડિયામાં ઈશ્યૂ ખુલવાની શક્યતા

**મુંબઈ, તા.23**

શેરબજારમાં આવતા વર્ષની શરૂઆતમાં એક મોટી સરકારી કંપનીની એન્ટ્રી સાથે થઈ શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કોલ ઈન્ડિયાની સહાયક કંપની 'ભારત કોકિંગ કોલ લિમિટેડ' (BCCL) પોતાનો IPO (ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ) લાવવા જઈ રહી છે. આ ઈશ્યૂ આગામી બે અઠવાડિયામાં આવી શકે છે.

BCCL એક મહારત્ન પબ્લિક સેક્ટર કંપની કોલ ઈન્ડિયાની સબસિડિયરી છે. જો આ લિસ્ટિંગ સમયસર થાય, તો તે નવા વર્ષમાં પબ્લિક સેક્ટર તરફથી પહેલો મોટો IPO હશે.

રિપોર્ટ્સ અનુસાર, BCCLના IPOનું કદ લગભગ 1,300 કરોડ હોઈ શકે છે. આ હિસાબે લિસ્ટિંગ પહેલા કંપનીનું વેલ્યુએશન લગભગ 13,000 કરોડ આંકવામાં આવી રહ્યું છે. આ ઈશ્યૂ સંપૂર્ણપણે ઓફર ફોર સેલ (OFS) હશે. તેનો અર્થ એ છે કે કંપની નવા શેર જાહેર નહીં કરે, પરંતુ કોલ ઈન્ડિયા BCCLમાં પોતાની લગભગ 10% હિસ્સેદારી (લગભગ 46.57 કરોડ ઈક્વિટી શેર) વેચશે.




આ ફ્રેશ ઈશ્યૂ ન હોવાથી, IPO માંથી મળેલા તમામ પૈસા BCCL પાસે નહીં, પરંતુ પેરેન્ટ કંપની કોલ ઈન્ડિયા પાસે જશે. આ હિસ્સેદારી વેચાણનો હેતુ માર્કેટ પાર્ટિસિપેશન દ્વારા કંપનીની વેલ્યુનું સાચું આકલન કરવાનો છે.

આ IPO લાવવામાં એક નાની અડચણ છે. BCCL ના બોર્ડમાં 6 ઈન્ડિપેન્ડન્ટ ડિરેક્ટર્સની નિમણૂક થવાની બાકી છે. કંપની પોતાનો ફાઈનલ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (RHP) ત્યારે જ ફાઈલ કરી શકે છે, જ્યારે આ પદો ભરી દેવામાં આવે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, કોલસા મંત્રાલયે આ મામલો કેબિનેટ સેક્રેટરી ટીવી સોમનાથન સમક્ષ રજૂ કર્યો છે અને નિમણૂકો ઝડપી બનાવવાની માગ કરી છે, જેથી લિસ્ટિંગની આગળની પ્રક્રિયા કરી શકાય. સેબીએ ગયા વર્ષે સપ્ટેમ્બરમાં જ BCCLના ડ્રાફ્ટ પેપર્સને મંજૂરી આપી હતી. આ ઈશ્યૂ માટે ICICI સિક્યોરિટીઝ અને IDBI કેપિટલને લીડ મેનેજર બનાવવામાં આવ્યા છે.

ભારત કોકિંગ કોલ લિમિટેડ (BCCL) દેશમાં કોકિંગ કોલનું ઉત્પાદન કરતી સૌથી મહત્વપૂર્ણ કંપનીઓમાંની એક છે. કોકિંગ કોલનો ઉપયોગ મુખ્યત્વે સ્ટીલ બનાવવા માટે કાચા માલ તરીકે થાય છે. આ ઉપરાંત, કંપની નોન-કોકિંગ કોલ અને વોશ્ડ કોલ પણ બનાવે છે, જે પાવર સેક્ટર માટે ઉપયોગી છે.

કંપનીની સ્થાપના 1972માં થઈ હતી. તેની ખાણો મુખ્યત્વે ઝારખંડના ઝરિયા અને પશ્ચિમ બંગાળના રાણીગંજ કોલફિલ્ડ્સમાં આવેલી છે, જે ભારતના સૌથી સમૃદ્ધ કોલસા ક્ષેત્રોમાં ગણાય છે.

BCCL એ છેલ્લા કેટલાક વર્ષોમાં તેના ઉત્પાદનમાં વધારો કર્યો છે. નાણાકીય વર્ષ 2022 માં કંપનીનું કોલસા ઉત્પાદન 30.51 મિલિયન ટન હતું, જે નાણાકીય વર્ષ 2025 માં વધીને 40.50 મિલિયન ટન થયું. એટલે કે, ત્રણ વર્ષમાં લગભગ 33% ની વૃદ્ધિ નોંધાઈ.

નાણાકીય વર્ષ 2025 (માર્ચ સુધી) ના પરિણામો પર નજર કરીએ તો, કંપનીની આવક લગભગ 14,000 કરોડ રહી છે. કંપનીનો નફો 1,240 કરોડ રહ્યો, જ્યારે નેટ વર્થ બે વર્ષ પહેલાના 3,791 કરોડથી વધીને 6,551 કરોડ થઈ ગઈ છે. સૌથી ખાસ વાત એ છે કે કંપની પર કોઈ દેવું નથી.

કોલ ઈન્ડિયા દેશના કુલ કોલસા ઉત્પાદનમાં 80% થી વધુ હિસ્સેદારી ધરાવે છે. BCCL નું લિસ્ટિંગ કોલ ઈન્ડિયાની તે રણનીતિનો એક ભાગ છે, જેના હેઠળ તે તેની પેટાકંપનીઓની વેલ્યુ અનલોક કરવા માંગે છે.

આ સાથે જ કોલ ઈન્ડિયા પોતાના વિસ્તરણ પર પણ કામ કરી રહી છે. કંપની ઓડિશામાં 1,600 મેગાવોટનો પિટહેડ પાવર પ્રોજેક્ટ લગાવી રહી છે, જેનો અંદાજિત ખર્ચ 16,000 કરોડ છે. આ ઉપરાંત, દામોદર વેલી કોર્પોરેશન (DVC) સાથે 50:50ના સંયુક્ત સાહસમાં પણ એક પાવર પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યું છે.

# મોંઘવારી-GDP માપવાની રીત ફેબ્રુઆરીથી બદલાશે : કેન્દ્ર સરકારે શરૂ કરી તૈયારી, હાલ 2011-12ના આધારે આંકડાની ગણતરી થાય છે

**નવી દિલ્હી, તા.23**

કેન્દ્ર સરકાર દેશના અર્થતંત્રને માપવાના માપદંડોમાં મોટો ફેરફાર કરવા જઈ રહી છે. ફેબ્રુઆરી 2026 થી છૂટક મોંઘવારી (CPI) અને દેશના વિકાસ દર એટલે કે GDP ના આંકડા નવી સીરિઝ (નવા આધાર વર્ષ) સાથે જાહેર કરવામાં આવશે. જ્યારે મે 2026 થી ઔદ્યોગિક ઉત્પાદન એટલે કે IIP ના આંકડા પણ નવી શ્રેણીમાં જાહેર થશે.

GDP અને IIP માટે નવું આધાર વર્ષ 2022-23 રહેશે. જ્યારે છૂટક મોંઘવારી માટે આધાર વર્ષ 2024 રહેશે. આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (MoSPI) એ તેની તૈયારી પૂર્ણ કરી લીધી છે. હાલમાં GDP અને છૂટક મોંઘવારીના આંકડા જૂના આધાર વર્ષ 2011-12 મુજબ ગણવામાં આવે છે. જ્યારે વિશ્વના ઘણા દેશોમાં આ દર 5 વર્ષે અપડેટ થાય છે. આધાર વર્ષમાં આ ફેરફારનો મુખ્ય હેતુ ડેટાને વર્તમાન સમયની જરૂરિયાતો અને વપરાશ મુજબ વધુ સચોટ બનાવવાનો છે.



હાલમાં દેશમાં મોંઘવારી અને GDP ની ગણતરી માટે જૂનું આધાર વર્ષ ઉપયોગમાં લેવાઈ રહ્યું છે. લાંબા સમયથી નિષ્ણાતો એવી માગ કરી રહ્યા હતા કે આધાર વર્ષને અપડેટ કરવામાં આવે. કારણ કે છેલ્લા એક દાયકામાં લોકોના ખર્ચ કરવાની રીત અને વસ્તુઓની પ્રાથમિકતા બદલાઈ ગઈ છે. નવી શ્રેણી આવવાથી સરકારી ડેટા દેશની આર્થિક સ્થિતિનું વધુ વાસ્તવિક ચિત્ર રજૂ કરી શકશે. હાલમાં છૂટક મોંઘવારીની ગણતરીમાં ફૂડ આઈટમ્સ એટલે કે ખાદ્યપદાર્થોનો હિસ્સો ઘણો વધારે છે. મંત્રાલયના અધિકારીઓ અનુસાર, નવી શ્રેણીમાં ખાદ્યપદાર્થોના 'વેઈટેજ'ને ઘટાડી શકાય છે. આ એટલા માટે કારણ કે જેમ જેમ લોકોની કમાણી વધે છે, તેઓ ખાવાને બદલે શિક્ષણ, આરોગ્ય અને મનોરંજન જેવી અન્ય સુવિધાઓ પર વધુ ખર્ચ કરવા લાગે છે. નવી શ્રેણીમાં આ આધુનિક જરૂરિયાતોને વધુ મહત્વ આપવામાં આવશે. ઔદ્યોગિક ઉત્પાદન (IIP), જે દેશના મેન્યુફેક્ચરિંગ અને માઈનિંગ સેક્ટરની ગતિ દર્શાવે છે. તેને મે 2026 થી નવી શ્રેણીમાં ખસેડવામાં આવશે. તેમાં એવા નવા ઉત્પાદનોનો સમાવેશ કરવામાં આવશે, જેનું ઉત્પાદન તાજેતરના વર્ષોમાં શરૂ થયું છે. જ્યારે એવા જૂના સામાનને યાદીમાંથી દૂર કરી શકાય છે, જેની હવે બજારમાં માંગ નથી રહી. આંકડા મંત્રાલયના સચિવ સૌરભ ગર્ગે અગાઉ પણ સંકેત આપ્યા હતા કે ડેટામાં સુધારાની પ્રક્રિયા ચાલી રહી છે. ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાંનો એક છે.

આવી સ્થિતિમાં, જૂના માપદંડો પર ડેટા જાહેર કરવાથી ઘણીવાર નીતિ બનાવવામાં મુશ્કેલી આવે છે. નવું બેઝ યર આવવાથી રિઝર્વ બેંક (RBI) ને પણ વ્યાજ દરો પર નિર્ણય લેવામાં સરળતા રહેશે. કારણ કે તેમની પાસે મોંઘવારીનો વધુ સચોટ ડેટા હશે.

સીધા જ તેની સામાન્ય માણસના ખિસ્સા પર અસર થતી નથી, પરંતુ સરકારની યોજનાઓ આ ડેટા પર આધારિત હોય છે. જો મોંઘવારીનો ડેટા સાચો હશે, તો સરકાર કિંમતોને નિયંત્રિત કરવા માટે વધુ સારા પગલાં લઈ શકશે. આ સાથે, GDPના સચોટ આંકડાઓથી વિદેશી રોકાણકારોનો વિશ્વાસ પણ ભારતની અર્થવ્યવસ્થા પર વધે છે.


## પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ

**વિવિધ એન્જિનિયરીંગ કર્યો**

**ઈ-ટેન્ડર સૂચના સં. 43 વર્ષ 2025-26 તારીખ 22/12/2025**

| ક્ર. સં | ઈ - ટેન્ડર નં | કામનું નામ | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | અર્નેસ્ટ મની (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM-RJT-2025-26-E-80R | અસિસ્ટન્ટ ડિવિઝનલ ઈજનેર - રાજકોટના અધિકારક્ષેત્ર હેઠળ આવેલા પુલોની એક વર્ષની અવધિ માટે વાર્ષિક મરમ્મત અને જાળવણી. | 1,02,17,292.82 | 2,01,100.00 |
| 2 | DRM-RJT-2024-25-E-77R | રાજકોટ મંડળ :- (i) ડિવિઝનલ ઈજનેર (વેસ્ટ), રાજકોટના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ સ્થળોએ સાઈડ ડ્રેનોની વ્યવસ્થા કરવી. (ii) અસિસ્ટન્ટ ડિવિઝનલ ઈજનેર (વેસ્ટ), જામનગરના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ સ્થળોએ ફાઉલિંગ માર્ક્સ, કિલોમીટર પિલર્સ તથા ગ્રેડિયન્ટ પિલર્સની સ્થાપના કરવી. | 2,40,18,844.04 | 2,70,100.00 |

**ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 16.01. 2026 ના ૧૫.00 કલાક **કાર્યાલયનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિ.), પશ્ચિમ રેલ્વે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ ગુજરાત-૩૬૦૦૦૧ **વેબસાઈટ વિગતો:** www.ireps.gov.in

RJT 169

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


# 'ભારત ક્યારેય પોતાનો ડેરી સેક્ટર ખોલશે નહીં' : પીયૂષ ગોયલે કહ્યું- અમેરિકા સાથે ટ્રેડ ડીલ એડવાન્સ સ્ટેજમાં, ડેરી-કૃષિ ક્ષેત્રમાં ભારતની કડકાઈ યથાવત

**નવી દિલ્હી, તા.23**

વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલે સોમવારે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે ભારત ક્યારેય પોતાનો ડેરી સેક્ટર ખોલશે નહીં. મીડિયા બ્રીફિંગમાં ભારત-ન્યૂઝીલેન્ડ મુક્ત વેપાર કરાર (FTA)ની વિગતો આપતા તેમણે કહ્યું કે ખેડૂતોના હિતને સર્વોપરી રાખવામાં આવ્યું છે. ગોયલે કહ્યું, અમે ભારત-ન્યૂઝીલેન્ડ વેપાર સોદામાં ચોખા, ઘઉં, ડેરી, સોયા અને અન્ય કૃષિ ઉત્પાદનો જેવા સંવેદનશીલ ક્ષેત્રોને કોઈપણ પ્રકારની બજાર પહોંચ આપી નથી. ખરેખર અમેરિકા ભારતીય બજારમાં ઘણી વખત પોતાના ડેરી ઉત્પાદનો અને આનુવંશિક રીતે સંશોધિત અનાજ વેચવાની માગ કરી ચૂક્યું છે. ગોયલનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકા અને ભારત વેપાર કરાર પર વાતચીત કરી રહ્યા છે. તેમણે કહ્યું કે ભારત અને અમેરિકા વચ્ચે વેપાર સોદા પર વાતચીત અદ્યતન તબક્કામાં છે. અમેરિકા ઈચ્છે છે કે તેના ડેરી પ્રોડક્ટ્સ જેવા કે દૂધ, પનીર, ઘીને ભારતમાં આયાત કરવાની મંજૂરી મળે. ભારત વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ છે અને આ સેક્ટરમાં કરોડો નાના ખેડૂતો રોકાયેલા છે. ભારત સરકારને ડર છે કે જો અમેરિકી ડેરી ઉત્પાદનો ભારતમાં આવશે, તો તે સ્થાનિક ખેડૂતોને ભારે નુકસાન પહોંચાડી શકે છે. આ ઉપરાંત ધાર્મિક ભાવનાઓ પણ જોડાયેલી છે. અમેરિકામાં ગાયોને વધુ સારા પોષણ માટે પ્રાણીઓની હાડકાંમાંથી બનેલા એન્ઝાઈમ (જેમ કે રેનેટ) તેમના ખોરાકમાં ભેળવવામાં આવે છે. ભારત આવી ગાયોના દૂધને 'નોન-વેજ મિલ્ક' એટલે કે માંસાહારી દૂધ માને છે. આ સાથે જ અમેરિકા ઈચ્છે છે કે ઘઉં, ચોખા, સોયાબીન, મકાઈ અને સફરજન, દ્રાક્ષ જેવા ફળોને ભારતના બજારમાં ઓછા ટેક્સ પર વેચી શકાય. તે ઈચ્છે છે કે ભારત આના પર પોતાની આયાત ડ્યુટી ઘટાડે. જ્યારે, ભારત પોતાના ખેડૂતોની સુરક્ષા માટે આના પર ઊંચો ટેરિફ લગાવે છે, જેથી સસ્તી આયાતથી ભારતીય ખેડૂતો પ્રભાવિત ન થાય. આ ઉપરાંત, અમેરિકા GMO પાકને પણ ભારતમાં વેચવાનો પ્રયાસ કરતો રહ્યો છે.




## પશ્ચિમ રેલવે – અમદાવાદ મંડળ

**અમદાવાદ મંડળ પર પાર્કિંગ અને પે એન્ડ યુઝ કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી**

હરાજી કેટલોગ નંબર.: Parking-Pay-25 | હરાજી શરૂ: 02-01-26 ના 12:00:00

| ક્રમાંક નં. | લોટ નંબર/શ્રેણી | વર્ણન | ટ્રિપ્સ / દિવસ | લોટ સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| AA/1 | PnU-ADI-GIMB-TOI-26-25-1 (પે એન્ડ યુઝ - ટોઈલેટ) | ગાંધીધામ રેલવે સ્ટેશન પર નોન-ડીલક્સ પ્રકારના પે એન્ડ યુઝ ટોઈલેટ કોન્ટ્રાક્ટનું સંચાલન અને વ્યવસ્થાપન | 1096 | 02-01-26 12:30:00 |
| BA/1 | PARKING-ADI- ADI-TW-59-25-2 (ટુ વ્હીલર - પાર્કિંગ) | અમદાવાદ રેલવે સ્ટેશનના સરસપુર સાઈડ પર ટુ વ્હીલર્સ માટે કુલ 600 ચોરસ મીટરના પાર્કિંગ પ્લોટ વિસ્તારમાં પાર્કિંગના સંચાલન માટે પાર્કિંગનો કોન્ટ્રાક્ટ | 1096 | 02-01-26 12:40:00 |
| BB/1 | PARKING-ADI-MAN-MX-60-25-1 (પાર્કિંગ-મિશ્ર) | મણિનગર રેલવે સ્ટેશન પર પિલર નં.15 થી પિલર નં.11 વચ્ચે 1660 ચોરસ મીટરના મિશ્ર પાર્કિંગ પ્લોટ માટે ઈ-ઓક્શન. | 1096 | 02-01-26 12:50:00 |
| BB/2 | PARKING-ADI-NRD-MX-32-22-1 (પાર્કિંગ-મિશ્ર) | પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના નરોડા રેલવે સ્ટેશન પર 360 ચોરસ મીટરના પ્લોટમાં પે એન્ડ પાર્કના કામનું વ્યવસ્થાપન. | 1096 | 02-01-26 13:00:00 |

ADI 236

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## કાંકરિયા કાર્નિવલમાં હેડકાઉન્ટ કેમેરાથી ભીડ નિયંત્રણ, 1 લાખથી એન્ટ્રી વધી એટલે ગેટ બંધ

# અમદાવાદમાં દુબઈ જેવો જલસો, આગ-આકાશનો અદ્ભુત નજારો જોવા મળશે




**અમદાવાદ, તા.23**

અમદાવાદીઓ માટે સૌથી જાણીતો અને મનોરંજન માટેનો ઉત્સવ એટલે કાંકરિયા કાર્નિવલ-2025, 25થી 31 ડિસેમ્બર સુધી કાંકરિયા ખાતે યોજાશે. કાર્નિવલ માણવા માટે દર વર્ષે સાત દિવસમાં લાખોની સંખ્યામાં લોકો મુલાકાત લેતા હોય છે. કાંકરિયા પરિસરમાં ભીડ ન થાય અને ભાગદોડથી કોઈ દુર્ઘટના ન થાય એના માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ક્રાઉડ મેનેજમેન્ટ કરવા સૌપ્રથમ વખત ટેકનોલોજીનો ઉપયોગ કરાશે.

આ વર્ષે કાર્નિવલમાં નવીનતમ આયોજનમાં ડ્રોન શો, પેટ ફેશન શો, જગલર શો, લાઈટ એન્ડ સાઉન્ડ શો અને દુબઈમાં યોજાતો પાયરો શો (આગ સાથે ડાન્સ) થશે. અને દુબઈ જેવો જલસો અમદાવાદમાં જોવા મળશે

કાંકરિયાના એન્ટ્રી અને એક્ઝિટ ગેટ પર હેડ કાઉન્ટ કેમેરા લગાવી એની મદદથી કાંકરિયા પરિસરમાં કેટલા લોકોએ પ્રવેશ કર્યો અને કેટલા હાલમાં હાજર છે એનું લાઈવ મોનિટરિંગ પણ કરવામાં આવશે. જો ભીડ 80 હજારથી 1 લાખ આસપાસ થઈ જાય તો તાત્કાલિક ધોરણે ગેટ બંધ કરવા માટેની સૂચના અપાય એ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે.

કાંકરિયા લેકફ્રન્ટના અને ઈ-ગવર્નન્સ વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ, કાંકરિયા કાર્નિવલમાં દર વર્ષે મોટી સંખ્યામાં લોકો આવતા હોય છે. ત્યારે કોઈપણ પ્રકારની ભાગદોડ ન થાય અને ભીડ ન વધે એના માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા ક્રાઉડ મેનેજમેન્ટ સિસ્ટમ ગોઠવવા માટે સૂચના આપવામાં આવી હતી. જે અંતર્ગત કાંકરિયા કાર્નિવલમાં કેટલા લોકો પ્રવેશ કરે છે અને કેટલા લોકો હાજર છે એ અંગે લાઈવ માહિતી મેળવવા હેડ કાઉન્ટ કેમેરા લગાવવામાં આવશે.

કાંકરિયાના સાત એન્ટ્રી અને એક્ઝિટ ગેટ સહિત 34 જગ્યા પર સીસીટીવી કેમેરા લાગશે. જેનાથી કેટલા લોકો દ્વારા પ્રવેશ કરવામાં આવ્યો છે અને હાલમાં કેટલા લોકો હાજર છે એનું લાઈવ ફીડ કાંકરિયા ખાતે ઊભા કરવામાં આવનારા પોલીસ કંટ્રોલરૂમ અને પાલડી કમાન્ડ કંટ્રોલરૂમ સેન્ટરથી મળશે.

કાંકરિયામાં એન્ટ્રી લીધેલા લોકો બહાર નીકળ્યા એની પણ ગણતરી થઈ જશે અને એનાથી કાંકરિયામાં લોકોની અવરજવર પર નજર રહેશે. જો ભીડ વધી જશે તો તાત્કાલિક ધોરણે કાંકરિયાના ગેટ બંધ કરી દેવામાં આવશે અને જ્યારે ભીડ ઓછી થાય, ત્યાર બાદ પ્રવેશ આપવામાં આવશે. દરેક ગેટ પર એના માટે એસ્ટેટ વિભાગની ટીમ પણ મૂકવામાં આવશે. કાંકરિયા પરિસરમાં સુરક્ષાને ધ્યાનમાં રાખીને મ્યુનિસિપલ કોર્પોરેશનના 110 જેટલા સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલા છે, જેનાથી લાઈવ મોનિટરિંગ કરવામાં આવશે. આ ઉપરાંત ડ્રોનથી પણ સર્વેલન્સ કરવામાં આવશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કાંકરિયા લેક ફ્રન્ટ વિભાગ સહિત અલગ અલગ વિભાગો દ્વારા કાંકરિયા ખાતે કાર્નિવલની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. કાંકરિયા પરિસરમાં સાફ-સફાઈ તેમજ 25 ડિસેમ્બરના રોજ સાંજે ઉદ્ઘાટન કાર્યક્રમને લઈને તૈયારીઓ કરવામાં આવી છે. દરેક ગેટ પાસે LED પણ લગાવવામાં આવ્યો છે, જ્યાં બેસીને લોકો કાર્યક્રમ માણી શકશે. કાંકરિયા ખાતે આવેલા વ્યાયામ વિદ્યાલયમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અલગથી એક કંટ્રોલરૂમ ઊભો કરવામાં આવ્યો છે, જ્યાંથી કાંકરિયા કાર્નિવલની તમામ કામગીરી કરવામાં આવશે.

## 2025માં સિગ્નલ ભંગ કરનારા વાહનચાલકોને 13,536 ઈ ચલણ

### રોંગ સાઈડે ચલાવનારા ચાલકોને 66,813 મેમો ફટકાર્યા, વડોદરા ટ્રાફિક પોલીસની કામગીરી



**વડોદરા, તા.23**

વડોદરા શહેરમાં ટ્રાફિક નિયમોનું પાલન કરાવવા શહેર ટ્રાફિક પોલીસ દ્વારા સતત કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. વર્ષ 2025 દરમિયાન સિગ્નલ ભંગ કરનારા વાહનચાલકો વિરુદ્ધ મોટર વ્હીકલ એક્ટ હેઠળ કુલ 13,536 ઈ-ચલણ કરવામાં આવ્યા છે. તેમજ રોંગ સાઈડે જોખમી રીતે વાહન ચલાવનારા ચાલકો સામે મોટર વ્હીકલ એક્ટ મુજબ કુલ 66,813 ઈ-ચલણ ફટકારવામાં આવ્યા છે.

આ ઉપરાંત, અનધિકૃત રીતે પેસેન્જરોની હેરાફેરી કરતા વાહનચાલકો તેમજ આરટીઓની પરવાનગી વગર પેસેન્જર વાહનો ચલાવતા ચાલકો વિરુદ્ધ પણ વડોદરા શહેર ટ્રાફિક શાખા દ્વારા સતત ડ્રાઈવ હાથ ધરવામાં આવી રહી છે. તા. 13 ડિસેમ્બર 2025થી 22 ડિસેમ્બર 2025 સુધીના સમયગાળામાં ટ્રાફિક શાખા (પૂર્વ ઝોન) દ્વારા અનધિકૃત પેસેન્જર હેરાફેરી સામે ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન કુલ 19 વાહનો ડિટેઈન કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે. ગઈકાલે સોમવારે ગેરકાયદેસર પેસેન્જર હેરાફેરી કરતા 7 વાહનો ડિટેઈન કરવામાં આવ્યા હતા અને તેમની સામે કાયદેસર પગલાં લેવાયા છે.

## લૂંટમાં વપરાયેલી સ્કોર્પિયો લઈને જતા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના કર્મીએ વડોદરામાં બે વાહનોને ટક્કર મારી...



**વડોદરા, તા.23**

બગોદરા પાસે થયેલી લૂંટના ગુનાના આરોપીને આવેલી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમને વડોદરામાં કડવો અનુભવ થયો હતો. આરોપીને ઝડપી પાડ્યા બાદ લૂંટમાં વપરાયેલી સ્કોર્પિયો કાર લઈ જતી વખતે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના કર્મચારીઓની કારને અન્ય વાહનોને ટક્કર મારી હતી, જેથી સ્થાનિકોએ ભારે હોબાળો મચાવ્યો હતો. ઘટનાની જાણ થતા ફતેગંજ પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને મામલો થાળે પાડ્યો હતો. થોડા સમય પહેલા અમદાવાદના બગોદરા પંથકમાં લૂંટની ઘટના બની હતી. આ ગુનાનો મુખ્ય આરોપી વડોદરાના ફતેગંજ વિસ્તારમાં છુપાયો હોવાની બાતમી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને મળી હતી. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમ વડોદરા દોડી આવી હતી અને સ્થાનિક ફતેગંજ પોલીસ સ્ટેશનની નજીક આવેલા એક શોરૂમ પાસેથી આરોપીને દબોચી લીધો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરવાની સાથે ગુનામાં વપરાયેલી સ્કોર્પિયો કાર પણ કબજે કરી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના જવાનો કાર લઈ પરત ફરી રહ્યા હતા ત્યારે ડ્રાઈવિંગ કરી રહેલા પોલીસકર્મીએ રાત્રીના સમયે બે વાહનોને ટક્કર મારી હતી. અચાનક થયેલા અકસ્માતને કારણે વાહનચાલકો અને સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. પોલીસ હોવા છતાં બેદરકારીભર્યા ડ્રાઈવિંગને કારણે લોકોએ સ્કોર્પિયો કારને ઘેરી લીધી હતા. કારમાં પોલીસ કર્મીઓનો ઉધડો લીધો હતો.

## ક્રાઈમ બ્રાન્ચે વાહન ચોરીના રીઢા આરોપીને દબોચ્યો : 6 એક્ટિવા જપ્ત કરી

### ચોરી કરેલી એકટીવા 10 હજારથી 32 હજાર રૂપિયા લઈને ગિરવી મૂકતો હતો



**વડોદરા, તા.23**

વડોદરા શહેરમાં વાહન ચોરીના વધતા જતા કિસ્સાઓ વચ્ચે ક્રાઈમ બ્રાન્ચની ટીમે મોટી સફળતા મેળવી છે. નવાયાર્ડ અને ગોરવા વિસ્તારમાંથી રાત્રિના સમયે પાર્ક કરેલી એક્ટિવાની ચોરી કરીને તેને ગિરવી મૂકતા રીઢા આરોપીને ઝડપી પાડ્યો છે અને તેની પાસેથી 6 એક્ટિવા જપ્ત કર્યા છે અને વધુ તપાસ હાથ ધરી છે.


વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમ વાહન ચોરીના ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓની શોધમાં શહેર વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. પેટ્રોલિંગ દરમિયાન મળેલી માહિતીના આધારે ફતેગંજ જિમખાના રોડ પરથી નંબર વગરની શંકાસ્પદ એક્ટિવા સાથે આરોપી આરીફ સાબીર અલાઉદ્દીન દિવાન (ઉંમર 29 વર્ષ, રહે. સાઈનાથનગર, નર્મદા કેનાલની બાજુમાં, કરોડીયા રોડ, વડોદરા, મૂળ ગામ કોયલી, દિવાન ફળીયું, તા. જિ. વડોદરા)ને ઝડપી પાડ્યો હતો.

આરોપી પાસેથી મળી આવેલી હોન્ડા એક્ટિવા સ્કૂટરની માલિકી અંગે કોઈ આધાર-પુરાવા ન મળતાં તેને તપાસ અર્થે જપ્ત કરવામાં આવી હતી. વધુ પૂછપરછમાં આરોપીએ કબૂલ્યું હતું કે, તેણે છેલ્લા પાંચ મહિનામાં વડોદરા શહેરના ગોરવા અને નવાયાર્ડ વિસ્તારમાંથી કુલ 6 એક્ટિવાની ચોરી કરી હતી. તેણે ચોરી કરેલા વાહનોની નંબર પ્લેટ કાઢી નાખી હતી અને તેને પોતાની માલિકીના તરીકે અલગ-અલગ વ્યક્તિઓને ગિરવી મૂકીને પૈસા મેળવ્યા હતા. પોલીસે આ જપ્ત કરેલા વાહનોની તપાસ કરતાં તેમના અંગે ફતેગંજ, ગોરવા, હરણી અને વડોદરા રેલ્વે સ્ટેશન પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુના નોંધાયેલા હોવાનું જણાયું હતું.

આરોપી આરીફને જુગાર રમવાની લત છે અને તેમાં પૈસા હારી જવાથી તેના પર દેવું વધી ગયું હતું, જેથી તેણે ઝડપી પૈસા મેળવવાની લ્હાયમાં છેલ્લા પાંચ મહિનામાં 6 એક્ટિવા સ્કૂટરોની ચોરી કરી હતી. તે રાત્રિના સમયે નવાયાર્ડ, ગોરવા અને હરણી વિસ્તારમાં જઈને મકાનો પાસે પાર્ક કરેલી નવી એક્ટિવા પર નજર રાખતો અને ડુપ્લિકેટ ચાવી વડે તેનું લોક ખોલીને ચોરી કરતો હતો. પછી તેને પોતાની માલિકીના તરીકે અલગ-અલગ વ્યક્તિઓને વિશ્વાસમાં લઈને રૂ. 10 હજારથી 32 હજાર સુધીની રકમ મેળવીને ગિરવી મૂકતો હતો.

આરોપી સામે અગાઉ વડોદરા શહેરના વિવિધ પોલીસ સ્ટેશનોમાં વાહન ચોરીના 5 અને જુગારના 4 મળીને કુલ 9 ગુના નોંધાયેલા છે.

## અમદાવાદ-મુંબઈ એક્સપ્રેસ વે પર ટ્રકે બસને ટક્કર મારી, એકનું મોત:5ને ઈજા



**વડોદરા, તા.23**

અમદાવાદ મુંબઈ એક્સપ્રેસ વે પર રોજબરોજ અકસ્માતની ઘટનાઓ સામે આવતી હોય છે. ગત મોડી રાત્રે રાજસ્થાનથી મુંબઈ જઈ રહેલ લક્ઝરી બસ અને ટ્રક વચ્ચે વાસદ મહીસાગર બ્રિજ પાસે ગમખ્વાર અકસ્માત સર્જાય છે. આ અકસ્માતમાં લક્ઝરી ચાલકનું સ્થળ પરજ મોત નિપજ્યું હતું, જ્યારે અન્ય 5 લોકોને સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અમદાવાથી વડોદરા પાસે વાસદ મહીસાગર બ્રિજ પાસે રાજસ્થાનથી મુંબઈ જઈ રહેલ લક્ઝરી બસ બંધ પડતા સર્વિસ રોડ પર ઉભી હતી તે દરમ્યાન રાત્રિના બે કલાકે અમદાવાદ તરફથી આવી રહેલ ટ્રક અચાનક લક્ઝરીના પાછળના ભાગે જોરદાર ટક્કર મારે છે. આ સમય દરમિયાન લક્ઝરી ચાલક ડ્રાઈવર અને અન્ય લોકો લક્ઝરી આગળ ઊભા હતા અને કામગીરી કરી રહ્યા હતાં. આ ધડાકાભેર ટક્કર બાદ લક્ઝરી બસ આગળ વધીને છ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત બાદ ઈજાગ્રસ્ત લોકો મદદ માટે એક્સપ્રેસ વે ઓથોરિટી અને એમ્બ્યુલન્સની મદદ માગે છે, છતાં એક કલાક સુધી કોઈ પહોંચતું નથી. એક કલાક બાદ એમ્બ્યુલન્સ પહોંચે છે અને ઈજાગ્રસ્તોને વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવે છે. અકસ્માતમાં લક્ઝરી ચાલકનું ઘટના સ્થળે જ મોત નીપજે છે, જ્યારે અન્ય પાંચ લોકોની હાલમાં યાજી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ અકસ્માતને નજરે જોનાર પ્રીત વિલાસ ચૌધરીએ દિવ્યભાસ્કર સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, અમારી લક્ઝરી બસ ખરાબ થતા અમે ત્રીજી લાઈનમાં ઊભા હતા. અમારી ભૂલ એ નથી કે અમે આ જગ્યાએ ઉભા હતા આ અમારી મજબૂરી હતી કારણ કે અમારી બસ ખરાબ થઈ હતી. અકસ્માત બાદ અમે મદદ માગી હતી, પરંતુ એક કલાકથી વધુ સમય સુધી એમ્બ્યુલન્સ આવી નહોતી. શરૂઆતમાં અમે ગાડી બંધ પાડતા તે બાબતે એક્સપ્રેસ વે ઓથોરિટી પાસે મદદ માગી તે પણ મળી નહીં અને બાદમાં અકસ્માત સર્જાયો હતો.

વધુમાં કહ્યું કે, આ ટ્રક ચાલકની કોઈ ભૂલ નથી પરંતુ એક્સપ્રેસવે ઓથોરિટીની ભૂલ છે. ઘટના રાત્રે બે વાગ્યે બને છે અને એમ્બ્યુલન્સ એકથી દોઢ કલાક લેટ આવે છે.

## 100 વર્ષ જૂની લાખાજીરાજ માર્કેટ 1 વાગ્યા સુધી બંધ : પાથરણા વાળાઓને લીધે 1500 વેપારીઓએ ધરણા યોજ્યા



**રાજકોટ, તા.23**

રાજકોટની 100 વર્ષ જૂની લાખાજી રાજ માર્કેટ આજે બપોર 1 વાગ્યા સુધી બંધ રાખી 1500 જેટલા વેપારીઓએ પોતાના વિરોધ નોંધાવ્યો છે. પાથરણા વાળાઓના દબાણના કારણે છેલ્લા પાંચ વર્ષથી વેપારીઓ મુશ્કેલી ભોગવી રહ્યા છે. જેને લઈને આજે સાંગણવા ચોક ખાતે ધરણા પ્રદર્શન કરવામાં આવ્યા હતા. જે બાદ વેપારીઓ મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરવા પહોંચ્યા હતા. જો આ પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો એક અઠવાડિયા સુધી માર્કેટ બંધ રહેશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

રાજકોટના લાખાજીરાજ રોડ મર્ચન્ટ એસોસિએશનના પ્રમુખ મહેશ મહેતાએ જણાવ્યું હતું કે, અહીં લાખાજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ અને સાંગણવા ચોક સહિતના વિસ્તારોમાં 1500 જેટલા વેપારીઓ આવેલા છે. જોકે અહીં છેલ્લા પાંચ વર્ષથી વધુ સમયથી પાથરાણા વાળાઓના દબાણના કારણે વેપારીઓ વેપાર કરી શકતા નથી. આ બાબતે અગાઉ અનેક વખત મહાનગરપાલિકા અને પોલીસમાં રજૂઆત કરવી હોવા છતાં પણ આ પ્રશ્ન દૂર થતો નથી.

તેમણે જણાવ્યું કે, અહીં કરિયાણાથી લઈને કાપડ, કપડા અને શૂઝ સહિતની દુકાનમાં આવેલી છે. લોકોને ઘર વપરાશની કોઈપણ ચીજ વસ્તુઓ જોઈતી હોય તો તે અહીંથી મળી જાય છે. 100 વર્ષ જૂની આ ઐતિહાસિક માર્કેટ છે, જોકે અહીં છેલ્લા ઘણા સમયથી પાથરણાવાળાઓના દબાણના કારણે વેપાર થઈ શકતો નથી. રવિવારે તો એવી પરિસ્થિતિ હોય છે કે વેપારીને પોતાની દુકાનમાં અંદર જવું હોય તો પણ જઈ શકતા નથી. જેથી આ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ આવે એવી અમારી માંગણી છે.

આજે અમે બપોરે 1 વાગ્યા સુધી દુકાનો બંધ રાખીને અમારો વિરોધ નોંધાવ્યો છે. આ સાથે જ અમે ધરણા પણ કર્યા છે જે બાદ મ્યુનિસિપલ કમિશનરને આવેદન આપવામાં આવશે અને ત્યારબાદ પણ જો પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો તમે એક અઠવાડિયું માર્કેટ બંધ રાખવી પડશે તો તેના માટે પણ તૈયાર છીએ.

## રાજકોટના નવા રીંગરોડ પર નિર્માણાધીન બ્રિજનો સ્લેબ બેસી ગયો : કોન્ટ્રાક્ટ દ્વારા સ્લેબ તોડી કાટમાળ દૂર કરાયો



**રાજકોટ, તા.23**

રાજકોટ શહેરના નવા 150 ફૂટ રિંગરોડ પર ટીલાળા ચોક નજીક નિર્માણાધીન બ્રિજનો સ્લેબ બેસી જતા બ્રિજની કામગીરીની ગુણવતાને લઈ સવાલ ઉઠ્યા છે. સોમવારે બ્રિજનો સ્લેબ બેસી ગયા બાદ કાટમાળ દૂર કરી દેવામાં આવ્યો છે. આ મામલે RUDA (રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી)ના CEOએ જણાવ્યું હતું કે, બ્રિજનો સ્લેબ ભરવાનું કામ ચાલી રહ્યું હતું ત્યારે સ્લેબનો ભાગ બેસી ગયાની જાણ થતા અમારા દ્વારા જ કોન્ટ્રાક્ટરને સ્લેબ તોડી નાખવા સૂચના આપવામાં આવી હતી. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નવા 150 ફૂટ રિંગરોડ પર હાલ ફોરટ્રેકની કામગીરી ચાલી રહી છે. જેમાં ટીલાળા ચોક નજીક એક બેઠાપુલનું કામ ચાલી રહ્યું છે. સોમવારે પુલનો સ્લેબ ભરતી સમયે એક ગાળો બેસી ગયો હતો.બ્રિજને તોડી કાટમાળ દૂર કરવા કામગીરી હાથ ધરવામાં આવી છે. સદનસીબે જાનહાનિ થતા અટકી છે. રાજકોટ રૂડાના CEO જી.વી.મીયાણીએ જણાવ્યું હતું કે, નવા 150 ફૂટ રોડ પર પુલનો સ્લેબ ધરાશાયી થયો છે. તેમાં હકીકત એવી છે કે, ગઈકાલે પૂલનું કામ ચાલુ હતું તે દરમ્યાન સ્લેબ નમી ગયો હતો. સ્થળ પર અમારા એન્જિનિયરે પહોંચી તાત્કાલિક અમને જાણ કરી હતી. જેથી સ્લેબ દૂર કરવા માટે મે સૂચના આપી હતી. જે અનુસંધાને આજે સ્લેબ દૂર કરવામાં આવી રહ્યો છે. કોઈ અઘટિત ઘટના બની નથી. સ્લેબનો ટોટલ વજન અંદાજિત 200 ટનનો હોઈ છે જેનો ટેકો સેટલ થતા સ્લેબ નમ્યો હતો. પૂલ નવો બનાવવા માટે કામ હાલ ચાલુ જ છે અને પુલ પણ બંધ છે. સ્લેબ દૂર કરવામાં લગભગ એક દિવસ જેટલો સમય લાગે છે. સ્લેબ દૂર થઈ જાય પછી ફરી પુલની આગળની કામગીરી શરૂ કરી દેવામાં આવશે. રાજકોટ મનપા દ્વારા રીંગ રોડ-2ને ફોરટ્રેક બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં જામનગર હાઈવેથી સ્માર્ટ સીટી સુધી 26.13 કરોડ, સ્માર્ટ સીટીથી કટારીયા ચોક સુધી 39.67 કરોડ અને કટારીયા ચોકથી કણકોટ સુધીનો રસ્તો 27.50 કરોડના ખર્ચે ડેવલપ કરવા ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

